॥श्री समेतसीखर तीर्थ गाइड॥

લખનાર

લાલભાઇ મગનલાલ શાહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ઝવેરી મણીલાલ છગનલાલ.

ઠે. ડોશીવાડાની પોળ—અમદાવાદ.

(આવૃત્તિ ૧ લી.)

સંવત ૧૯૬૩. સને ૧૯૦૭.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલિ પ્રીંટીંગ પ્રેસમાં પરીખ
દેવીદાસ છગનલાલે છાપ્યું.

કીંમત રૂ. ૦—૨—૦

અર્પણ પત્રિકા.

દઢ ધર્મવાન સુશ્રાવક.

ઝવેરી ચુનીલાલ હુકમચંદ તથા વાડીલાલ હુકમચંદ વીગેરે.

આપે પવિત્ર તીર્થાધિરાજ શ્રી સમેતસીખરજીનો સંઘ કહાડી દ્રવ્યનો સન્માર્ગે ઉપયોગ કરી મોટી નામના મેળવી છે. વળી આપ શાંત અને મીલનસાર સ્વભાવના છો, ધર્મસ્નેહી છો, અને દરેક શુભ કામ કરવામાં આગળ પડતો ભાગ લ્યોછો, એવા ગુણોથી આકર્ષાઈ આ લઘુ પુસ્તક આપ સાહેબોને અર્પણ કરૂં છું તે સ્વીકારશોજી.

લી૦ સેવક

લાલભાઈ મગનલાલ શાહ.

પુષ્પાંજલી.

હરીગીત છંદની ચાલ.

ગુણીયલ આ ગુજરાતમાં, રૂડું રાજનગર શોભતું;
ધંધા અને ઉદ્યોગથી, પરદેશી તણું મન લોભતું. ૧
હાટને હવેલિઓ, બંગલા બગિચા બહુ બન્યા;
ધર્મ, અર્થ, ને કામમાં, વિતના હિસાબો નવ ગણ્યા ૨
વિદ્યા અને સુખ સંપતિ, દેખાય છે સૌ ઠામમાં;
શ્રીમંતને મતિવંતનો, નવ પાર છે આ ધામમાં. ૩
એવા અનુપમ શહેરમાં, ભવિ જીવડા ભારે વસે;
પુન્યનો ભંડાર ભરતા, પાછું ડગલું નવ ખસે. ૪
રત્નના ઉદ્યોત જેવી, રત્નપોળ રળિઆમણી;
જેમાં ઝવેરીવાડ, જ્યાં પ્રકાસતા મુક્તામણી. ૫
દેવના વિમાન જેવાં, જૈન દેવાલય ઘણાં;
કૈલાશ કે અમરપુરીથી, અધિક છે રળિઆમણાં. ૬
એવી ડોશીવાડાની પોળમાંહી, એક વાઘણપોળ છે;
વસે વણિક હુકમચંદનું, કુટુંબ ઝાકમ ઝોળજે. ૭
શ્રી દેવિની શુભ મહેરથી, તે લીલા લહેર કરે ઘણી;

પુત્રના પરિવારથી, શોભા અધિકી રહી બની. ૮
તેહના સુપુત્ર ચુની, લાલ-વાડીલાલ જે;
જે શાંત, દાંત, શુશિળ, પ્રેમી, ધર્મિને પુન્યપાળ છે. ૯
ઉદાર, હિંમતવાનને, નિજ જ્ઞાતિ માંહી સ્થંભ છે;
ઓશવાળ જ્ઞાતિને વળી, ચંદજી પટા ઉપલંભ છે. ૧૦
જાણી ચપળતા વિતની, તેના પરે મમતા તજી;
તેથી વિચાર્યું મનમાં કે, લૈએ હવે પ્રભુજી ભજી. ૧૧
બંગાળમાં છે સમેતશિખર, જ્યાં વિશ જીન મુકતે ગયા;
તે દેશમાં જીનજી તણાં, અવર કલ્યાણુક બહુ થયાં.૧૨
એવી પવિત્ર ભૂમિનું, દર્શન કરવા મન થયું;
પાપનો પરિત્યાગ કરવા, પુન્ય ગ્રહવા ચિત ચહ્યું. ૧૩
૩ ૬ ૯ ૧
લોક કર્મ નિધિ ચંદ્ર માગશિર્ષ, વદ એકમ રવિવારને;
શુભ મહુરતે શુભ શુકન જોઇ,પ્રયાણુ કરીયું તે દિને.૧૪
અગમથી ચેતી કરી, સૌ સંગે તેના પરવર્યા;
કલેશનું નવ નામ જેમાં, સંપથી સઘળે ફર્યા. ૧૫
સંભાળ લેતા સંઘની, બરદાશ બહુ બહુ પરે કરે;
દુઃખિ થતુ કોઇ સંઘમાં તો, સુખ પોતાનું હરે. ૧૬
વિતને ઠીક વાવરી, લ્હાવો લીધો લક્ષ્મિ તણો;
પુન્ય ઉપાર્જ્યું ઘણું ને, જશ જગ લીધો ઘણો. ૧૭

ધન્ય જનુનિ ધન્ય પિતા, ધન્ય છે વળી તેમને;
એમના સુપસાયથી, થઇ જાત્રા સંઘ સમુદાયને. ૧૮
જણુજે જનુનિ પુન્યશાળી, આપ-પરને તારતા;
આપ લેઇ સુજસને વળી, પરને સુજસ આપતા. ૧૯
કાયા અને માયા સૌ, જુદાં છે આ સંસારમાં;
નથી સાર કાંઇ યાર જુઓ, પરીવારના પ્યારમાં. ૨૦
રહેશે આંહીનું આંહી સર્વે, આવે નહી કાંઈ સાથમાં;
જેમ બાથ ભિડતાં ધુમાડાથી, આવે નહી કાંઇ હાથમાં.
એવિ રીતે હે ભવિક જીવો, વિત તિર્થે વાવરો;
કલ્યાણ કરી આ કાયનું, નર જન્મને સફળ કરો. ૨૨
હરિ હર્ષ થાયે આજ મનમ, ઠીક અવસર આવિયો;
પુન્યશાળી નર તણું. ગુણ ગાન કરવા ફાવિઓ. ૨૩

——:૦:——

ઉપોદ્‌ઘાત.

પ્રીય પાઠક ગણ.

આ લઘુ પુસ્તક તારા હસ્તકમળમાં આવતાં, તે શાને માટે રચાયેલું છે તે જાણવાની તને જીજ્ઞાસા થશે, તેનો અંત લાવવા અત્રે બે બોલ કહીશ.

આ પુસ્તકમાં રાજનગરના એક સુપ્રસિદ્ધ **ઝવેરી રતનચંદ કેશરીસંઘનું** કુટુંબ સંઘવી પદનું નામ ધરાવી આશરે પોણુબસો માણસના એક સમુદાય સાથે પવિત્ર તિર્થાધિરાજ શ્રી સમેતસીખરજીની યાત્રા કરી પાછું ફરેલું, તેનો આદીથી અંત સુધીનો ટુંક હેવાલ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. તે યાત્રાની મુસાફરીમાં રસ્તામાં જે જે મુકામો કર્યાં, જે જે શહેરો, નગરો જોયાં, ત્યાં કેટલા કેટલા દેરાસરો છે, ધર્મશાળા વીગેરેની કેવી સગવડ છે, અને કયે કયે ઠેકાણે ટ્રેનો બદલવી પડે છે, શું શું જોવા લાયક છે, તેમજ નગરીઓ ફરવામાં ક્યાંથી અને કેવી રીતે જવું સરળ છે, કીયે કીયે ઠેકાણે કયા કયા ભગવાનોનાં કયા કયા કલ્યાણકો થયાં છે, તેનો સવિસ્તર

હેવાલ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. આધુનીક સમયમાં રેલ્વે વીગેરેની સગવડોથી ઘણા જૈન બંધુઓ આ પવિત્ર તીર્થની ભેટ લેવા જતાં માલુમ પડે છે, તેવાઓને તેઓની મુસાફરી દરમીઆન એક ભોમીઆ રૂપે થઇ પડે તેવા હેતુથી, આવા એક પુસ્તકની જરૂર લાગવાથી તે લખી છપાવવાનો મારો વીચાર થયો, અને તેમાં મારા એક સુભેચ્છક **ઝવેરી મણીલાલ છગનલાલની** મદદ મળવાથી તે અમલમાં મુકાયો છે.

અમારા આ તીર્થાટન દરમીઆન અમો પવિત્ર તિર્થાધિરાજ શ્રી સમેતસીખરજી અને વર્તમાન ચોવીસીના દરેક તીર્થંકરના પાંચ એવી રીતે એકસોવીસ કલ્યાણકોમાં અષ્ટાપદ ઉપર શ્રી રૂષભદેવજીનું એક અને ગીરનાર ઉપરના નેમનાથ ભગવાનના ત્રણ તેમજ ત્રીજા, છઠા, દશમા, ઓગણીસમાં, અને એકવીસમાં જીનનાં વીસ કલ્યાણકો મળી ચોવીસ કલ્યાણકો બાદ કરતાં બાકીના છન્નુ કલ્યાણકોના પગલાં તથા ભુમીઓના દર્શન કરવા અમો ભાગ્યશાળી થયા છીએ. વીસ કલ્યાણકોના તીર્થ હાલ વીચ્છેદ ગયાં છે. ફક્ત ક્ષેત્ર ફરસના છે.

આવા તીર્થની યાત્રા કરવી એકલા માણસનું કામ નથી. પચાસ અથવા તો સો માણસોનો સમુદાય હોય તો રસુજ ઘણી સારી આવે છે. **ઝવેરી રતનચંદ કેશરીસંઘ** વાળાએ આ ઉત્તમ તીર્થનો સંઘ કહાડી લક્ષ્મીનો જે સદ ઉપયોગ કર્યો છે, તેમજ સંઘાળુ વર્ગની યોગ્ય ખાતર બરદાસ રાખવામાં તેમને તન મન અને ધનથી જે શ્રમ ઉઠાવ્યો છે તેમને માટે તેઓને ઘણોજ ધંન્યવાદ ઘટે છે. અને ઇચ્છુંછું જે તેઓ દિર્ધાયુષી થઈ પોતાની લક્ષ્મીનો સદા આવો શુભ ઉપયોગ કરતા રહે.

છેવટ મારા પ્રીય વાંચકોને જણાવવાની રજા લઉંછું. કે પુસ્તક માત્ર લખવાનો મારો આ પ્રથમજ પ્રયાસ છે. માટે તેમાં જે કાંઇ ભુલચુક હોય તે સુધારી વાંચવા તસ્દી લેશો એવી મારી નમ્ર વીનંતી છે એજ.

લી. સેવક.

લાલભાઇ મગનલાલ શાહ.

૧૯-૩૧

શ્રી સમેતશીખર તીર્થ ગાઇડ.

—— :o: ——

રાજનગરથી સીખરજી સુધીની
અમારી પ્રવાસ ભમિકા.

તીર્થ યાત્રા.

હે તીર્થંકર, દેવાધિ દેવ તને નમસ્કાર કરૂંછું.

प्रशमरस निमग्नं, दृष्टि युग्मं प्रसन्नं,
वदन कमल मंकः कामिनी संग शून्यः
करयुगमपि यत्रे शस्त्र संबंध वन्ध्यं,
तदासि जगति देवो, वीतराग स्त्वमेत्र ॥
मोक्ष मार्गस्य नेत्तारं, भेत्तारं कर्म भूभृता,
ज्ञातारं विश्व वस्तूनां, वंदे तदगुण लब्धयो;
नहि त्राता नहि त्राता, नहि त्रोता जगत्रये,
वीतराग समो देवो, न भूतो न भविष्यति ॥

હે તરણ તારણ પ્રભો, અમારી મનઃ કામનાઓ પરિપુર્ણ કરજો. હે જંગમ તીર્થ સમાન આચાર્ય સાધુ મુનિરાજો આપને પણ નમસ્કાર કરૂંછું. કહ્યુંછે કે,–

दर्शनेन जिनेद्राणां, साधूनां वंदनेनच;
नतिष्ठति चिरंपापं, छिद्र हस्ते यथोदकं.

ચતુર્વિધિ સંઘ પ્રત્યે મનઃ વચન કાયાથી નમસ્કાર કરી અમે કાંઇ અમારા પ્રીય વાંચકોને પુસ્તકની શરૂઆતમાં નિવેદન કરવા ધારીએ છીએ તે કાંઇ પણ રીતે અયુક્ત નહિ કહેવાય; બંધુઓ આપણે સર્વ કોઇ એટલું તો અવશ્ય જાણીએ છીએ કે ચોવીશ તિર્થંકરો આ અવસર્પીણી કાળમાં થઇ ગયા છે, અને તેઓ દરેક આ ભારત ભૂમિ ઉપરજ જનમ્યા છે, વિચર્યા છે, અને નિર્વાણ પદ પણ તેજ આપણી ભારતી માતાના ઉત્સંગમાં થીજ પામ્યા છે. આપણી આ આર્ય માતાના સંનિધિમાં લાલનપાલન પામેલા દરેક મનુષ્યો પોતાના આત્માની શુદ્ધિને સારૂ ઘણી એક પ્રકારની તીર્થાદિકની ભક્તિ કરતા હોય એમ શાસ્ત્રો ઉપરથી જણાઇ આવે છે. આપણે (જૈન લોકો) શેત્રુંજય આદિ પર્વતો ઉપર અનેક મુનિઓ સિ-

દ્ધિપદ પામેલા હોવાથી તેને તીર્થનું સ્થાન માનીએ છીએ, ત્યારે બ્રાહ્મણ લોકો કાશી ક્ષેત્રને પરમ પવિત્ર સ્થાન તરીકે ગણે છે. પાદરીઓ પોતાના દેવળમાં પ્રાર્થના કરે છે, કોઈ કબરને પુજે છે, તો કોઈ પોતાના મહાત્માની પ્રતિમા બનાવી તેની પુજા કરે છે. એવી કોઈ પણ વ્યકિત નથી કે જે ઇશ્વરના સ્થાનમાં કોઇ પણ કલ્પિત સંજ્ઞાની પ્રાર્થના ન કરતી હોય.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે મુર્તિની માન્યતા આ ભારતવર્ષમાં ઘણા કાળથી ચાલતી આવેલી છે અને શાસ્ત્રીય પુરાવાને પણ નહિ સ્વીકારનારાને સારૂ પ્રત્યક્ષ પુરાવા પણ મોજુદ છે.

શેત્રુંજય પર્વત ઘણા હજારો વર્ષોથી વિદ્યમાન સૌરાષ્ટ્ર દેશમાં છે. તે સિવાય ગીરનાર, આબુ, તથા સમેત સીખરના પર્વતો ઉપર ખાસ આપણા તીર્થંકર મહારાજે અનેક વખત વિચરીને ત્યાંની ઉત્તમ ભૂમિને પોતાના ચરણારવિંદથી પરમ પવિત્ર બનાવી છે, તેથી તેઓને કલ્યાણકોના નામથી ઓળખવામાં આવે છે. વળી રાજગ્રહી પાવાપુરી, ચંદ્રાવતી, ક્ષત્રીકુંડ, ચંપાપુરી, અને વાણારસી

વીગેરે નગરીઓમાં પણ પ્રથમે વાસુપુજ્યસ્વામી તથા ચરમ તીર્થંકર શ્રી માહાવીરસ્વામી, તથા શ્રી પાર્શ્વનાથસ્વામી હમણાં અઢી હજાર વર્ષ પહેલાં વિચરી ગયા હતા, એથી તે સ્થળોની મુલાકાત લેતાં આબેહુબ તે વખતનો ચીતાર સહેજ વીચાર કરતાં મગજમાં સ્ફુરી નીકળે છે. અનેક પ્રાચીન શીલાલેખો આશરે બે હજાર વર્ષ પુરાણા દ્રષ્ટિગોચર થાય છે, અને સંપ્રતિ વીગેરે રાજાઓએ પ્રતિષ્ટિત કરેલી અનેક પ્રતિમાઓ હજી સુધી જમીનમાંથી પ્રાદુર્ભાવ પામે છે.

આવા પવિત્ર સ્થળોનું વાતાવરણ પ્રાયે:પવિત્ર હોવાથી, ત્યાં જનાર મનુષ્યોના હ્રદયમાં પણ કોઇક અંશે પવિત્રતાનો વાસ થાય છે, અને તે પવિત્રતાની છાપ તેમના જન્મ જન્માંતરમાં કદી ભુસાવા પામતી નથી.

જેના પુન્ય પાંશરાં હોય તેનેજ આવું તિર્થાટન કરવાની સદ્બુદ્ધિ ઉત્પન્ન થાય છે. જે બહુલકર્મી અને અનંતસંસારી હોય છે તેઓ સર્વ સામગ્રી છતાં શ્રદ્ધારહિત હોઇને આવા તીર્થનું નામ સ્વપ્નમાં પણ સંભારી શકતાં નથી. તો ત્યાં જઇ પોતાના આત્માને શીતળતાતો ક્યાંથી જ ઉપજાવી શકે? ખરેખર આવા કુમતિકુટીલ લોકોને

માટે ખેદ જાહેર કરવા જેવો છે. તેઓએ સમજવું જોઇએ કે દ્રવ્ય પુજા શ્રદ્ધા પુર્વક કર્યા વિના કદી ભાવ પુજાની પ્રાપ્તિ થઇ શક્તી નથી. વ્યવહાર માર્ગનું પરિપાલન કરતાં કરતાંજ આખરે નિશ્ચયી માર્ગની સીઢી ઉપર ચઢાય છે. આ પ્રમાણેનો શાસ્ત્ર પરંપરા માર્ગ શાશ્વત રીતે સમુદ્રના મોજાંની માફક વહેતો ચાલ્યો આવે છે, અને તેમાંથી ભિન્ન પ્રવર્તન કરવાથી હજુ કોઇ માણસો સુખી થયા નથી તેમ થવાના પણ નથી.

આ અપાર સંસાર સમુદ્ર તરવાને તીર્થ પણ એક સાધન છે. શાસ્ત્રકારોએ તીર્થ બે પ્રકારના બતાવ્યાં છે. જંગમ અને સ્થાવર. જંગમ તીર્થમાં વિહરમાન, શ્રી તીર્થંકર મહારાજ, ગણધર મહારાજ, અને સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘનો સમાવેશ થાયછે. શ્રી તીર્થંકર ભગવાનની કલ્યાણક ભુમિઓ એટલે જ્યાં આગલ શ્રી તીર્થંકર ભગવાન એક ગતીમાંથી ચવી માતાના ગર્ભાવાસમાં આવ્યા હોય, જે સ્થાનકે ભગવાનનો જન્માભિષેક થયો હોય, જ્યાં આગળ ભગવાને દિક્ષા લેઇ અણગારપણું ધારણ કર્યું હોય, જ્યાં ભગવાનને લોકાલોક પ્રકાશમય એવું શ્રી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હોય, અને જ્યાં ભગવાન નિર્વાણપદને પામ્યા

હોય, તેવા સ્થાનકોને કલ્યાણક ભૂમિઓ કહેવાય છે. અને જ્યાં અનંતા મુનીઓ સિદ્ધિપદને વર્યા છે એવા શ્રી શેત્રુંજ્ય, સમેતસીખર, અને રેવતાચલાદી પર્વતો, અને પૃથ્વી ઉપરના સર્વ જિનાલયો સ્થાવર તીર્થ તરીકે ઓળ· ખાય છે. એવા ઉત્તમ સ્થાનોની ભેટ લઇ દર્શન કરવાં એ સર્વ શુભ કૃત્યોમાં મુખ્ય છે. તીર્થ યાત્રામાં દાનાદિ સર્વ ધર્મનું સેવન થાય છે; અને તેથી સર્વ પ્રકારના પુ· ન્ય વૃદ્ધી પામે છે. તીર્થ યાત્રાથી પાપમય ધંધાનું નિવા· રણ, દ્રવ્યની સફળતા, સંઘની ભક્તિ, સમકિતની શુદ્ધિ, સ્નેહી જનોનું હિત, અને જિન વચનનો આદર થાયછે. દેવ મનુષ્યનો વૈભવ, તીર્થંકર મહારાજની સમૃદ્ધિ, અને મુક્તિની સમીપતા એ વળી તીર્થ યાત્રાના માહા ત્મ્ય છે. ટુંકામાં તીર્થ યાત્રાથી ઘણાં ઘણાં ફાયદા છે, માટે સર્વ ભાઇઓએ તીર્થાટન અવશ્ય કરવું. કારણ, આ સંસાર દુઃખનો ભરેલો છે. તેને પાર પામવાનો તીર્થ યાત્રા એ એક ઉત્તમ ઉપાય છે. કહ્યું છે કે,

जन्म दुःखं जरा दुःखं, मृत्यु दुःखं पुनःपुनः
संसार सागरे दुःखं, तस्मात जागृत जागृतः

જન્મનું દુઃખ, જરાનું દુઃખ, વારંવાર મૃત્યુનું દુઃખ, એવી રીતે આ સંસાર સાગર કેવલ દુઃખમયજ છે. માટે હે ભવી જીવ! હે ચેતન! જાગાજાગ! અને કોઇ આત્મ કલ્યાણ અને ધર્મ સાધન કર! દસ દ્રષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યાવતાર, અને તેમાં પણ દુર્લભ એવો શ્રી અરિહંત ભગવાનનો ભાખેલો શુદ્ધ દયામય ધર્મ પામ્યો, તો તેને ફોકટ ન ગુમાવ. આવી સુંદર અમૃતમયી વાણી મુની મહારાજ દ્વારા સાંભળી કાંઈક આત્મશુદ્ધિ અર્થે તીર્થાટન કરવાનો વીચાર થયો. અને તેથી નહિ નીરખેલા, નહી ગયેલા, પણ શાસ્ત્રકારોએ જેનું ઘણું મહાત્મ બતાવ્યું છે એવા મોક્ષના દ્વારરૂપ શ્રી સમેતસીખર તીર્થ કે જ્યાં આગળ શ્રી રીખવદેવ, વાસુપુજ્ય, નેમનાથ અને મહાવીર સ્વામી સીવાય વર્તમાન ચોવીસીના વીસ તીર્થંકર મહારાજો સત્તાવીસ હજાર ત્રણસો ઓગણપચાસ મુનીઓ સાથે સિદ્ધિપદને વર્યા છે, તેની ભેટ લઇ દર્શન કરવા મન લલચાયું. મારી જન્મભૂમિ રાજનગર (અમદાવાદ) એક જૈનપુરી છે. ત્યાં સંખ્યાબંધ જૈન દેરાસરો છે, અને તેના દર્શન કરવા દેશોદેશના લોક આવે છે; માટે તેને પણ એક તીર્થ તરીકે ગણવું અયુક્ત નહી કહેવાય. તેમ

છતાં, કામધંધાથી ફારકત થઇ, સંસારની અનેક જંજાળથી મુક્ત થઇ, શુદ્ધ બ્રહ્મચર્યવત જેવું ધર્મસાધન સમેતસીખરજી અથવા તો બીજા તીર્થમાં થઇ શકે છે તેવું પોતાની સ્વભૂમિમાં સંસારની ઉપાધી અને ખટપટમાં મુઝાએલા પ્રાણીથી નિશ્ચીંત મનથી થઈ શકતું નથી. માટેજ શાસ્ત્રકારોએ તીર્થાટન કરવાનુ બતાવ્યું છે. આવો વીચાર મારા મનમાં રમી રહ્યો છે એવામાં મારા સાંભળવામાં આવ્યું કે, અમદાવાદથી **ઝવેરી રતનચંદ કેશરીસંઘના** કુંટુંબનું લગભગ પચાસ માણુસ શ્રી **સમેતસીખરજી** યાત્રાએ જાય છે. આથી મારા વીચારને પુષ્ટી મળી, અને મેં પણ જવાને નક્કી કર્યું. આ વખતે અમદાવાદથી બીજું પણ લગભગ સવાસો માણુસ ઓસવાલ, શ્રીમાલી, પોરવાડ વીગેરે ન્યાતીનું યાત્રાએ આવવા તૈયાર થયું, જેમાં ઘણો ભાગ ઓસવાલનો હતો. પ્રયાણ દીવસ સંવત ૧૯૬૩ના માગશર વદ ૧ને રવેઉનો તા. ૨-૧૨-૦૬નો મુકરર કરવામાં આવ્યો, અને સઘળી તૈયારીઓ થઇ રહી. યાત્રાએ જતાં રસ્તામાં કરવાના મુકામો પણ મુકરર કરવામાં આવ્યા, જેમાં પહેલો મુકામ અજમેરનો રાખવામાં આવ્યો. રીવાજ મુજબ ચોવીસ કલાક આગળ સ્ટેશન માસ્તરને ડબા

રીઝર્વ કરવા અરજી આપવામાં આવી. અનુક્રમે માગશર વદ ૧ ને રવેહનો દીવસ આવી પહોંચ્યો. અમારે બપોરે આર. એમ. આર. રેલવેમાં કલાક ૩-૧૦ ની અમદાવાદથી ઉપડતી ટ્રેનમાં જવાનું હતું, એથી સ્ટેશન ઉ. પર માણુસ સવારના અગીઆર વાગ્યાથી આવવા લાગ્યું. યાત્રાએ આવનાર માણુસની સંખ્યા આશરે ૧૭૫ ની હતી. તેમને મળવા આવેલા લગભગ હજાર માણુસોથી સ્ટેશનનો પ્લેટફોર્મ ચીકાર ભરાઇ ગયો હતો, જેનો દેખાવ ઘણો સુંદર થઈ રહ્યો હતો. ખુશાલીના અવાજો થઇ રહ્યા હતા, યાત્રાળુઓના ગળાઓમાં તેમના સગાવહાલાઓ તરફથી પુષ્પ માળાઓ આરોપાઈ રહી હતી, વીદાયગીરીના રૂપીઆથી અને ખુશાલીના અવાજોથી પ્લેટફોર્મ ગાજી રહ્યો હતો, રસ્તામાં સાચવજો, જાતના જતન કરજો, યાત્રા કરતાં સંભારજો, પહોંચ્યાના કાગલ લખજો, એવા અવાજો હરઘડીએ કાન સાથે અથડાતા હતા. એટલામાં વખત થવાથી ગાડી અમારે બેસવાના પ્લેટફોર્મ ઉપર આવી પહોચી. ડબાઓ રીઝર્વડ હોવાથી અમો આરામથી બેઠા. અનુક્રમે વખત થયે કલાક ૩-૧૦ મીનીટે ટ્રેન ઉપડી, અને તેની સાથે અમો પણુ દરેકની સાથે પાર્શ્વનાથની જય બોલાવતા રવાના થયા.

અમારો પ્રવાસ

અજમેર.

માગસર વદ ૨ સોમ તા. ૩—૧૨—૦૬

અમદાવાદથી **અ**જમેરનું ભાડું પેસેન્જર ટ્રેનનું થઈ કલાસનુ ૩ ૭-૩-૦હતું. અમો અમદાવાદથી તા. ૨-૧૨-૦૬ ને રવેઉની બપોરે કલાક ૭—૧૦ ની ટ્રેનમાં નીકળી તા. ૩—૧૨—૦૬ ને સોમની પ્રભાતે કલાક ૭—૭ અત્રે આવી પહોંચ્યા. આગળ મોકલેલા માણુસે કરેલી સગવડ મુજબ અમો સ્ટેશનની સનમુખ આવેલી ગુલાબચંદજી હીરાલાલજીની ધર્મ શાળામાં ઉતર્યા.ધર્મશાળા નાની છે જેમાં દોઢસો માણુસનો સમાવેશ થાય તેમ છે. અમો નાસ્તો કરી પછી શહેરમાં દર્શન કરવા ગયા. શહેરમાં દેરાસરો બે તથા એક ઘર દેરાસર મળી ત્રણ છે.

૧ **સંભવનાથ** ભગવાનનું મોટું દેરાસર જે ઓસવાલના દેરાસર તરીકે ઓળખાય છે. દેરાસર ભવ્ય અને રળી-

ચામણું છે. મુળનાયક શ્રી **સંભવનાથ** તથા એક બાજુ શ્રી **આદીશ્વર ભગવાન અને બીજી બાજુ** શ્રી **પાર્શ્વ-નાથ** છે. દેરાસરમાં જમણી બાજુ બીજા દેરાસરમાં સમેતસીખરજીની રચના ભીંત ઉપર છે, તેમાં શ્રી **પાર્શ્વનાથ** ભગવાનની પ્રતિમા છે, તથા ગોખલામાં **જીનદતસુરી** તથા **જીનકુશલસુરીના પગલાં છે.** દેરાસર-માં નહાવાની સગવડ બરોબર નથી. દેખરેખની ખામી છે.

૨ ગોડી**પાર્શ્વનાથનું**. તેમાં મુળનાયક શ્રી **પાર્શ્વનાથ,** જમણી બાજુ ગભારામાં **ચીંતામણ પાર્શ્વનાથ,** ડાબી બાજુએ **વીમલનાથ,** મેડા ઉપર **ચોમુખજી** તેમાં ચારે પ્રાતિમા શ્રી **માહાવીરસ્વામીની છે.** તેની **જમણી** બા-જુએ શ્રી **મુનીસુવ્રતસ્વામી** તથા ડાબી બાજુએ **શ્રી મંધરસ્વામી** છે, ત્યાં ગોખલામાં શ્રી **ગૌત્તમ સ્વામીના પગલા છે.**

૩ ઘર દેરાસર **શેઠ બુધ્ધકરણજી**મુતાનું, તેમના મકાનમાં ત્રીજે માળે છે, જ્યાં શ્રી **ચંદ્રપ્રભુની સ્ફાટીક રત્નની પ્રતિમા છે. આ પ્રમાણે ત્રણ દેરે દર્શન કરી પુજા સે-**

વા કરી દીગમબરીનું સુંદર દહેરૂં જે મુલચંદ સોનીનું છે તે જોઇ આવ્યા. આ દેરાસરમાં નીચેના ભાગમાં ત્રણ પ્રતિમાજી છે, અને ઉપર મેરૂ પર્વત, અસલની અજોધ્યા નગરી વીગેરાના દેખાવો સોનેરી કામથી કરેલા છે જે ઘણાં જોવા લાયક છે. આ દેખાવ કરનાર કારીગરે પોતાની ઘણી અક્કલ વાપરી છે.

વળી અત્રે ખાંજહાં પીરની દરગાહ, જેમાં કોતર કામ તથા સોનેરી રૂપેરી કામ તથા જરીનું કામ ઠીક જોવામાં આવે છે. આંહી સામસામી બે ડેગો છે, જેમાં એકમાં દોઢસો મણ આશરે અને બીજીમાં સો મણના આશરે ચોખા રંધાય છે. વળી આંહી વૈશ્નવ જનોનું પુષ્કર રાજ નામનું તિર્થ તથા તળાવ છે. શહેર મોટું, આશપાશ ડુંગર વાળું, પાઘડીપને, ફક્ત ચારજ મોટા રાજમાર્ગવાળું ગલીકુંચીથી ભરપુર, ગંદકીવાળું, પત્થરના મકાન વાળું, ઉંચી ઉંચી હવેલીઓ વાળું, નીચે દુકાન અને ઉપર મકાન વાળું. પાણીના નળ પણ ભારે પાણી વાળું, ઉતારૂને માટે ગાડીઓની સગવડ વાળું, ગાડીઓ અવ્યવસ્થિતને બહુ ખરાબ હાલત વાળું છે.

આ શીવાય શહેરમાં તમામ ઘર ધાબા બંધી છે. જોવા લાયક ચીજો મુખ્યે કરી, મેયો કૉલેજ જ્યાં રાજ-

કુમારો અભ્યાસ કરે છે, અને ત્યાં પાસ લઇને જવાય છે. આનાસાગર તળાવ જેની બાંધણી જોવા લાયક છે. અને દોલતબાગ તથા કેસરબાગ વીગેરે જોવા લાયક છે.

અત્રેથી અમદાવાદ વાળા **ઝવેરી રતનચંદ કેશરીસંઘ** વાળાએ **સંઘવી** પદ ધારણ કર્યું, અને બધા જાત્રાળુઓને પુરતી સાર સાંભળથી યાત્રાએ લઈ જવાનું માથે લીધું. સાંજે **ઝવેરી રતનચંદ કેશરીસંઘ**ના નામથી સંઘ જમાડયો, તેમાં સાથે આવેલા બધા ભાઇઓ જમવા પધાર્યા હતા. અત્રેથી અમારો બીજો મુકામ જેપુરનો હોવાથી એક દીવસ રહી. માગસર વદ ૩ તા૦ ૪-૧૨-૦૬ની સવારે કલાક ૭-૨૫ ની ટ્રેનમાં રવાના થયા. અત્રેથી **સંઘવી** તરફથી બધા સંઘાળુઓને બેસવાને રીઝર્વ ડબાની સવડ થવા લાગી, અને બધાં પાસેથી વધારાનો સામાન લઈ સાથે બ્રીકમાં રખાવવાની ગોઠવણ થઈ. જેથી સંઘાળુઓને તેમની મુસાફરીમાં વધારે સગવડ થઈ. આ પ્રમાણે અત્રેથી રવાના થયા.

જેપુર.

તા. ૪—૧૨—૬ માગશર વદ ૩ મંગળ.

અમદાવાદથી આવતી પાસેંન્જર ટ્રેનમાં અજમેરથી સવારે કલાક ૭-૨૫ રવાને થઈ અમો કલાક ૧૧-૫૩ ને અત્રે આવી પહોંચ્યા. અજમેરથી જેપુરનું રેલ્વે ભાડું પેસેન્જરનું થર્ડ કલાસનું રૂ. ૦-૧૪-૦ છે. અત્રે સ્ટેશનથી શહેર બે ગાઉ દુર છે. અમારો ઉતારો સાંગાનેર દરવાજા પાસે નથમલજી ગુલેચ્છાની ધર્મશાળામાં રાખવામાં આવ્યો હતો. આ ધર્મશાળા શહેર બહાર આવેલી છે અને સ્ટેશનથી બે ગાઉ દુર છે, તેમાં ત્રણુસો માણસોનો સમાવેશ થાય એમ છે. ધર્મશાળામાં પાણીની સગવડ માટે નળ છે, અને એક કુંડ છે તેનું પાણી પીવા લાયક નથી. શહેરમાં દેરાસરો મોટા પાંચ તથા બે ઘર દેરાસર છે, અને એક સ્ટેશન ઉપર છે. દેરાસરો શહેરમાં બધા ધીયામંદોમાં નજીક નજીક છે.

૧ **કેશરીઆજીનું** જેમાં મુળનાયક શ્રી આદીશ્વરજીછે. આ દેરાસરથી આગળ એક ઘરદેરાસર છે જેમાં મુળનાયક **શ્રીનેમનાથ** છે. અને તેનાથી આગળ બીજું ઘરદેરાસર

છે તે દાદા મહારાજની ધર્મશાળાના મેડા ઉપર છે, તેમાં ધાતુની બે પ્રતીમા છે.

૨ **રીખવદેવ** ભગવાનનું છે. આ દાદાજીનું કહેવાય છે. મુલનાયક **રીખવદેવજી** છે. આ દેરાસર સારૂં અને જોવા લાયક છે, દેરાસરમાં સોનેરી કામ સારૂં છે.

૩ **સુમતીનાથનું** છે. મુળનાયક **સુમતીનાથ** છે. આ દેરાસર મોટું છે. ડાબી બાજુના ગોખલામાં બહાર પંચપર મેરૂનો પટ ઘણોજ સુંદરછે. જેનો દેખાવ અદભુતને જોવા લાયક છે. ડાબી બાજુના ગભારામાં મુળનાયક આદીશ્વરજી છે. આ દેરાસરમાં થાંભલા તથા ભીંતો ઉપરનું સોનેરી કામ જોવા લાયક છે. નહાવાની સગવડ છે.

૪ **સુપાર્શ્વનાથનું છે.** મુલનાયક શ્રી**સુ**પાર્શ્વનાથ અને જમણી બાંજું ગભારામાં **પાર્શ્વનાથ અને** ડાબી બાજું બહાર ગોખલામાં **મહાવીર** સ્વામીછે, અત્રેનું પણ સોનેરી કામ સારૂં છે.

૫ **શ્રીપાર્શ્વનાથ**-આ દેરાસર સારૂં છે. જમણીબાજુએ પગલાં છે ડાબી બાજુએ શ્રીમહાવીરસ્વામી છે.

૬ **શ્રીકેશરીઆજી ભગવાનનું** સ્ટેશન ઉપર ધર્મશાળામાં

છે, અને તેને બંધાવે લગભગ પાંચ વર્ષ થયાં છે.

આ શીવાય બીજા દેરાસરો દાદાવાડી, મોનવાડી, ધાટ તથા આમેર, સાંગાનેર વીગેરે ઠેકાણે છે તે નીચે મુજબ.

દાદાવાડી—ધર્મશાલાથી એક માઈલ દુર છે, એને દાદાજીનો બગીચો પણ કહે છે. ત્યાં જવાને ખટારા તથા ટપા ઘોડાના મળે છે. સ્વારી દીઠ રૂ. ૦–૧–૦ લેછે. ત્યાં એક સુંદર દેરાસર છે, તેમાં મુળનાયક શ્રી **પાર્શ્વનાથ** છે અને જમણી બાજુ શ્રી રૂપભદેવ તથા ડાબી બાજુ શ્રી મહાવીરસ્વામી છે. દેરાસરના સામેના મકાનમાં દાદાજીનાં પગલાં છે.

ધાટ—ધર્મશાળાથી એક ગાઉ દુર છે. ખટારા અને ટપા ઘોડાના મલે છે. સ્વારીદીઠ રૂ ૦–૧–૬ થી રૂ ૦–૨–૦ લે છે, ત્યાં શ્રી **પદ્મપ્રભુનું** એક સુંદર દેરાસર છે.

મોનવાડી—આ સ્થળ પણ એક ગાઉ દુર છે ત્યાં શ્રી આદીશ્વર ભગવાનના ચરણકમળની સ્થાપના છે.

ઉપરના બે દેરાસરો સારા છે. વ્યવસ્થાની ઘણી ખામી છે. આવક કમી હોવાને લીધે કેસરની પુજા પણ ભાગ્યેજ થતી હશે. જ્યાં ત્યાં સુખડનાં ટીલાં જોવામાં આવતાં હતાં.

આમેર—જેપુરથી ત્રણ ગાઉ દુર છે. અને તે પહાડી જગ્યામાં આવેલું છે. આમેરનો કીલ્લો ઘણો મજબુત છે. હીંદુસ્તાનમાં ગણાતા સારા અને મજબુત કીલ્લામાંનો આ એક છે. અત્રે પણ ખટારામાં તથા એક્કામાં જવાય છે. કીલ્લાનો ચઢાવ ઘણોજ સખત છે તેથી ખટારા ઠેઠ જઇ શકતા નથી પણ એક્કા જાય છે. તેમાં પણ ઉતરવું પડે છે. અત્રે ગામમાં એક સુંદર દેરાસર છે, તેમાં મુળનાયક શ્રી **ચંદ્રપ્રભુ** છે. ત્યાં પુજા સેવા કરી કીલ્લો જોઈ આવ્યા; પછી ધર્મશાળાએ આવી બીજે દીવસ સાંગાનેર ગયા.

સાંગાનેર—જેપુરથી ચાર ગાઉ દુર છે. અને તે એક ગામ છે, ત્યાં આગલ **ચંદ્રપ્રભુ** તથા શ્રી **મહાવીરસ્વામી**ના એવા બે સુંદર દેરાસર છે. દેરાસરો સારા બાંધેલા છે. પ્રતીમાજી પણ મનહર છે. બે દેરાસરો પાસે છે.

આમેર અને સાંગાનેરમાં શ્રાવકની વસ્તી નથી. દેરાસરોની વ્યવસ્થા બરોબર રખાતી નથી. ત્યાં જવાને એક સ્વારીના રૂ ૦–૪–૦ થી રૂ ૦–૫–૦ લે છે. જેપુર શહેર જોવા લાયક છે. અહીંના ઘરોની બાંધણી પથ્થરની સાદી એક સરખી રમણીય અને દરેક મકાનો ગુલાબી

રંગથી રંગીન ધાબા બંધી હોવાથી શહેરની શોભામાં વધારો કરે છે. શહેરના રસ્તાઓ મોટા અને સ્વચ્છ છે. શહેરમાં ઉદ્યમ ધંધાની ખામી હોવાથી ગરીબ વર્ગ વધારે માલુમ પડે છે. કાંઈપણ ચીજો બઝારમાં લેવા જતાં સાથે દલાલો વાંસે પડે છે. શહેરની આસપાસ ફરતો કીલ્લો છે. કીલ્લા ઉપર ફરતી છાવણી છે. કીલ્લો ઘણો મજબુત છે, ને કોઇથી પણ જીતાવો મુશકેલ છે. અહીં જોવા લાયક મુખ્ય ચીજો—રામનીવાસ બાગ, તેમાં આવેલું સંગ્રહસ્થાન, (આ મ્યુઝીયમમાં ઘણી ચીજોનો સમાવેશ કરેલો છે ને તે જોવાની ખાસ ભલામણ છે.) આમેરનો કીલ્લો, તે ઉપર આવેલો મહેલ, શહેરમાં રાજ મહેલ, ઓબઝરવેટરી, અને સ્કુલ ઓફ આર્ટસ વીગેરે છે. અત્રે ઝાડશાહી રૂપીઆનું ચલણ છે. કલદાર એક રૂપીઆના ઝાડશાહી સીતેર પેસા મળે છે. અત્રે દેરાસરો સારા છે પણ તેની સંભાલ બરોબર લેવાતી નથી. દેરાસરમાં પૈ પૈસો મુકાય તે ગોઠી લેઇ જાય છે.

અત્રે જેપુરમાં અમારે થોડું રહેવાનું હતું, પણ સંઘવીને ઓલખાણ પીછાણ વીશેષ હોવાથી અમને રોકાણ વધારે થઇ, તેથી અમારે અત્રે વધારે

રહેવું પડ્યું. અત્રેથી સંઘવી તરફથી લગેજ ખાતામાં, ટીકીટ ખાતામાં, અને ડબા રીઝર્વ ખાતામાં, જુદા જુદા માણસોને નીમવામાં આવ્યા, જેથી અમારી મુસાફરી કોઇ પણ અડચણ શીવાય પસાર થવા લાગી. અહીં આગળ નીચે પ્રમાણે સંઘો જમ્યા.

ઝવેરી રતનચંદ કેશરીસંઘ માગસર વદ ૩-૪-૫ ત્રણ સંઘ-**ઝવેરી હરખચંદજી સુરાણા** જેપુરવાલા માગસર વદ ૬ શુકર-**ઝવેરી ફુલચંદજી ઢાઢીઆ** જેપુર વાલા માગસર વદ ૭ શનીવાર-**દવે મહાવજી ત્રીકમજી** માગસર વદ ૮ રવી.

આ પ્રમાણે ૭ દીવસમાં ૭ સંઘ જમી માગસર વદ ૮ ને રવેઉ તા. ૯-૧૨-૦૬ ના રોજ રાત્રે કલાક ૧૨—૫ અમારો ત્રીજો મુકામ **આગ્રા** હોવાથી ત્યાં જવા રવાના થયા.

આગ્રા.

તા. ૧૦-૧૨-૦૬ માગસર વદ ૯ ને સોમ.

જેપુરથી આગ્રાનું રેલ ભાડું પેસેન્જર ટ્રેનનું થર્ડ ક્લાસનું રૂ ૧-૯-૦ છે. અમો **જેપુરથી** વદ ૮ ની રાત્રે

કલાક ૧૨-૫ ની ટ્રેનમાં નીકળી વદ ૯ ની સવારે કલાક ૩-૫૫ **એન્ડીકુઇ** જંકશન પહોંચ્યા. આ ટ્રેન સીધી **દીલ્લી** જતી હોવાથી આગ્રા જનારને અત્રે ઉતરવું પડે છે. આગ્રાની ગાડી સવારે કલાક૧૦-૧૫ જતી હોવાથી અમો અત્રે પડી રહ્યા. ટબારીઝવર્ડ હોવાથી ટબામાંજ રહ્યા હતા. એન્ડીકુઇથી કલાક ૧૦-૧૫ ઉપડી સાંજે ક ૫-૦ આગ્રા પહોંચ્યા. અહીં ધર્મશાળા નહિં હોવાથી સ્ટેશનની પાસે ભાડાના મકાનમાં મુકામ કર્યો. અત્રે શહેરમાં આઠ દેરાસર છે, અને એક દેરાસર દાદાજીના બગીચે (શેઠના બગીચે) છે. તેમાં પાંચ દેરાસર મોતીકટરામાં, બે રોશન મહોલ્લામાં, અને એક નોનમંદીમાં છે.

૧ **ચીંતામણુ પાર્શ્વનાથ** (રોશન મહોલ્લામાં) મુળનાયક ચીંતામણુજી, બીજા ગભારામાં **ગોડીપાર્શ્વનાથ**, અને અંદરના ભાગમાં **શી**તલનાથ છે. દેરાસર ભવ્ય છે. નહાવાની સગવડ સારી છે. અત્રે દેહરામાં બીજું દીગમ્બરી દેરાસર છે. સામે ગલીમાં—

૨ **શ્રીમંધરસ્વામી** (રોશન મહોલ્લામાં) ત્યાં પાનાની પ્રતીમા છે. અહીંથી બઝારમાં થઇ જતાં

૩ **શ્રીશાંતીનાથજીનું** મોટું મંદીર (નોનમંદીમાં) છે. બી·

જા મોતીકટલામાં છે.

૪ **મુવીધીનાથ** ૫ **નેમનાથ** ૬ **શ્રી વાસુપુજ્ય**

૭ શ્રી **કેશરીઆજી** ૮ શ્રી **પારસનાથ**

આ પાંચે દેરાં સોસો કદમ દુર આવેલા છે.

૯ શ્રી **મહાવીરસ્વામીનું** દાદાજીના બગીચામાં દેરાસર છે, જે શહેરથી અઢી કોસ દુર છે.

આ પ્રમાણે નવ દેરાસરો ઘણાં સુંદર સને રળીયામણા છે. કોઈ કોઇ દેરાસરમાં રતનની પ્રતીમા પણ છે. દેરાસરમાં દેખરેખ સારી છે. આ શહેર સફાઇદાર છે. રસ્તા સુઘડ છે. અત્રે જોવા લાયક ચીજો—

તાજમહેલ–દુનીઆમાં ગણાતી (Wonders of the World)અજાયબ જેવી ચીજોમાંનો એક છે. એનું કામ કારીગરી ઘણીજ જોવા લાયક છે. તાજમહાલ દિલ્હીના બાદશાહ શાહજહાંનનો બનાવેલો છે ને તે બાંધતાં ઘણું ખરચ થયું છે. તેનો જોડો બીજો મળવો મુશકેલ છે. તેની અંદર શાહજહાંન અને તાજબીબીની કબર છે. **સીકન્દરા**–આ પણ અકબર બાદશાહની બંધાવેલી છે, અને અકબરની તેમાં કબર છે. ત્યાંનું કામ બધું સોનેરી છે.

આ શીવાય આગ્રાનો કીલ્લો જે ઘણો મજબુત અકબરના વખતનો, અને તેમાં બાદશાહી વખતના મકાનો, જેનું સોનેરી કામ અને અસલ બધું ઝવેરાત જડેલું હતું, તે જોવાં લાયક છે. આગ્રા શહેર ઘણું પ્રાચીન બાદશાહી વખતનું છે. ત્યાં મુશલમાનની વસ્તી વીશેષ છે, કીલ્લો અને તાજમહેલ જોવા લાયક છે. કીલ્લાને માટે પાસ લેવો પડે છે.

અમો આગ્રામાં બે દીવસ રહ્યાં. અહીં નીચે પ્રમાણે સ્વામી વાત્સલ્ય (સંઘો) જમ્યા.

સીતાપુરવાળાં **બાઇજકલ**, માગશર વદ ૧૦ને ભોમે **શેઠ મુલચંદભાઇ હઠીશંગ** અમદાવાદવાળા, માગસર વદ ૧૧ ને બુધ. આ પ્રમાણે બે સંઘ જમ્યા. આગ્રામાં દેહરાસરો બહારથી ઘરના આકાર જેવાં, નહીં ઓળખાય તેવા છે. આગ્રેથી અમો માગસર વદ ૧૨ ને ગુરૂવારના રોજ બપોરની ટ્રેનમાં મથુરા જવા રવાના થયા.

મથુરા.

તા. ૧૩-૧૨-૦૬ માગસર વદ ૧૨ ગુરૂ.

આગ્રાથી મથુરાનુ રેલભાડુ પેસેન્જરનું રૂ. ૦-૬-૦ છે, અમોવદ ૧૨ ની બપોરે ત્રણની કાનપુર પેસેન્જરમાં

નીકલી અછનેરા જંકસન થઇ સાંજે પાંચ વાગે મથુરા પહોંચ્યા. અત્રે સ્ટેશનથી શહેર બે ગાઉ દુર છે. શહેરમાં જવા ખટાગ મળે છે. શહેરની બહાર એક ધર્મશાળા છે તેમાં ઉતર્યા. આ શહેર ઘણું પ્રાચીન છે, અને વૈશ્નવોનું મોટું તીર્થનું ધામ છે. અત્રે ચોકમાં ઘીયામંદીમાં એક પાર્શ્વનાથનું નાનું મંદીર છે. અહીં શ્રાવકની વસ્તી નથી. પુજારી છે તે તેની પુજા સેવા કરે છે. પુર્વે ચરમ તીર્થંકર શ્રી વીર પરમાત્મા પોતાના પાછલા ભવમાં ગોચરીએ આવેલા ત્યારે કોઈએ મહેણું મારવાથી બળનો ગર્વ કરી ગાયને ઝાલી આકાશમાં ઉછાળી પોતાનું બળ બતાવ્યું હતું. ત્યાંથી નિયાણું બાંધી બીજે ભવે ત્રિપ્રષ્ઠ વાસુદેવ થઇ મરી સાતમી નરકે ગયા હતા. અહીંથી છ માઇલ દુર બીંદરાબન છે ત્યાં વૈશ્નવોના મોટાં બે મંદીર છે. જે ઘણાં સુંદર અને જોવા લાયક છે. ત્યાં એક મંદીરમાં સાડા બાર મણ સોનાનો થંભ છે, અને વૈશ્નવો ઘણા દર્શન કરવા આવે છે. વળી ગોકુલ, મથુરાથી ત્રણ કોસ દુર છે. ત્યાં નદીથી પણ જવાય છે. ત્યાં પણ વૈશ્નવોના મંદીરો છે. કૃષ્ણને તેમના મામા કંસની બીકથી લાવી નંદબાવાને ત્યાં ઉછેરવામાં આવ્યા હતા. મથુરામાં અમો એક દીવસ રહી તા.

૧૫-૧૨-૦૬ માગસર વદ ૧૪ ને શનીવારે બપોરે કલાક ૧-૧૫ની ટ્રેનમાં દિલ્હી જવા રવાના થયા. મથુરામાં એક આર-એમ-આર અને બીજું જી-આઈ-પી રેલ્વેની એવી એ લાઇનો છે.

દિલ્હી.

તા. ૧૫-૧૨-૦૬ માગસર વદ ૧૪ શનેઉ.

મથુરાથી દિલ્હીનું ભાડું પેસેન્જરનું રૂ. ૧-૪-૦ છે. અમો મથુરાથી બપોરે કલાક ૧-૧૦ ની મુંબાઇથી આવતી નૉર્થ ઇસ્ટ પેસેન્જરમાં જી-આઇ-પી લાઇનમાં નીકળી સાંજે કલાક ૫-૩૦ દિલ્હી જઇ પહોચ્યા. અમો બધા છીન્નાલાલજીની ધર્મશાળામાં ઉતર્યા. આ ધર્મશાળા સ્ટેશનની નજીક છે. અને ત્યાં સઘળી વર્ણના લોક ઉતરે છે. બીજી પણ ધર્મશાળાઓ છે પણ સૌથી મોટી આ છે. અત્રે પાંચ દેરાસરો છે જેમાં ત્રણ સીખરબંધ તથા બે ઘર દેરાસર છે.

૧ **સુમતીનાથનું**-મોટું દેરાસર (નવગરામાં) મુળનાયક શ્રી સુમતીનાથ, જમણી બાજુ શાંતીનાથ, અને ડાબી બાજુ શ્રી વાસુપુજ્યસ્વામી છે. બહાર ગભારો તૈયાર થયો છે, અને ત્યાં શ્રી પાર્શ્વનાથજીની પ્રતીમા પધરાવ-

વાની છે. ઉપર મેડા ઉપર ચોમુખજી છે. દેરાસરમાં રતનની નવ (૯) પ્રતીમાજી છે. દેરાસરની ભીંતો ઉપર ચીત્રકામ સીધ્ધાચલજી, ગીરનાર, કેશરીઆજી, પાવાપુરી વીગેરે દેખાવો જોવા લાયક છે. ભીંતો ઉપર સોનેરી કામ ઘણું સારૂં છે. અમો બધા અત્રે નાહી પુજા કરતા હતા.

૨ **સંભવનાથનું** (ચેલપુરીમાં) મુળનાયક શ્રી **સંભવનાથ** છે. જમણી તથા ડાબી બાજુએ શ્રી આદીશ્વરજી તથા શ્રી મહાવીરસ્વામી છે. દેરાસરમાં રતનની આઠ (૮) પ્રતીમાજી છે, દેરાસર ભવ્ય છે, ચીત્રકામ સુંદર છે, દર્શન કરવા લાયક છે.

૩ **પાર્શ્વનાથનું**—(ચીરાખાનામાં) મેડા ઉપર છે.

૪ **પાર્શ્વનાથનું**—ઘર દેરાસર (માલીવાડીમાં લંગડેવાલેકી ગલીમાં) માથુમલજીના ઘરમાં છે. ધાતુની પ્રતીમા છે તથા રતનની બે પ્રતીમાજી છે.

૫ શ્રી **પાર્શ્વનાથ**—(અનારકી ગલીમાં) એક મકાનમાં ત્રીજે માલે છે. બે જુદા ગભારા છે તેમાં એકમાં શ્રી પાર્શ્વનાથ અને બીજામાં ધાતુના **શાંતીનાથ** છે. રતનની (૯) પ્રતીમાજી છે.

આ પ્રમાણે પાંચ દેરાસરો છે. જે ઘણાં સારાં અને દર્શન કરવા લાયક છે. બધે દર્શન કરી આવ્યા. પછી શહેર જોવા તરફ અમારૂં લક્ષ દોરાયું. અત્રે જોવા લાયક ચીજોમાં કુતુબમીનારો કુતબુદ્દીન બાદશાહનો બંધાવેલો અને જે સઘળા મીનારાઓ કરતાં ઉંચામાં ઉંચો ગણાય છે તે જોવા લાયક છે. અને તેની નજીક આવેલું નીઝામુદ્દીન યાને જુની દીલ્લી, ત્યાંના જુના ખંડીઅરો વીગેરે જોવા જેવાંછે. આ સ્થળ દીલ્હીથી નવમાઇલ દુરછે. ગાડીઓમાં જવાયછે. આ શીવાય દીલ્હીનો કીલ્લો, તેમાં આવેલું શાહાજહાંન પાયતખ્ત, દીવાનેખાસ, દીવાનેઆમ વીગેરે અસલ બાદશાહી મકાનો જોવા લાયક છે. કીલ્લામાં સોના અને ઝવેરાતનું જડેલું પાયતખ્ત ઘણું સુંદર હતું અને બીજું પણ ઝવેરાત વીગેરે પુસ્કળ હતું તે નાદીરશાહ નામનો બાદશાહ આવી લુંટી ગયો હતો. દીલ્હીશહેર ઘણું પ્રાચીન છે, અને તે ઘણી વખતે ફરી ફરીને વસેલું છે. અત્રે મુસલમાનની વસ્તી વીશેષ છે. મુખ્ય બઝાર ચંદનીચોક છે. જ્યાં બધા ઝવેરીઓની વસ્તી છે. દેરાસર તથા કીલ્લામાં ત્યાં થઇનેજ જવાય છે. અત્રે દીલ્લીમાં નીચે મુજબ સ્વામી વાત્સલ્ય જમ્યા હતા.

ઝવેરી માણેકચંદજી ગુલાબસીંગજી દીલ્લીવાળા પોશ શુદ ૨ સોમ-**શા. મોહોલાલ વર્ધમાનદાસ** અમદાવાદવાલા પોશ શુદ ૨ સોમે-**ઝવેરી નવલકીશોરજી** દીલ્લીવાળા પોશ શુદ ૪ બુધ. આ પ્રમાણે ત્રણ સંઘ **દીલ્હીમાં** જમ્યા હતા. અમો દીલ્લીમાં દીન ચાર રોકાઇ પોશ શુદ ૫ ને ગરૈઉ તા ૨૦—૧૨—૦૬ ના રોજ નૉર્થ વેસ્ટર્ન રેલ્વેમાં દીલ્લીથી પેશાવર જતી ગાડીમાં સવારે ક. ૧૦—૫૧ ની પેસેન્જર ટ્રેનમાં **મીરટ** જવા ઉપડયા.

મીરટથી હસ્તીનાપુર.

તા. ૨૦—૧૨—૦૬ પોશ શુદ ૫ ને ગુરૂ

દીલ્લીથી **મીરટ**નું ભાડું થર્ડનુ રૂ ૦—૭—૯ **છે.** અમો સવારે ક ૧૦—૫૧ **દીલ્લીથી** ઉપડી ક ૧૨-૫૮ અત્રે આવી પહોંચ્યાં. સ્ટેશનથી **શહેર** એક માઇલ દુર છે, ત્યાં અમો ગંગારામ પંડીતની ધર્મશાલામાં ઉતર્યા; ધર્મશાલા નવી બંધાઈ છે, અને હજી કામ ચાલુ છે. અત્રે શહેરમાં એક પણ દેરાસર નથી. અમારે અત્રે આવવાનું કારણ **હસ્તીનાપુર** જવાનું હતું, જે અત્રેથી લગભગ બાવીસ માઇલ દુર આવેલું છે. અમો અહીં શુદ ૫ ના

રોજ રહી રાતે બળદ ગાડીઓ (રથના આકાર વાલા માફાઓ) નક્કી કરી દરેક ગાડીમાં પાંચ સ્વારી બેસે અને સ્વારીદીઠ એક રૂપીઓ આવવા જવાનો ઠરાવ્યો. એ કંદર ગાડીઓ ચાલીસ (૪૦) હતી. અને બળદ ઘણા સરસ હતા. અમો શુદ ૬ ને શુક્રની સવારે ૭ વાગતા **મીરટ**થી નીકળી સાંજે ૭ વાગે **હસ્તીનાપુર** પહોંચ્યા. રસ્તામાં નાનુ **મો**આના અને મોટું **મો**આના તથા ગણેશપુર એ ત્રણ ગામ આવે છે. મોટા **મો**આનામાં સીધુ સામાન વીગેરે મળે છે. **હસ્તીનાપુર**માં કાંઇ પણ વસ્તુ મળતી નથી અને તે એક જંગલમાં આવેલું છે. રાંધવાને લાકડા સીધુ સામાન કાંઇ પણ મળતું નથી. અમારા સુભાગ્યે આ વખતે આ જીલ્લાનો કલેક્ટર પોતાના રસાલા સાથે અત્રે હવા ખાવા આવ્યો હતો, તેના માટે શાક ભાજી તથા સીધા વીગેરેની દુકાન કરી હતી, ત્યાંથી અમો કલેક્ટરની મહેરબાનીથી દરેક વસ્તુ લઈ આવતા હતા. અત્રે ઠંડી ઘણીજ હતી. અમારી મુસાફરી દરમીઆન વધારેમાં વધારે ટાઢ અમોને અહીં પડી, જે એટલી બધી હતી કે બેસુમાર. રસ્તામાં તો ગાડીઓમાંથી મોં પણ બહાર કહાડાતું નહોતું, અને ત્યાં પણ વારંવાર દેવતા લઇ બેસવું

પડતું હતું.

અત્રે **હસ્તીનાપુર**માં એક મોટી ધર્મશાળા લગભગ બસો માણુસો રહે તેટલી મોટી છે. છુટી પડાલી છે. ધર્મશાળામાં એક દેહેરૂં છે જેમાં મુલનાયક શ્રી **શાંતીનાથ** ભગવાન છે. પ્રતીમા દીવ્યસ્વરૂપી છે. તેમની એક બાજુ શ્રીકુંથુનાથ તથા બીજી બાજુ શ્રી **માહાવીર** સ્વામી છે. દેરાસરની બહાર ધર્મશાળામાં ચારે બાજુએ ખુંણામાં શ્રી **શાંતી**, કુંથું અને **અરનાથ** તથા શ્રી **વીર** ભગવાનના ચરણુ કમલની સ્થાપના છે. અત્રે સોલમા, સતરમા અને અઢારમાં ત્રણે જીનેશ્વરના દરેકના પ્રથમ ચાર એમ બાર કલ્યાણકો થયા છે. આ ત્રણે તીર્થંકરો એકજ ભવમાં તીર્થંકર તથા ચક્રવૃતીની પદવીઓ પામ્યા હતા. શુદ ૭ ના રોજ અત્રે રહી દેરાસરમાં બપોરે પુજા ભણાવી ધર્મશાળાને ફરતી દુધની ધારાવડી દેવામાં આવી હતી. આ પ્રમાણે જંગલમાં મંગલ અમારે થઇ રહ્યું હતું. ધર્મશાળાથી એક માઇલ દુર ઉત્તર દીશા તરફ એક દેરી છે, ત્યાં આગળ શ્રી રૂષભદેવ ભગવાનનાં પગલાં છે, તેના ઉપર શ્રી રૂષભદેવે અર્હતે નમઃ એમ લખેલું છે ત્યાં દર્શન કરી આવ્યા. આ નગર

અસલ પાંડવોનું વસાવેલું મોટું પંકાતું શહેર હતું પણ હાલ એક જંગલરૂપે છે. અત્રે અમ એક દીવસ રોકાઈ સુદ ૮ ના રોજ પાછા **મીરટ** આવવા નીકળ્યા. અહીં એક સંઘ શુદ ૭ ના રોજ **સંઘવી રતનચંદ કેશરી-સંઘનો** જમ્યો હતો. સુદ ૮ ના રોજ સવારે સાત વાગે અહીંથી ઉપડી **સાંજે** ૭ વાગે પાછા **મીરટ** આવી પહોંચ્યાં. અને રાત રહી સુદ ૯ ના રોજ **સાંજે** કલાક ૪-૪૦ ની ટ્રેનમાં **કંપીલા નગરીએ** જવા સારૂં **કાયમગંજ** જવા વિદાય થયા.

કાયમગજથી કંપીલાનગરી.

તા. ૨૫—૧૨—૦૬ પોશ શુદી ૧૦

મીરટથી કાયમંગજનું ભાડુ રૂ. ૨-૫-૦ છે. અમો તા ૨૪ ૧૨-૦૬ના **સાંજની** ક. ૪-૪૦ ની ટ્રેનમાં નીકળી ગાઝીઆબાદ સાંજે ૭ વાગે આવ્યા **ગાઝીઆબાદ** મોટું જંકસન છે. અહીં અમારે ટ્રેન બદલવી પડી, કારણ અ. મોને મીરટથી ગાઝીઆબાદ સુધીનાજ ડબા રીઝર્વડ મલ્યા હતા. અમો અત્રે ચાર કલાક સ્ટેશન ઉપર રહ્યા, પછી રાત્રે ક ૧૦-૫ની **અમ્બાલા દીલ્હી મીક્ષડટ્રેનમાં** ઇસ્ટ ઇન્ડીઆ રેલવે ઉપડી રાતે સવાત્રણ વાગે **હાથરસ**

આવી પહોંચ્યા. આ ઠેકાણે ગાડી ક. ૨-૪૧ આવવાને બદલે લેઇટ આવવાથી અમો ત્યાંથી જતી ક ૩-૬ ની ટ્રેન ચુકયા. બીજી ટ્રેન રાતે જતી નહી હોવાથી રાતે સ્ટેશનની પાસેની ધર્મશાળામાં પડી રહ્યા. અને બીજે દીવસે બપોરે કલાક ૧૨-૫૫ની મીક્ષ્ડ ટ્રેનમાં **આર-એમ-આરની** લાઈનમાં (**નોર્થન** સેકશનમાં) રવાના થયા. તે સાંજે સાત વાગે **કાયમગંજ** પહોંચ્યા. આ પ્રમાણે કાયમગંજ આવતા **ગાજીઆબાદ** તથા **હાથરસ** બે ઠેકાણે ટ્રેન બદલવી પડે છે. આ શહેર સ્ટેશનથી એક કોશ છે. રસ્તો ભયવાળો છે. શહેરમાં એક **સરાયમાં** રાત પડી રહ્યા. બીજે દીવસે સવારે ગરમ રસોઇ જમી ગાડા કરી **કંપીલાનગરી** જવા લગભગ દશ વાગે રવાના થયા. ગાડાનું ભાડું એક સ્વારીનું રૂ. ૦-૪-૦ ઠરાવ્યું. આ નગરી કાયમગંજથી ત્રણ કોશ દુર છે. ત્યાં જતાં રસ્તામાં રેતી ઘણી છે. તથા ભય પણ લુંટારાનો ઘણો છે. આ નગરીમાં એક ધર્મશાળા છે તે પણ બંધાય છે તેમાં એક દેહેરૂં છે તે નવું બંધાય છે. ભગવાન હાલ પરૂણા દાખલ છે. મુલનાયક શ્રી **વીમળનાથ** છે. તેસીવાય બીજી બે પ્રતીમાં **શાંતી**-નાથ ને **મલ્લીનાથની**છે. દેરાસર લગભગ બંધાઇ રહ્યું છે.

આ નગરીમાં શ્રી વીમલનાથ ભગવાનના ચવન જનમ દીક્ષા અને કેવલ એવા ચાર કલ્યાણકો થયેલા છે. અત્રે શ્રાવકની વસ્તી નથી. પ્રતીમાજી અલૌકીક છે. ગામમાં ઠીક છે અહીં દર્શન કરી ગાડામાં બેશી બારોબાર અમો કાયમ ગંજના સ્ટેશન ઉપર રાત્રે આઠ વાગે આવ્યા. કાયમગંજમાં મુસલમાનની વસ્તી ઘણી છે. અને ગમે તેવું નથી, અત્રેથી સૌરીપુરી જવા શીકોહાબાદ રાત્રે ક ૧૧—૪૮ની ટ્રેનમાં વીદાય થયા.

શીકોહાબાદથી સૌરીપુરી.

તા. ૨૭—૧૨—૦૬ પોશ સુદ ૧૨

કાયમગંજથી શીકોહાબાદનું રેલવે ભાડું રૂ ૧-૧-૦ છે. અમો રાત્રે ક. ૧૧-૪૮ કાયમગંજથીઉપડી ક ૧૨-૩૯ ફરૂકાબાદ આવી પહોંચ્યા.આટ્રેન સીધી કાનપુર જતી હોવાથી તેમ જ શીકોહાબાદની એક નાની બ્રેન્ચ ફરૂકાબાદથી નીકળેલી હોવાથી અમો ફરૂકાબાદમાં ઉતરી પડયા. આ વખતે ટાઢ ઘણી સખત હતી. શીકોહાબાદ જવાની ગાડી સવારે ક. ૬—૧૦ ઉપડતી હોવાથી આખી રાત બાલ બચ્ચાઓને લઇને સ્ટેશન ઉપર પડી રહેવું ઉચીત નહી લાગવાથી સંઘવી તરફથી સ્ટેશન માસ્તરને કહેવરાવી રીઝવર્ડ ડબા

માગી લેવામાં આવ્યા, અને પછી બધાને ગાડીમાં બેસાડી દેવામાં આવ્યા. રાતે સુઈ રહ્યાં. સવાર થયે ક. ૬—૧૦ ટ્રેન ઊપડી તે અમો સવા દશે **શી**કોહાબાદ પહોંચ્યા.ત્યાં આગલ **શહેર**માં ધર્મશાળા છે પણ શહેર દોઢ ગાઉ દુર **હોવાથી** સ્ટેશન સામેજ સરાઈમાં ઉતર્યા. આખો દીવસ રાત રહી સવારે અમો ઘોડાના ટપા કરી. **સૌરીપુરી** જે **શી**કોહાબાદથી (૧૪) માઈલ દુર છે ત્યાં ગયા. એક માણ સનો રૂપીઓ એક ઠરાવ્યો હતો. સૌરીપુરીને અત્રે કોઈ ઓળખતું નથી. પણ **બટે**શ્વર મહાદેવ **અહીંથી** તેર (૧૩) માઇલ દુર છે. ત્યાં ઘણા વૈશ્નવો જાય છે ત્યાંથી એક માઇલ દુર સૌરીપુરી છે.અમોને પુછતા પુછતા ખબર મળી કે બટેશ્વર થઇને જવાય છે.ગાડીઓ **બટે**શ્વર સુધીજ જાય છે. પછી એક માઈલ રસ્તો વીકટ **હોવાથી** પગે જવું પડે છે. તેમ **બટે**શ્વર જતાં પણ રસ્તામાં રેતી ઘણી આવે છે માટે ઘણું ચાલવું પડે છે. ચઢાવ તથા રેતી વધારે આવવાથી ઘોડાઓ હાંફી જાય છે અને તેથી રસ્તામાં ઉતરવું પડેછે. અમો **બટે**શ્વર જઇ ત્યાં ભાતુ ખાઇ ગાડીઓ ત્યાંજ ઉભી રાખી પગે ચાલતાં ગયા. આ નગરી જંગલમાં પહાડી જગ્યામાં છે. ત્યાં એક નાના મંદીર સીવાય બીજું કાંઈ

નથી અને તે પણ જીર્ણ થઇ ગયેલું જુના ખંડીઅર જેવું દેખાય છે. બીજું દહેરૂં બંધાય છે, તેની વ્યવસ્થા જેપુરવાલા **નથમલજી લશકરવાલા** કરે છે. આ નગરી પુર્વે **સ**મુદ્રવીજય રાજાની મોટી રાજધાની હતી. હાલ તે એક જંગલ રૂપે છે. દેરાસરમાં શ્રી **નેમનાથ** ભગવાનના ચરણુની સ્થાપના છે તથા એક ખંડીત પ્રતીમા પણ છે. **બ**ટેશ્વરથી અત્રે આવતાં રસ્તામાં લુંટારાનો ભય રહે છે. યાત્રાળુ વર્ગ ઘણું ખરૂં આ નગરીએ આવતું નથી. અમે દર્શન કરી પાછા **બ**ટેશ્વર આવી ગાડીમાં બેસા **શી**કાહાબાદ સાંજે સાત વાગે આવી પહોંચ્યા. સૌરીપુરીમાં **નેમનાથ** ભગવાનના ચવન અને જનમ એવા બે કલ્યાણુકો થયાં છે. હવે અમારે અહીંથી કાનપુર જવાનુ હોવાથી અત્રેથી તા. ૨૯—૧૨—૦૬ પોશ સુદ ૧૪ ના રોજ સવારની ટ્રેનમાં રવાના થયા.

કાનપુર.

તા. ૨૯-૧૨-૦૬ પોશ સુદ ૧૪

અમો **શી**કાહાબાદથી ડુંન્ડલા **જં**કશનથી આવતી કલાક ૬-૨૮ ની સવારની ટ્રેનમાં **લ**ખનૌની ટીકીટ લઇ રવાના થયા. કાનપુરમાં પ્લેગ ચાલતો હોવાથી ત્યાં વધારે

રોકાવવાનો વીચાર નહોતો, માટે શીકોહાબાદથી અ. મોએ ટીકીટ પણ લખનૌની લીધી, તેમ લગેજ પણ લખનૌની કરાવી. આ પ્રમાણે કરી અમો બપોરે કલાક ૧૧-૪૮ કાનપુર પહોચ્યા. આ ટ્રેન સીધી મોગલસરાઇ જતી હોવાથી તેમજ કાનપુર અને લખનૌની જુદી લા. ઇન (બ્રેન્ચ) હોવાથી અમો કાનપુરમાં ઉતરી પડયા, અને બહાર જઈ સ્ટેશન સામેના મુસાફરખાનામાં ઉતારો રાખ્યો. ત્યાં આગલ અમારા ચાકરોને સામાન સાચવવા રાખી અમો બધા શહેરમાં દર્શન કરવા ગયા. આ શહેરમાં એ. કજ દેરાસર છે. તે શહેરમાં ચાવલપટીમાં પીલીકોઠીમાં છે. આ દેરાસર ભંડારીના દેરાસર તરીકે ઓળખાય છે. કારણ કે તેના વહીવટ બાબુ સંતોકચંદજી ભંડારા કરેછે. મુલનાયકજી શ્રી ધર્મનાથ છે. દેરાસર ઘણુંજ સુંદર અને મનહર તદન કાચનું બનાવેલું છે. દેરાશરની અંદર દાખલ થયેલો માણસ પળવાર સંસારીક સુખોનું ભાન ભુલી જઇ અનહદ આનંદમાં લીન થઈ જાય છે. તરણ તારણું અને રાગ દ્વેષથી રહીત, શાંત અને પ્રભાવીક શ્રી ધર્મનાથ દાદાની અદભુત પ્રતીમા જેની અંદર બીરા. જમાન થયેલી છે. એવા સુંદર દેરાસરની અંદરની કારી.

ગરી બનાવટ અને ચીત્ર કામ ક્ષણુવાર ઈંદ્રની અલકાપુરી નુ ભાન ભુલાવે તો તેમાં કાંઇ પણ નવાઇ જેવું નથી. અમો અત્રે ઘણા હર્ષ સાથે પુજા સેવા કરી. દેરાસરમાં અસલના બાદશાહોના નાના નાના ફોટાઝ નાંખેલા છે તે સારૂં નહિ. દેરાસરની બહાર બગીચા જેવું કરી દેહેરાની શોભામાં ઓર વધારો કર્યો છે. અમારૂં બધાનું દીલ હોવા છતાં દુષ્ટ પ્લેગના કારણને લીધે અમો અત્રે વધુ રોકાઇ શકયા નહિ તેથી દીલ વધારે ખીન્ન થાય છે. ટુંકામાં આવા દેરાસરની બરોબરી કરનાર બીજા ઘણા થોડા દેરાઓ હીંદુસ્તાનમાં હશે. આ શીવાય કાનપુરમાં વુલનમીલ છે તે જોવા જેવી છે. પણ બહાર ગામના લોકોને જવા દેતા નથી. અહીં ગરમ કાપડ વીગેરે સારૂં બને છે, અમો શહેર જોઇ સ્ટેશન ઉપર પાછા આવ્યા. સાંજના કલાક ૩-૫૦ ની ટ્રેનમાં આઉધ અને રોહીલ ખંડ રેલમાં લખનૌ જવા રવાના થયા. આ ટ્રેન અતરેથીજ ઉપડતી હોવાથી ટ્રેનમાં જગ્યા પુસ્કળ હતી.

લખનૌ.

તા. ૨૯-૧૨-૦૬ પોશ શુદ ૧૪.

શીકાહાબાદથી લખનૌનું રેલ ભાડુ થર્ડ કલાસનુ

પાસેન્જર ટ્રેનનું રૂ. ૨-૨-૦ છે. અમો શીકોહાબાદથી સવારે ક. ૬-૨૮ ની ટ્રેનમાં ઉપડી બપોરે પોણા બારે કાનપુર આવ્યા. ત્યાં ચાર કલાક રોકાઇ શહેરમાં દર્શન કરી પાછા સાંજની ક. ૩-૫૦ ની ત્યાંથી ઉપડતી ટ્રેનમાં નીકલી સાંજે ૭ વાગે અત્રે પહોંચ્યા. અત્રે સંઘવી તરફથી થયેલી ગોઠવણ મુજબ શહેરમાં ચુડીવાલી ગલીમાં એક મોટા વીસાળ મકાનમાં ઉતારો રાખ્યો. સ્ટેશનથી શહેર ત્રણ ગાઉ દુર છે. અહી ધર્મશાળાઓ નથી. સરાઓ (ભાડાના મકાનો) છે. ત્યાં બધી જાતના લોક ઉતરે છે. શહેરથી એક માઇલ દુર **ઝવેરીઓનોબાગ** (દાદાવાડી) છે. ત્યાં એક હજાર માણસ રહે એટલી મોટી ધર્મશાળા છે. અત્રે ચૌદ સીખરબંધ દેરાસરો તથા ચાર ઘર દેરાસરો મળી **અઢાર** દેરાસરો છે. જે બધાં ચુડીવાલીગલી, સોની ટોળાં, સીધીટોળાં, ફુલવાલીગલી, શાહાદતગંજ તથા દાદાવાડી વીગેરે ઠેકાણે આવેલા છે.તેની વીગત નીચે મુજબ.

૧ **શ્રી મહાવીરસ્વામી**. (ચુડીવાલીગલીમાં) પ્રતીમાજી મોટા ધાતુના છે. ડાબી બાજુ ગભારામાં પગલાં તથા **પાર્શ્વનાથ** છે.બીજા ગભારામાં **કુંથુનાથજી** છે.

૨ **શ્રી શાંતીનાથજીનું**. (ચુડીવાલીગલીમાં) અત્રે બે

રત્નની પ્રતીમા છે. જમણા ગભારામાં **સહસ્ત્રકુટ** તથા ડાબા ગભારામાં **કુંથુનાથજી** છે. ગભારાની બહાર જમણી તથા ડાબી બાજુ **પાર્શ્વનાથજી છે.** ભમતીમાં પગલાં તથા પદ્મપ્રભુ છે.

૩ **શ્રી આદીશ્વરનું**. (સુડીવાલીગલીમાં) એમાં જમણા ગભારામાં **ચંદ્રપ્રભુ છે.** દેરાસરમાં ત્રણ પાનાની, એક પોખરાજની અને બે સ્ટાફીક રત્નની પ્રતીમાજી છે. મેડા ઉપર વચલા ગભારામાં સુનીસુવ્રત સ્વામી છે, જમણા ગભારામાં **પદ્મપ્રભુ** અને ડાબામાં **ચોમુખજી** ધાતુના છે.

૪ **શ્રી પદ્મપ્રભુ.** (સુડીવાલીગલી) એક બાજુ **શ્રી રૂષભદેવ** અને બીજી તરફ **શ્રી અજીતનાથ** સ્વામી છે. દેરામાં સ્ફાટીક રત્નની બે પ્રતીમા છે. મેડા ઉપર સુલનાયક **શ્રી પાર્શ્વનાથ છે.** તેમની એક બાજુ **ચોમુખજી** અને બીજી બાજું **મહાવીર સ્વામી** જુદા જુદા ગભારામાં છે, પુર્વે દીશામાં ગભારામાં **અજીતનાથ** તથા પશ્ચિમ દીશામાં **શાંતીનાથ** છે.

૫ **કેશરીઆજી ભગવાનનું** છે:—(સુડીવાલી ગલી)

૬ **ચુનીલાલ બાબુનું** ઘરદેરાસર } (સુડીવાલી
૭ **ઇદરચંદ ખેમચંદજીનું** ઘરદેરાસર } ગલી)

૮ **સંભવનાથ**–(ફુલવાલીગલી). અહીં **જમણી** બાજુ **અજીતનાથ** અને ડાબી બાજુંં **શાંતીનાથ** છે, જમણી બાજુંં ગોખલામાં ૧ સ્ફટીક રત્નની અને ૧ પાનાની પ્રતીમા છે.

૯ **બાહરીદાસ** બાબુનું દેરાસર (સોનીટોળાં)

૧૦ **પાર્શ્વનાથનું**–(સોનીટોળાં). આ દેરાસરમાં પણ રતનની પ્રતીમા છે.

૧૧. **શ્રી મહાવીરસ્વામી**–(સોનીટોળાં). આ દેરામાં પણ રતનની પ્રતિમા છે.

૧૨. **શ્રી શ્રેયાંસનાથ** સ્વામીનું ઘર દેરાસર બાબુ પ્રેમચંદજીના મકાનમાં છે.

૧૩. **શ્રી બાહુસ્વામીનું**–(શાહાદતગંજ). શહેરથી એક માઇલ દુર છે. એ સંતોકચંદ ભંડારીનું દેહેરૂ છે.

૫. દાદાવાડીમાં શ્રી **વાસુપુજ્ય**, શ્રી **મંધર સ્વામી**, શ્રી **શાંતીનાથ**, **પાર્શ્વનાથ** (મેડા ઉપર), **રૂષભદેવ સ્વામી**, એ પ્રમાણે પાંચ દેરાસર છે.

આ પ્રમાણે શહેરમાં આઠ દેરાસરો મોટાં અને ચાર ઘર દેરાસરો છે. અને એક શાહાદતગંજમાં અને પાંચ દાદાવાડીએ મળી કુલે અઢાર દેરાસર ઘણાં સુંદર

અને દર્શન કરવા લાયક છે. આ શહેર પુરાણું છે. અહી જોવા લાયક હુશેનાબાદ, ઇમામ બાડા, તેમાં મેડા ઉપર ભુલભુલામણી વીગેરે જોવા લાયક છે, અહીં રજાઇ અત્તર વીગેરે સારૂં મળે છે. આ શહેરમાં અમે ચાર દીવસ રોકાયા. અત્રે નીચે પ્રમાણે સંઘ જમ્યા. પોશ શુદ ૧૫ ઝવેરી નાહાલચંદ હુકમચંદ. પોશ વદ ૧ ઝવેરી રતનચંદ કેશરીસંઘ. પોશ વદ ૨ સોદાગર મોહોલાલ જેશંગ હા. બાઈ મેણા. પોશ વદ ૩ છગનલાલ હુકમચંદ વાદી. આ પ્રમાણે ચાર સંઘ જમી અમો બધા પોશ વદ ૪ ને ગુરૂવારની સવારે કલાક ૮—૫૦ ની ટ્રેનમાં અજોધ્યાજી જવા રવાના થયા.

અજોધ્યા (વીનીતા નગરી)

તા. ૩—૧—૦૭ પોશ વદ ૪

લખનૌથી અજોધ્યાનુ રેલભાડું પેસેન્જરનું રૂા. ૧-૧-૩ છે અમે લખનૌથી અમારો લગેજ તા. ૨-૧-૦૭ ના રોજ રાતની ટ્રેનમાં આગળ રવાના કરી દીધો, અને તા. ૩—૧—૦૭ ની સવારની ક. ૮—૫૦ ની લખનૌથીજ ઉપડતી ટ્રેનમાં આઉધ અને રોહીલ

ખંડ રેલવેમાં રવાના થયા તે બપોરે ક. ૧૨—૩૪ અત્રે આવી પહોંચ્યા. રસ્તામાં ફૈજાબાદ જંકશન આવે છે. અહીં સ્ટેશનથી શહેર બે માઈલ દુર છે. દેહેરૂં એક માઈલ દુર છે. દેહેરાને લગતી નાની સ્વેતામ્બરી ધર્મશાળા છે, અને સામે થોડે દુર એક દીગમ્બરી ધર્મશાળા છે. સ્વેતામ્બરી ધર્મશાળા નાની હોવાથી અમો દીગમ્બરી ધર્મશાળામાં ઉતર્યા. આ ધર્મશાળા મોટી છે. સગવડ સારી છે. દોઢસો માણસો રહે તેમ છે. અત્રે આપણું એક દેરાસર છે જે સમોવસરણના આકારમાં બાંધેલું છે. મુલનાયક શ્રી અજીતનાથ ભગવાન છે. ભગવાનને અત્રે કેવલ ગ્નાન ઉતપન્ન થયેલું હોવાથી દેવોએ રચેલા સમોવસરણમાં ભગવાને દેશના આપી હશે, માટે દેહેરૂં પણ સમોવસરણના આકારમાં બાંધ્યું હશે. દેહેરામાં પેશવાનો દરવાજો નાનો છે માટે નીચા પડી જવું પડે છે. અહીં શ્રી અજીતનાથ, અભીનંન્દન, સુમતીનાથ અને શ્રી અનંતનાથ એ ચાર ભગવાનના દરેકના પ્રથમ ચાર એમ સોલ કલ્યાણકો અને શ્રી રૂષભદેવસ્વામીના પ્રથમ ત્રણ કલ્યાણકો મળી ઓગણીસ કલ્યાણકો થયેલાં છે, જેનાં પગલા દેરાસરની ચારે બાજુએ છે. અજોધ્યાજી એજ વીનીતા નગરી

જ્યાં આગલ પ્રથમ નરેશ્વર, પ્રથમ યોગીશ્વર, અને પ્રથમ તીર્થંકર શ્રી રૂપમદેવ સ્વામીજી થઇ ગયા હતા, જેમણે સંસારી જીવોને દુનીઆદારીનું અનેક તરેહનું શીક્ષણ આપ્યું હતું. વળી ધર્મ ધુરંધર અને અદલન્યાયી પ્રતાપી મહારાજા રામચંદ્રની જન્મ ભુમી તથા રાજગાદી આજ નગરીમાં હતી, જેમણે ન્યાયને ખાતર રાવણને ત્યાંથી સીતાને છોડાવી લાવી તદન નિષ્કલંક અને નીરદોષ હોવા છતાં ફકત લોકાપવાદથા ડરી વનમાં મુકી હતી. અજોધ્યા શહેર સારૂં છે. ત્યાં દરેક વસ્તુ મળે છે. ધર્મશાળાથી એક માઇલ દુર મોટો બઝાર છે. આ શહેરમાં વૈશ્નવોના નાના મોટા મળી સાડાચાર હજાર મંદીરો છે એવું અત્રેના લોકો કહે છે. અહીં સરયુ નદી વહે છે જે ધર્મશાળાથી થોડેજ દુર છે. વદ ૪ એક દીવસ રહી દર્શન પુજા સેવા કરી પછી વદ ૫ ના રોજ રતનપુરી દર્શન કરવા ગાડા કરી ગયા. રતનપુરીને અહીં નવરાજી કહે છે. જે અહીંથી આઠ કોશ થાય છે. ગાઉ મોટા છે લખ- નોથી આવતાં સોહાવલસ્ટેશને ઉતરી ને જઇએ તો એક કોશ થાય છે. અમો અહીંથી હાથે ખેંચવાના ઘેલા (ગાડીઓ) કરી તેનું ભાડું ૭ સવારીનું રૂ ૨—૦—૦

ઠરાવ્યું, અને સવારના પોશ વદ ૬ ના રોજ ગરમ રસોઈ જમી રવાના થયા. રસ્તામાં બે કોશ દુર ગયા એટલે ફેજાબાદ આવ્યું. આ મોટું શહેર છે. અને દરેક વસ્તુ મળે છે. અહીં એક દેરાસર **શ્રી શાંતીનાથ** ભગવાનનું છે. ત્યાં દર્શન કરી પાછા ગાડીમા બેસી સીધા **રતનપુરી** ગયા. બપોરે બે વાગે ત્યાં પહોંચ્યાં, ત્યાં આગલ એક ધર્મશાળા છે, તે નાની છે. અને બંધાય છે. ધર્મશાળામાં અંદર મોટું દહેરાસર સમોવસરણના આકારે છે. મુલનાયક શ્રી **પાર્શ્વનાથ** છે. દેરાનો વહીવટ કલકત્તા વાળા બાબુ માધુ લાલજી કરે છે. દેહેરાને ફરતો મોટો ચોક છે. ચોકમાં એક ગભારામાં મુળનાયક તરીકે શ્રી રૂષભદેવ સ્વામી છે, ત્યાં આગલ સંભવનાથ શાંતીનાથ અભીનંન્દન અજીત નાથ અને મહાવીરસ્વામી વીગેરે પ્રતીમાજી છે. આ પ્રતીમાજીઓ ઘણી અલૌકીક અને પ્રાચીન સંપ્રતીરાજા ના વખતની ભરાવેલી છે, જે દર્શન કરતાં સામી ધસી આવતી હોય એવો સુંદર દેખાવ આપે છે. અમે એમના દર્શન કરી ઘણાં હર્ષીત થયાં. પ્રતીમાજી પાષાણના હોવા છતાં રત્નના સમાન ચળકાટ મારી રહી હતી. ટુંકામાં રતનપુરી તે રતનપુરીજ છે. અમદાવાદથી નીકળ્યા પછી

કોઈ પણ ઠેકાણે દર્શન કરી જેટલો આનંદ થયો હોય તેનાથી વીશેષ આનંદ અમને અત્રે થયો. આ દેહેરાનો વહીવટ લખનૌવાળા બાબુઓ કરે છે. ચોકમાં પેસતાં ડાબી બાજુએ ખુણામાં શ્રી ગૌતમસ્વામી તથા બીજા ગણધરોના પગલાં છે. આ નગરીમાં શ્રી ધર્મનાથ ભગવાનના ચવન, જનમ, દીક્ષા અને કેવળ, એવાં ચાર કલ્યાણકો થયાં છે. ભગવાનના વખતે આ કોઇ મોટું નગર હશે પણ હાલતો એક નાના ગામડા જેવું છે, ને ત્યાં કાંઇ પણ મળતું નથી. અહીં ધર્મશાળામાં ઓરડીઓ થવાની જરૂર છે. પ્રથમે અમદાવાદવાળા શેઠ દલપતભાઇ ભગુભાઇવાળા અત્રે આવી એક ઓરડી બાંધવા રૂ. ૫૦–૦–૦ પચાસ આપી ગયા હતા. તેની ઓરડી તૈયાર થયેલી જોઇ અમારા સંઘવી તરફથી રૂ. ૫૦—૦—૦ પચાસ એક ઓરડી બાંધવા સારૂં આપવામાં આવ્યાં. અજોધ્યાથી રતનપુરી સુધી પાકી સડક છે. ગાડીઓ સડક ઉપર ઉભી રહે છે, અને દેહેરે જવા અડધો માઇલ ચાલવું પડે છે. રસ્તો બરોબર નહી હોવાથી ઠેઠ ગાડીઓ જતી નથી. અમો અત્રે દર્શન કરી આશરે સાડા ત્રણ વાગે ગાડીમાં બેસી પાછાં રાતે

આઠ વાગે અજોધ્યા ગયા. ત્યાં વદ ૬ ના રોજ રહી, સાંજે અમદાવાદવાળા કાપડીઆ **શા. જમનાદાસ જેચંદનો સંઘ** જમી વદ ૭ ના રોજ બપોરની ટ્રેનમાં **કાશી** જવા રવાના થયા.

બનારસ (કાશી)

તા. ૬-૧-૦૭ પોશ વદ ૭ રવેઉ.

અજોધ્યાથી કાશીનું ભાડું રૂ. ૧-૭-૩ છે. અમો બપોરે ક. ૧૨-૪૦ ની લખનૌથી આવતી ટ્રેનમાં અજોધ્યાથી ઉપડી રાત્રે ક. ૭-૨૦ અત્રે આવી પહોંચ્યા. પહેલું સ્ટેશન બનારસ અને પછી રાજઘાટ આવે છે. જ્યાં અમો ઉતર્યાં. સ્ટેશનની નજીકમાં એક મોટી ધર્મશાળા છે તેમાં અમારો ઉતારો રાખ્યો. આ ધર્મશાળામાં બધી કોમના લોક ઉતરે છે. અહીં બીજી જૈન ધર્મશાળાઓ નથી. આપણી પાઠશાળા છે જ્યાં થોડું માણસ હોય તો ઉતરે છે. આ વખતે સોમવતી અમાસ ગ્રહણ અને સંક્રાંતી એ ત્રણે તહેવારો સાથે આવવાથી, અહીં કાશીમાં બહાર ગામનું લગભગ આઠ લાખ માણસ ભરાયું હતું. અને તેથી શહેરમાં ચીકાર ગીરદી થઇ

રહી હતી. ધર્મશાળા પણ ભરેલી હતી, પણ અમે આગળથી ખબર આપેલી હોવાથી અમારે માટે જગ્યાની બરોબર ગોઠવણુ થઇ હતી. આ શહેર પ્રાચીન છે. વૈશ્નવોનું તીર્થનું મોટું ધામ છે. વિધ્યાપુરી યાને સરસ્વતીનું ઠામ છે. અહીં ઘણા પંડીતો ભણવા આવે છે. અત્રે ગંગા નદી વહે છે. શાસ્ત્રમાં જેને **વાણારસી** નગરી કહે છે તે આજ. આ પ્રથમે શ્રી **પાર્શ્વનાથ** ભગવાનની જનમ ભૂમી હતી. અહીં તેમના મોક્ષ સીવાયના પ્રથમ ચારે કલ્યાણકો થયાં છે. તેમજ સાતમા શ્રી **સુપાર્શ્વનાથ**ના પણ મોક્ષ સીવાયના પ્રથમ ચારે કલ્યાણકો અત્રે થયેલાં છે. શ્રી **ધર્મવીજય** મહારાજે અત્રે એક જૈન સ્વેતામ્બર પાઠશાળા સ્થાપી છે, જેમાં વિધ્યાર્થીઓને સંસ્કૃતનો તથા જૈન શાસ્ત્રનો અભ્યાસ કરાવવામાં આવે છે હાલમાં લગભગ પચાસ વિધ્યાર્થીઓ આ શાળામાં અભ્યાસ કરે છે. પાઠશાળા સ્થાપતી વખતે કોઇપણ વિધ્યાર્થીને દીક્ષા નહી આપવાની પ્રતીજ્ઞા લેઈ વિધ્યાર્થીને બોલાવવામાં આવ્યાં હતાં. જેને મહારાજ તન અને મન દઇ શીક્ષણુ આપે આપે છે. આશા છે કે આથી જૈનોમાં વીદ્વાન અને ઉપદેશકોની પડતી ખામી થોડા વખતમાં દુર થશે. હાલ

તુરત તો મહારાજ શ્રી **શીખરજીની** યાત્રા કરવા અત્રેથી વીહાર કરી ગયાં છે, અને તેમની સાથે કેટલાક વિદ્યાર્થીઓ પણ ગયાં છે. આ પાઠશાળા ચોકમાં અંગ્રેજી કોઠીમાં છે. અહીં કાશીમાં કુલે **નવ** દેરાસરો છે, જે બધાં અંગ્રેજી કોઠી, સુતટોળાં, રામઘાટ, આગ્નેસરઘાટ, ઠઠેરીબઝાર અને પાઠશાળા વીગેરે ઠેકાણે આવેલાં છે, પણ પાઠશાળાની નજીક નજીકમાંજ છે. અમારી સાથે પાઠશાળાનો માણસ દેહરાં બતાવવાને આવ્યો હતો.

૧ **ચીંતામણ પાર્શ્વનાથ.** આ દેહેરૂં બધા દેહેરાં કરતાં મોટું છે. પ્રતીમાજીનો પરીવાર ઘણો છે. ઉપર નીચે અવશ્ય દર્શન કરવા લાયક છે.

૨ શ્રી **આદીશ્વર ભગવાનનું**. ૩ શ્રી **રૂષભદેવ સ્વામીનું**. ૪ શ્રી **કેશરીઆજીનું**. ૫ શ્રી **ગોડી પાર્શ્વનાથનું**. ૬ શ્રી. **શાંતીનાથનું** ૭–૮ શ્રી **પાર્શ્વનાથનાં** ૯ શ્રી **પાર્શ્વનાથનું** (પાઠશાળામાં)

આ પ્રમાણે નવ દેરાસરો શહેરમાં છે. અને બીજાં નીચે પ્રમાણે.

ભેલુપુર.

શહેરથી એક ગાઉ દુર છે. અને ઘોડાના ટપા ખટારા વીગેરેમાં જવાય છે. અહીં એક મોટી ધર્મશાળાછે, તેમાં શ્રી **પાર્શ્વનાથ** ભગવાનનું એક મોટું દેહેરૂં છે. અહીં શ્રી પાર્શ્વનાથના પ્રથમ ચારે કલ્યાણકોનાં પગલાંછે.

ભદયની.

શહેરથી એક ગાઉ દુર છે. ભેલુપુરથી ગંગાજી તરફ જતાં જમણા હાથ તરફ જવાનું છે. ત્યાં બઝાર છે અને ગંગાજીના ઘાટ ઉપર એક શ્રી **સુપાર્શ્વનાથ** ભગવાનનું દેહેરૂં છે. તેમનાં ચારે કલ્યાણકોના પગલાં આ દેહેરામાં છે.

સીંહપુરી.

કાશીથી ચાર ગાઉ દુર છે. અહીં એક સુંદર ધર્મશાળા છે, અને તેમાં શ્રી **ચંદ્રપ્રભુ**નું એક દેહેરૂ છે. અત્રે શ્રી **શ્રેયાંસનાથ** ભગવાનના મોક્ષ સીવાયના પ્રથમ્ ચારે કલ્યાણકો થયેલાં છે. અને તેનાં પગલાં દેરામાં ચોકમાં ચારે બાજુએ છે. અહીં શ્રી ભગવાનની માતાએ દેખેલાં ચૌદ સુપન અને ભગવાને આસોપાલવ વૃક્ષ નીચે લીધેલી

દીક્ષાનો દેખાવ કોતરકામમાં આપેલો છે. આ નગરીએ ઘોડાના ટપા તથા ખટારામાં જવાય છે. અને રેલ્વે માર્ગમાં નાની લાઇનમાં આવતાં સારનાથના સ્ટેશને ઉતરવું પડે છે, ત્યાંથી થોડેજ દુર દેહેરૂં છે.

ચંદ્રપુરી.

આ નગરી સીંહપુરીથી ત્રણ ગાઉ અને કાશીથી સાત ગાઉ દુર છે. અહીં નદી કીનારે દેરાસર છે. અને ગામમાં ધર્મશાળા છે. દેરામાં મુળનાયક શ્રી **શાંતીનાથ** છે. અત્રે **શ્રી ચદ્રપ્રભુ**ના પ્રથમ ચાર કલ્યાણકો થયાં છે, તેમનાં પગલાં છે. અમો કાશીથી, સીંહપુરી અને ચંદ્રપુરી એ બે નગરીઓ જવા આવવાના પોણા બે રૂપીઆ ત્રણ સ્વારીના ઘોડાના ટપાના ઠરાવ્યા હતા. અહીંથી દર્શન કરી પાછા કાશી શહેરમાં આવ્યા.

અહીં કાશીમાં એકંદરે સોલ કલ્યાણકોનાં દર્શન થયાં. અહીં શહેરના દેરાસરો બહારથી નહી ઓળખાય તેવાં મકાનોમાં બીજે ત્રીજે અને ચોથે માળે છે. વ્યવસ્થાની ખામીથી આશાતના ઘણી થાય છે. મકાનોમાં નીચે જાજરૂ અને ઉપર દેહરાં હોય છે. વહીવટદારોએ

આ આશાતના ટાળવાનો રસ્તો લેવાની ખાસ જરૂર છે. અહીં પીતલના તથા જરમનના સુંદર કારીગરીના વાસણો ખંડ, બસમા, સાડીઓ, પીતાંબર અને અંતરાસન વીગેરે ઘણું સારૂં મળે છે, આ શહેર સારૂં છે, પણ તેમાં નાની નાની ગલી કુંચીઓ અને ગંદકી વીશેષ છે. અમો અત્રે દશ દીવસ રહ્યાં તેમાં સંઘમાંથી ખંડ બસમાં, પીતાંબર અને વાસણ વીગેરેની ખરીદી ઘણી થઇ હતી.

અત્રે **શા. લખમીચંદ અનોપચંદ, શેઠ ચુનીલાલ સુરજમળ, ઝવેરી સવચંદ કેશરીસંઘ, સેઠ ચીમનલાલ રવચંદ અને શા પ્રેમચંદ આલમચંદ** વીરેગેના સંઘ પોશવદ ૮-૯-૧૦-૧૧ અને માહા શુદ ૧ ના રોજ જમ્યા હતાં. અમો અત્રેથી તા. ૧૬-૧-૦૭ ના રોજ સાંજની ટ્રેનમાં **પટણે** જવાં રવાના થયાં.

પટણા.

તા. ૧૬-૧-૦૭ મહા શુદ ૩ ને બુધ.

કાશીથી પટણાનું ભાડું રૂ. ૧-૧૨-૦ છે. અમો કાશીથી સાંજે ક. ૪-૫૫ ની ટ્રેનમાં નીકળી રાતે આ-

ચરે એક વાગે અત્રે આવી પહોચ્યાં. રાતો રાત સ્ટેશન ના મુસાફર ખાનામાં પડી રહ્યા. સવાર થતાં નજીકજ આવેલી એક નાની ધર્મશાળામાં મુકામ કર્યો. ત્યાં સામાન મુકી બધાં શહેરમાં દર્શન કરવા ગયાં, સ્ટેશનથી થોડે દુર બીજી એક નાની સો દોઢસો માણસો ઉતરે તેવી ધર્મ-શાળા છે. સ્ટેશનથી શહેર એક માઈલ દુર છે. અત્રે આ-પણાં બે દેરાસરો છે.

શ્રી ચંદ્રપ્રભુ (બારેકીગલી). આ દેહેરૂં મોટું છે. અત્રે જુદા જુદા ત્રણ ગભારા શ્રી **પાર્શ્વનાથ** અને **આદીશ્વરજી**ના મળી છે. કેટલાંક આ દેહેરાંને બે દેહરાં પણ ગણે છે. અત્રેથી નજીકમાંજ—

શ્રી **પાર્શ્વનાથનું** (બારેકીગલીમાં). અહીં મુળ-નાયક શ્રી પાર્શ્વનાથ છે. દેહેરાસર જુનું પડી ભાગ્યા જેવુંછે.

આ શીવાય અહીંથી એક ગાઉ દુર **કમળદેમાં** શ્રી **સ્થુળીભદ્ર**નાં પગલાં છે. શાસ્ત્રમાં જે પાટલીપુર પટ્ટણ કહે છે. તે આજ છે. શકડાલનંદન શ્રી સ્થુળીભદ્રજી અ-ત્રેજ થયાં હતાં. અને કોસ્યા વેસ્યાને ત્યાં બાર વર્ષ રહી, પછી દીક્ષા લેઇ, કોસ્યાને પ્રતીબોધી બારવ્રતધારી કરી હતી. સ્થુળીભદ્ર જેવાં મહારાજ આ અવસર્પીણીમાં એ-

કજ થયાં છે. જેમણે દીક્ષા લીધા પછી વેસ્યાને ત્યાં ચોમાસુ રહી હ્દમને પોતાના ચારીત્રને લેશ માત્ર પણ કલંકીત કર્યું નથી. ધન્ય છે એમની જનેતાને કે જેણે આવા રત્નને જન્મ આપ્યો કે, જે ચોરાશી ચોવીમ સુધી જૈન શાસનમાં પોતાનું નામ અમર કરી ગયા. સ્થુળીભદ્ર ચૌદ પુર્વ ધારી હતાં. કમળદેમાં બીજા પણ નજીકમાં પગલાં છે જે **સુદર્શનશેઠના** છે. આ શેઠ ઉપર અભયારાણીયે શીયલ ભંગનું ખોટું કલંક મુકી શેઠને શુળી દેવરાવી હતી, પણ શીયલના પ્રભાવે શુળીનુ પણ સીંહાસન થઈ ગયું હતું. ધન્ય છે આવા સુપુરૂષોને કે જેણે જનમ લઇ પોતાની જનેતાની કુખને દીપાવી છે. આવા પુરૂષો આ જમાનામાં ભાગ્યેજ હશે. અત્રે અમે દર્શન કરી પાછા ધર્મશાળાએ આવ્યાં. આ શહેર મોટું છે. બઝાર પણ સારો છે. જે જોઇએ તે મળે છે. અત્રે અમો તા. ૧૭-૧-૦૭ ના રોજ રહી તેજ સાંજની ટ્રેનમાં બીહાર જવા રવાના થયાં.

બીહાર.

તા. ૧૭-૧-૦૭ માહા શુદ ૪

પટણાથી બીહારનું ભાડું રૂ ૦-૧૦-૦ છે. પટ.

ણાથી બીહાર જતાં રસ્તામાં **બખતીઆરપુર** જંકશન આવે છે, ત્યાં ટ્રેન બદલવા પડે છે. બખતીઆરપુર અને **બી**હારની એક નાની બ્રેન્ચ છે. અમે પટણાથી સાંજે પાંચ વાગે ઉપડી આશરે સાત વાગે બખતીઆરપુર આવ્યાં. ત્યાંથી અમે રાતે ક. ૮–૫૩ ની બીહારની લુપ લાઇનમાં ઉપડી તેજ રાતે અગીઆર વાગે અત્રે આવ્યાં. બીહારની લાઇન નાની હોવાથી પટણાથી સળંગ બીહારની રીઝર્વડ એકોમોડેશન થઇ નહી, પણ અમે આગળથી ખબર આપવાથી તેમજ ટ્રેન પણ બખતીઆરપુર થીજ ઉપડતીજ હોવાથી બેસવાની સગવડ સારી થઈ હતી. બીહારનું સ્ટેશન બંધાયેલું નથી. રેલ્વેથી શહેર એક માઇલ દુર છે. અહીં શહેરમાં એક ધર્મશાળા છે જેમાં છુટી પડાલીઓ અને ચારેક ઓરડીઓ છે, ત્યાં અમે ઉતારો રાખ્યો. ધર્મશાળામાં એક દેરૂં છે. અહીં એકંદર ચાર દેરાં છે.

૧ **શ્રીમહાવીરસ્વામી**—(ધર્મશાળામાં). મુળનાયક શ્રી વીરપ્રભુ છે અને જોડે બીજું દેહેરૂં છે તે દીગમ્બરીનું છે. ઉપર **અજીતનાથ** અને **શાંતીનાથ** છે.

૨ શ્રી **અજીતનાથ** (બઝારમાં). ૩ શ્રી **ચંદ્રપ્રભુનું**

(બઝારમાં) ૪ શ્રી આદીશ્વર ભગવાનનું (લાલ બાગમાં).

આ પ્રમાણે ચાર દેરાં છે. લાલબાગથી થોડે દુર પાછળ બગીચામાં એક દેહરૂં છે, ત્યાં દાદાજીના પગલાં છે. બીહારને શાસ્ત્રમાં **વીશાળા** નગરી કહે છે. અહીં શ્રી વીર ભગવાન ચોમાસું રહ્યા હતાં. અહીંથી નગરીઓ ફરવાનું શરૂ થાય છે. અમો અત્રે શુદ ૫–૬–૭ દીન ત્રણ રહી ગાડાં કરી નગરીઓ ફરવા ગયાં. ગાડાનું ભાડું દીવસ એકનો રૂપીઓ એક ઠરાવ્યો અને ૭ સ્વારી બેસવાની બોલી કરી. અત્રેથી પહેલાં **પાવાપુરી** જવા માહા શુદ ૭ની બપોરે ત્રણ વાગે વીદાય થયાં.

પાવાપુરી.

મહા સુદ ૭ તા. ૨૦–૧–૦૭

બીહારથી મહા સુદ ૭ ની બપોરે ત્રણ વાગે ગાડામાં નીકળી રાત્રે સાત વાગે અત્રે આવી પહોંચ્યાં. બીહારથી પાવાપુરી જવાનો રસ્તો સારો છે. અમો અત્રે. શ્વેતામ્બરી ધર્મશાળામાં ઉતર્યા, અત્રે બે મોટી વીશાળ ધર્મશાળાઓ છે. બે ધર્મશાળામાં પંદરસો માણસ રહી

શકે તેવી સગવડ છે. અને એકમાંથી બીજામાં જવાય તેવી ગોઠવેણ છે. દેરાવાળી ધર્મશાળાઓમાં બે કુવા છે. પાણી ઘણુ સારૂં છે. તળાવને કાંઠે પણ એક ધર્મશાળા છે. અત્રે ધર્મશાળામાં એક અને તળાવ કીનારે બે અને તળાવમાં એક મળી **ચાર** દેરાસરો છે. તળાવના મંદીરને જળમંદીર કહે છે. આ પ્રાચીન નગરીથી ૬ કોસ દુર આવેલા **માહાસેન** વનમાં શ્રી મહાવીર સ્વામી ભગવાને સમોવસરણને વીશે બિરાજ્યા થકાં શ્રી ગૌતમાદિ અગીઆર ગણધરોની સ્થાપના કરી હતી. અહીં હસ્તીપાલ રાજાની દાનશાળામાં આસો વદ ०)) ની રાત્રે છઠ (બે ઉપવાસ) ના તપે સોળ પહોર સુધી દેશના દેતાં શ્રી **વીર** પરમાત્મા શીવરમણીને વર્યા હતાં. એ વખતની દેશના શ્રી ઉતરાધ્યન સુત્રમાં ગુંથાયેલી છે. આની નજીકના ગામમાં દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધી પાછા ફરતાં માર્ગમાં શ્રી ભગવાનના નિર્વાણની વાત સાંભળી વૈરાગ્ય પા શ્રી ગૌતમસ્વામીને કાર્તીક શુદ ૧ ની સવારે લોકાલોક પ્રકાશક શ્રી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. ભગવાનની ધર્મ દેશના સાંભળવા મળેલા રાજાઓએ પોતાને થયેલી દીલગીરી ખાતર આ નગરીનું મુળ નામ જે અપાપા-

પુરી એવું હતું તે બદલી **પાપાપુરી** (**પાવાપુરી**) નામ સ્થાપ્યું. અને તેમનેજ ભાવદીપકરૂપ ભગવાનના અભાવે દ્રવ્યદીપક (દીવા) પ્રગટાવી **દીવાલીનો** માંગલીક તહેવાર પ્રવર્તાવ્યો હતો.

અત્રેના દેરાસરોની વીગત નીચે મુજબ. **શ્રીમહાવીરસ્વામીનું** ધર્મશાળામાં **સમોવસરણના** આકારે છે. ત્યાં દેરાસરમાં પેસતાં શ્રી વીર ભગવાનના નિર્વાણ કલ્યાણકના પગલાં છે જેની પ્રતીષ્ઠા તેમના ભાઈ **નંદીવર્ધને** કરાવી હતી. તથા શ્રી **ગૌતમ** સ્વામીના પગલાં છે. ગભારા બહાર દેરામાં જમણે હાથે શ્રી **ચંદનબાળાના** પગલાં છે, પાછળ ખુણે બે બાજુએ શ્રી **સ્થુળીભદ્રના** તથા **દાદાજીના** પગલાં છે. અને એક ગભારામાં દીગમ્બરી મતની મુર્તીઓ છે. આ દેહરાનો દરવાજો નાનો છે તેથી નીચા પડી જવું પડે છે. **બીજું** દેરાસર તળાવ ઉપર બાબુ **બુધસીંગજીનું** બાંધેલુ **શ્રી મહાવીરસ્વામીનું** છે. જેમાં નીચે **દાદાજીના** પગલાં તથા ઉપર **ચોમુખજી** પણ છે. બાબુના દેરાની જોડે **સમોવસરણની** નવી રચના કરી છે. જેમાં પ્રાચીન સમોવસરણના પગલાં પધરાવેલાં છે. જેનાં દર્શનથી અતી આનંદ સાથે વૈરાગ્ય આવે છે. **અને ચોથું** દેરાસર તળાવ-

માં ભગવાનના નિર્વાણની જગ્યોએ જ્યાં ભગવાનની કંચ-
નમય દેહને ઇંદ્રાદિએ અગ્નિ સંસ્કાર કીધો હતો, ત્યાં હા-
લ એક સુંદર મંદીર છે. જે જળમંદીર કહેવાય છે. ત્યાં
ભગવાનના ચરણ કમળની સ્થાપના છે. જેની પ્રતીષ્ઠા તે-
મના ભાઈ નંદીવર્ધને કરાવેલી છે. આ ઉપરથી આ દેરા-
રાસર લગભગ પચીસસો વર્ષનું છે. એવું અનુમાન થાય
છે. વખતો વખત ઉદ્ધાર થતા આવ્યા હશે. દેરાસરમાં
ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, અને દાદાજીનાં પગલાં છે.
તથા બહાર સોળસતીનાં પગલાં છે. દેરાસરનો દેખાવ
ઘણોજ સરસ છે. ફરતું તળાવ છે::જેમાંના જીવો નિર્ભય
પણે કલોલ કરે છે. દેરાસરમાં દીગમ્બરીઓ પણ પુજા
કરે છે. આ તરફ દરેક ઠેકાણે સ્વેતામ્બરીના દેરાસરોમાં
દીગમ્બરીઓનો પ્રવેશ બહુ જણાય છે. તળાવની નજીકમાં
તેર વર્ષ ઉપર બંધાવેલી દીગમ્બરીની મોટી ધર્મશાળા છે.
અને તેમાં મહાવીરસ્વામીનું એક મોટું દેરાસર છે. દેરા-
સરમાં ગભારા બહાર ઉંમરા ઉપર વીગેરે ઠેકાણે રૂપીઆ
ચોંટાડેલા છે. આ નગરીમાં શ્રી વીરભગવાનનું કેવલજ્ઞાન
કલ્યાણક થયું છે. જળમંદીર ઉપરનો દેખાવ ઘણોજ
રમણીય છે. જે મુંબાઈના પાલવા અને વાલકે-

ારને પણ ભુલાવે છે. અત્રે વીર વિના સર્વત્ર સુન્યકાર ભાસે છે. વીર વીયોગી ભવ્ય પ્રાણીને અત્રે વીરનું સ્મરણ વીશેષ થાય છે. અહીંથી નીકળવાનું મન થતું નથી. આ સ્થળે શ્રી વીરભગવાનનું શ્રી દેવચંદ્ર મહારાજનું બનાવેલું સ્તવન યાદ આવે છે. તે નીચે મુજબ.

શ્રી મહાવીર સ્વામીનું દીવાળીનું સ્તવન.

મારગ દેસક મોક્ષનોરે, કેવલજ્ઞાન નિધાન;
ભાવ દયા સાગર પ્રભુરે, પરઉપગારી પ્રધાનોરે. ૧
વીર પ્રભુ સિદ્ધ થયા. એ ટેક.
સંઘ સકળ આધારોરે, હવે ઈણ ભરતમાં;
કોણ કરશે ઉપગારોરે; વીર પ્રભુ સિદ્ધ થયા. ૨
નાથ વિહુણું સૈન્ય જ્યુંરે, વીર વિહુણારે જીવ;
સાધે કોણ આધારથીરે, પરમાનંદ અભંગોરે. વીર૦ ૩
માત વિહુણો બાલ જ્યુંરે, અરહો પરહો અથડાય;
વીર વિહુણા જીવડારે, આકુળ વ્યાકુળ થાય રે. વીર૦ ૪
સંશય છેદક વીરનોરે, વિરહ તે કેમ ખમાય;
જે દીઠે સુખ ઉપજેરે, તે વિણ કેમ રહેવાયરે. વીર૦ ૫
નિર્યામક ભવ સમુદ્રનોરે; ભવે અટવિ સથ્થવાહ;
તે પરમેશ્વર વિણમળેરે, કેમ વાધે ઉતસાહોરે. વીર૦ ૬

વીર થકાં પણ શ્રુત તણોરે, હતો પરમ આધાર;
હવે ઈહાં શ્રુત આધાર છેરે, અહો જીન મુદ્રા સારરે. વીર. ૭
ત્રણ કાળે સવિજીવનેરે. આગમથી આણંદ;
સેવો ધ્યાવો ભવિજનારે, જિન પડિમા સુખ કંદોરે. વીર. ૮
ગણધર આચારજ મુનિરે, સહુને એણીપેરે સિધ્ધિ ભવ
ભવ આગમ સંઘથીરે, દેવચંદ્ર પદ લીધરે. વીર. ૯

અત્રે અમો મહા સુદ ૮ નો આખો દીવસ રહી ચારે દેરાસરોમાં સેવા પુજા ભાવથી કરી દીન આનંદમાં ગુજાર્યો. બપોરે દેરાસરમાં પંચ કલ્યાણકની પુજા ભણાવી રાતે આંગી રચાવી હતી. ભાવનામાં ઘીની ઉપજ સારી થઇ હતી. સંઘાળુ વર્ગ આ સ્થળની રમણીયતા જોઈ ઘણો આનંદમય દેખાતો હતો. કોઈના મુખ ઉપર દીલગીરી જણાતી નહોતી. પાવાપુરી એક નાનું ગામ છે અને કાંઇ પણ વસ્તુ મળતી નથી. અત્રેથી બે ગાઉ દુર એક ગામ છે જ્યાં સીધુ વીગેરે મળે છે. અહીં. પાવાપુરીમાં આગળ પાછળ કેટલેક દુર સુધી સીકાર કરવાની મનાઇ છે. અહીં કારતક શુદ ૧ ના દીવસે ઘણું માણસ ભરાય છે અને હજારો રૂપીઆની આવક થાય છે.

અહીં શુદ ૮ ના રોજ અમદાવાદવાળા બાઇ જમના

તે **શા મગનલાલ સરૂપની** વીધવા તરફથી સંઘ જમાડવામાં આવ્યો હતો. અમો શુદ ૯ ના રોજ પ્રભાતે અત્રેથી નીકળવાનું મન નહી હોવા છતાં, અમારે હજી ફરવાનું હોવાથી ફરીને જલદીથી આ ઉતમ તીર્થની ભેટ લેવાની ભગવાનને વીનંતી કરતાં થકાં શ્રી જૈન શાસનની જય બોલતાં અમો કુંડળપુર જવા રવાના થયા. પાવાપુરીનો વહીવટ બીહારવાળા **બાબુ**ઓ કરે છે.

કુંડલપુર.

માહા શુદ ૯ તા. ૨૨--૧—૦૭

બીહારથી પાંચ કોસ અને **પાવાપુરી**થી સાત કોસ દુર આ નગર આવ્યું છે. અમો પાવાપુરીથી સવારના સાત વાગે નીકળી બપોરે બે વાગે અત્રે આવી પહોંચ્યા. કુંડલપુરનું બીજું નામ વડગામ છે. અહીંનો પુજારી તો બીજું નામ ગોબર ગામ જણાવે છે. અહીં શ્રી ગૌતમ સ્વામીનો જનમ થયો હતો. અત્રે એક નાની ધર્મશાળા છે. તેમાં સાત આઠ ઓરડીઓ અને છુટક પડાળી છે. પોણોસો માણસ સમાય એટલી જગ્યા છે. ધર્મશાળામાં એક દેહરૂં છે જેમાં મુળનાયક શ્રી **આદીશ્વર** ભગવાનની સ્થા-

મ પ્રતીમા છે. દેરાસર દીગમ્બરીના કબજામાં છે. અમે અત્રે પુજા સેવા કરી સાંજે અમદાવાદ વાળા શા. મકનદાસ જોઇતાનો સંઘ જમ્યા. રાતે અત્રે દેરામાં ભાવના બેઠી હતી. અને આંગી રચાવવામાં આવી હતી. અત્રે શ્રી મહાવીર સ્વામીએ પુર્વે ધર્મ દેશના દીધી હતી. અત્રે ગૌતમ સ્વામીનું જનમ કલ્યાણુક છે. અમો શુદ ૮ રહી બીજી ૯ ની પ્રભાતે પાંચ વાગે અત્રેથી ચાર કોસ દુર આવેલી રાજગ્રહી નગરીએ જવા નીકળી પડયા.

રાજગ્રહી.

માહા શુદ ૯ તા. ૨૩—૧—૦૭

કુંડલપુરથી સવારે પાંચ વાગે નીકળી અગીઆર વાગે અત્રે આવી પહોંચ્યા. અત્રે એક મોટી વીશાળ સ્વેતામ્બરી ધર્મશાળા છે. તેમાં અમે ઉતારો રાખ્યો. આ નગરીમાં ત્રણ દેરા છે. જે એકજ મકાનમાં છે. જેમાં એકમાં મુલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. અને જોડે બીજા દેહેરામાં શ્રી મુનીસુવ્રતસ્વામી મુલનાયક તરીકે છે. અને ઉપર મુલનાયક શ્રી આદીશ્વર ભગવાન છે. પાર્શ્વનાથ ભગવાનનો ગભારો નવો થતો હોવાથી પ્રતીમા ઉપરના દેરામાં છે. જે પ્રતીમા અઢારસો વર્ષની પ્રાચીન છે. ગભારામાં

કામ ઘણુંજ સરસ કર્યું છે. જોડેજ દીગમ્બરીનો બીજો ગભારો છે. આ નગરીમાં શ્રી મુનીસુવ્રતસ્વામીના પ્રથમ ચારે કલ્યાણકો થયાં છે. અહીં રાજગ્રહીમાં શ્રી વીર ભગવાને અત્રે આવેલા વીપલાચલ, રત્નાગીરી, ઉદયાચળ, સોવનગીરી અને વૈભારગીરી વીગેરે પર્વતો ઉપર થઇ ચાદ ચોમાસાં કર્યાં છે. મગધદેશના શ્રેણીક (બંભસાર) રાજાની આ રાજધાની હતી. અભયકુમાર, મેઘકુમાર, તથા રિદ્ધિવંત ધનાશાલીભદ્ર પણ આજ નગરીમાં થઇ ગયા હતા. શાસ્ત્રમાં સાંભળેલી શાલીભદ્ર સંબંધી આશ્ચર્યકારક વાતો અહીં યાદ આવે છે. તેમના પીતા સ્વર્ગમાં દેવ થયા હતા, અને તેમની મદદથી દેવતાના ભોગ ભોગવતા હતા. તેમની બત્રીસ સ્ત્રીઓ નિત્ય નિત્ય નવીન અમુલ્ય વસ્ત્રાલંકારો નિર્માલ્યની માફક ઉતારી નાંખતી. શ્રેણીકરાજાની ચેલણા રાણી જેમાંની એકે નહીં પામી એવી સોળ રત્નકંબલો એમની વલ્લભાઓએ પગની રજને લુછીને ખાળમાં ફેંકી દીધી હતી. જ્યારે શ્રેણીક પોતાની હવેલીએ પધારયાની માતાજીએ વધામણી આપી ત્યારે તેમને કહાવ્યું કે "જો એ કરિયાણું મહામોઘું હોય તો પણ આપ કરશો તે મારે પ્રમાણ છે" વળતાં જ્યારે માતાએ જણા

હ્યું કે "એતો આપણા મહારાજા ધિરાજ છે" ત્યારે મનમાં "અહો હજી મારે માથે ધણી છે" એવો ખેદ કરી રાજાના આલીંગનને પણ કલેશરૂપ માની, સંસાર ઉપર વૈરાગ્ય લાવી શ્રી મહાવીરસ્વામી પાસે આઠ સ્ત્રીના ભર્તા પોતાના બનેવી ધના સાથે દિક્ષા અંગીકાર કરી. ધન્ય છે એમની રીદ્ધીને, સુકુમારતાને અને શુરવિરતાને એનું નામ જ ખરો વૈરાગ્ય કે જે છતી અપુર્વ વસ્તુને છડે.

હાલ તે પ્રાચીન નગરીની કાંઇપણ શોભા જોવા આપણે ભાગ્યવાન નથી. માત્ર એક નાનું ગામડું છે. અને તેમાં ખેદ ઉપજાવનાર શ્રેણીકનો સોન ભંડાર અને શાલીભદ્રની નિર્માલ્ય કુઇ વીગેરેની એંધાણીઓ નજરે પડે છે. ગામથી [ધર્મશાળાથી] અધ ગાઉ છેટે ડુંગરાની તળેટી આવે છે. ત્યાં સત્તર ઉંના તથા પાંચ ઠંડા એવા બાવીસ કુંડો છે ત્યાંથી પાંચ પહાડ ઉપર ચઢાય છે. ત્રણ પહાડનો એક અને બેનો એક રસ્તો છે. તેમ એક ઉપરથી પાંચે પહાડ ઉપર અનુક્રમે જવાય છે. બીજા ત્રીજા અને પાંચમાનો રસ્તો કઠણ છે. પાંચમાનો ચઢાવ દોઢ ગાઉનો છે. અને બાકીના બધાનો ગાઉ ગાઉનો છે. પાણીની તરસ છીપાવવા માટે ઉપર પાણીની સગવડ નથી.

અમે ખાસ રખાવી હતી. પહાડ ઉપર ડોળીમાં જવાય છે દરેક પહાડના રૂ. ૦–૮–૦ એ રીતે પાંચ પહાડના રૂ. ૨–૮–૦ અઢી અને ચોકીનો રૂ ૦–૧–૬ દોઢ આનો મળી રૂ ૨–૯–૬ નો ડોલીવાળાનો ઠરાવ છે. ઉચકામણી આ મજુરના પાંચ પહાડના રૂ. ૦–૧૦–૦ દશ આનાનો ઠરાવ છે. બધા રસ્તા સારા છે. કાંઇપણ ભય નથી. ડોળી· માં પાંચે પહાડ કરી એક વાગે પાછા નીચે આવી જવાય છે. અમે એક દીવસ બે અને એક દીવસ ત્રણ એમ ચઢ્યા હતાં. તેની વીગત.

વીપુલાચલ—અત્રે શ્રી મુનીસુવ્રત સ્વામીના મોક્ષ સિવાયના પ્રથમ ચાર કલ્યાણકો થયાં હતાં ઉપર જતાં પ્રથમ દેરીશ્રી એવંતા મુનીની આવે છે. આ મુની બાળ પણાથી વીર પ્રભુ પાસે ચારીત્ર લઈ કેવળ જ્ઞાન પામી અહીં અણસણ કરી મોક્ષે પહોંચ્યા હતા. આ કલ્યાણ· કોના સ્થાનકોમાં પગલાં તથા પ્રતીમાજી, કમળ ઉપરની શ્રી મહાવીર સ્વામીની પાદુકા તથા પ્રતીમાજી અને શ્રી મુનીસુવ્રતસ્વામી, ચંદ્રપ્રભુ, શ્રી આદીનાથ, શ્રી શાંતી- નાથ, અને શ્રી પાર્શ્વનાથના પગલાંના દર્શન કરી અમો ત્યાંથી બીજે રસ્તે ઉતરી રતનગીરી પહાડ ઉપર ગયા.

રતનગીરી—અત્રે શ્રી **શાંતીનાથ** અને **રીખવદેવ** ભગવાનની પ્રતિમા તથા શ્રી **વાસુપુજ્ય, પદમપ્રભુ, નેમીનાથ, શાંતીનાથ** તથા શ્રી **ચીંતામણ પાર્શ્વનાથ**ના પગલાં છે. આ પહાડ ઉપરથી ત્રીજા **ઉદયાચલ** ઉપર જવા ઉતરવાનો રસ્તો કઠણ છે.

ઉદયાચલ—અત્રે શ્રી **પાર્શ્વનાથ** ભગવાનનુ દેરાસર છે. ફરતાં ગોખમાં **અભીનંદનસ્વામી** તથા **સુમતીનાથ** ભગવાનની ચરણ પાદુકાઓ અને શ્રી **શાંતીનાથ** તથા **રીખવદેવ** ભગવાનની પ્રતીમાઓ અને બહાર પણ **શાંતીનાથ**ની પ્રતીમાના દર્શન કરી ચોથા પહાડ ઉપર ગયા.

સોવનગીરી—અત્રે શ્રી **રીખવદેવ** ભગવાનની પ્રતીમા તથા પગલાં અને શ્રી **મહાવીર** સ્વામીની પ્રતીમા છે. ત્યાંથી પાંચમા **વૈભારગીરી** ઉપર જવાય છે.

વૈભારગીરી—અત્રે શ્રી **મહાવીરસ્વામી**ની **સમોવસરણ ભુમી છે.** અત્રે પાંચ જુદી જુદી દેરીઓ છે જેમાં.

૧ **વાસુપુજ્ય** તથા **પદમપ્રભુ**ની પ્રતીમા તથા **શાંતીનાથ** અને **નેમનાથ**ના પગલાં.

૨ શ્રી **મહાવીર** સ્વામીની પ્રતીમા, ચોવીસ તીર્થંકરો કાઉસગ ધ્યાને તથા **નેમનાથ, શાંતીનાથ,** અને **પારસના-**

થની પાદુકાઓ છે.

૩ શ્રી **ચીં**તામણ **પા**ર્શ્વનાથની પ્રતીમા અને **મહા**વીર સ્વામી તથા **નેમ**નાથની પાદુકા.

૪ **ચો**વીસ તીર્થંકર ભગવાન, તથા **નેમ**નાથની પ્રતીમા અને **પા**ર્શ્વનાથના પગલાં.

૫ **પા**રસનાથ તથા **શાં**તીનાથ વીગેરે પ્રતીમાજીઓ.

અત્રેથી એક માઇલ ઉપર ચડાવે એક દેરી છે જેમાં **વા**સુપુજ્ય તથા **નેમ**નાથની પ્રતીમા છે. અને ગૌતમ માહિ અગીઆર ગણધરના પગલાં છે. અત્રે અગીઆરે ગણધરો મોક્ષે ગયેલા છે.

ચોથા પહાડ ઉપરથી પાંચમાએ જતાં નીચે શ્રેણીકનો ગુપ્ત ભંડાર (સોનભંડાર) એક ગુફામાં આવે છે. અને એથી આગળ જતાં ઉપર પાદપોપગમ અનશણ શીલા આવે છે જેના ઉપર ધનાશાલીભદ્ર અહાર પાણી ત્યાગ કરી ઝાડની પરે સ્થિર રહ્યા હતા. આ બધાંનાં દર્શન કરી પાછા રાજગ્રહીમાં આવવું પડે છે. પહાડ ઉપર રાત રહેવાતું નથી. અને ચાલીને પણ એક દીવસમાં પાંચે પહાડની યાત્રા થાય છે. પહાડ ઉપરની ઘણી પ્રતીમાજીઓ ખંડીત છે. ઉજલામણ મુદ્દલ નથી. પહાડ ઉપર

ચઢવાની ઘણી રમુજ પડે છે. અત્રે અમો શુદ ૯-૧૦-૧૧ રહ્યા. અને મહા સુદ ૧૨ ના બપોરે બાર વાગે ગુણીઆજી જવા ગાડામાં સ્વાર થયા.

અત્રે **રાજગ્રહીમાં** અમદાવાદવાલા બાંધ **પોપટ** તે **શા. મંગલદાસ** કાળીદાસની વીધવાનો અને **શા. મોતીલાલ અચરતલાલનો** એવા બે સંઘ જમ્યા હતા. ત્યાંથી ગુણીઆજી ગયા.

ગુણીઆજી.

મહા શુદ ૧૨ તા. ૨૬-૧-૦૭

રાજગ્રહીથી ગુણીઆજી સાત કોશ દુર છે. બપોરે બાર વાગે નીકળી રાત્રે આઠ વાગે અત્રે આવી પહોંચ્યા. અત્રે સ્વેતાંમ્બરી એક મોટી વીસાળ ધર્મશાળા છે. ઓરડીઓ થોડી છે પણ પડાલીઓ મહોટી છે. જેમાં દોઢસો માણસોનો સમાવેશ થાય તેમ છે. સ્થળ ઘણું સુશોભીત અને રમણીય છે, ગુણીઆજીને શાસ્ત્રમાં ગુણાવા અથવા ગુણશીલ ચૈત્યવંન કહે છે. જ્યાં શ્રી વીર ભગવાનના ૧૪ ચોમાસા થયાં હતાં. અહીં તળાવમાં એક દેરાસર છે જેમાં મુલનાયક શ્રી **મહાવીરસ્વામી** છે. ગભારામાં બીજી **નેમનાથની** તથા એક ધાતુની પ્રતીમા અને ગૌતમ સ્વામીના પગલાં

છે બહાર ભમતીમાં ઓટલા ઉપર ચોવીશ તીર્થંકરના અને અગીઆર ગણધરના અને ચાર બાજુએ ખુણામાં વીસ તીર્થંકર સીમરજી ઉપર રીદ્ધી પદને વર્યા તેના અને આદીશ્વર નેમનાથ વાસુપુજ્ય અને મહાવીરસ્વામી ના પગલાં છે. તળાવને કીનારે ધર્મશાળામાંથી દેરામાં જવાય છે. ધર્મશાળામાં એક કુવો છે તેનું પાણી સારૂં છે. અત્રેના લોકો અહીં ગૌતમ સ્વામી નીર્વાણ પામેલા જણાવે છે અને કેટલાંક કેવળજ્ઞાન થયેલું જણાવે છે. રાજગ્રહીમાં ગૌતમાદે અગીઆર ગણધરો મોક્ષે ગયેલા છે. તેમના ત્યાં પગલાં છે. ખરૂં શું ! તે જ્ઞાની જાણે. આ નાનું ગામડું છે ત્યાં કાંઇ મળતું નથી. અહીંથી એક માઇલ ઉપર નવાડા ગામ છે અને સ્ટેશન છે, ત્યાં બધું મળે છે. નવાડા સ્ટેશનથી લખીસરાઈ ૪૩ માઇલ દુર રેલવે માર્ગે છે. ટીકીટ ચાર્જ રૂ. ૦—૭—૩ છે. ત્યાંથી ભાગલપુર પણ જવાય છે. જળમંદીરનો દેખાવ રમણીય છે. અમો અત્રે માહા શુદ ૧૩નો દીવસ રહ્યા. પુજા સેવા સારી રીતે કરી અને સાંજે અમદાવાળા શા. નથુભાઇ ઉતમરામનો સંઘ જમ્યા. આંહીથી શુદ ૧૪ની પ્રભાતે પાંચવાગે લછવાડ (ક્ષત્રીકુંડ) જવા ગાડામાં નીકળી પડયા.

લછવાડ (ક્ષત્રીકુંડ)

માહા સુદ ૧૫ તા. ૧૯—૧—૦૭

અમો માહા શુદ ૧૪ની પ્રભાતે પાંચ વાગે ગાડા જોડાવી અત્રે આવવા નીકલી પડ્યા. બપોરે બે વાગે એક ગામમાં ભાગોળે પડાવ નાંખી રસોઇ બનાવી જમ્યા. અને ત્રણ વાગે ત્યાંથી ઉપડી પાછા સાંજે સાત વાગે એક નાના ગામની ભાગોળે પડાવ નાંખી રહ્યા. ત્યાં રાતના છ કલાક આરામ લઈ ભગવાનની સ્તુતી વીગેરેમાં પસાર કર્યા. અહીં ભાઈડાનો રાતી જગો અને બૈરાને ગાવાનું કર્યું હતું જેથી બધા ગાડાની સંભાળ રાખી શકાય. એ પ્રમાણે ત્યાંથી પાછા રાતના એક વાગે ગાડા જોડાવી સવારે નવ વાગતા અમો અત્રે આવી પહોંચ્યા. ગુણીઆજીથી ક્ષત્રી કુંડ આશરે સતર અઢાર ગાઉ થાય છે. પગ રસ્તે બે ત્રણ ગાઉનો ફેર પડે છે. પણ રસ્તો ઢાલ ઢરાલનો ઘણો ખરાબ આવે છે. બીજો કાંઇ પણ ભય નથી. અહીં મુ. ક્ષીદાબાદવાળા બાબુ ધનપતીસીંગની મોટી ધર્મશાળા છે. તેમાં નદી ઓળંગી મોટા ચડાવ ચઢી ગાડાને જવું પડે છે. જે ચડાવ સુધરાવવાની જરૂર છે. નહીં તો ત્યાં ગાડા ઉંધા પડવાની ધાસ્તી રહે છે. ધર્મશાળામાં એક દેરૂં છે. મુક્ષ

નાયક શ્રી **મહાવીરસ્વામી** છે. બહાર ભમતીમાં ચારે ખુણામાં ભગવાનના ચવન જનમ અને દીક્ષાના તથા દાદાજીનાં પગલાં છે. અહીંથી દોઢ ગાઉ દુર ક્ષત્રીકુંડ છે. જ્યાં કાંઇ પણ વસ્તી અથવા ગામ જેવું નથી. પુર્વે શ્રી વિરપ્રભુના પીતાશ્રીની રાજધાની હતી. ત્યાં હાલ ફક્ત ડુંગરો વીદ્યમાન છે. ડુંગર નીચે બે દેરીઓ છે જેમાં મહાવીર સ્વામીની સ્યામ પ્રતીમા છે. તથા ચવન અને દીક્ષાના પગલાં છે. ત્યાંથી પહાડ ઉપર જવાય છે. એક બે અનુક્રમે સાત ચઢાવ ચઢીને જવું પડે છે. ત્યાં એક દેરાસર છે જેમાં મહાવીરસ્વામી મુલનાયક છે. પ્રતીમા શામ છે તથા જનમ કલ્યાણકના પગલાં છે. તેજ જગ્યાએ પ્રભુનો જનમ થયેલો છે. ત્યાં નજીક એક નાળુ છે ત્યાં નાહી પુજા કરાય છે. સાત નાની નાની ડુંગરીઓ મળી એક પહાડ છે. જે રાજગ્રહીના એક પહાડની બરોબર છે. પહાડ ઉપર જવા ડોળી મળે છે. જેનો ચાર્જ રૂ. ૧-૮-૦ આપવાનો અત્રેનો ઠરાવ છે. છોકરાના ઉંચકામણીઆનો રૂ. ૦-૬-૦ ઠરાવ છે. આ નગરીમાં વીરપ્રભુના ચવન જનમ અને દીક્ષા એવાં ત્રણ કલ્યાણકો થયાં છે. અત્રે ડોળીઓ ધર્મશાળાએથી લઇ જઇ પાછી ત્યાંજ મુ-

કી જાય છે. અમો અત્રે શુદ ૧૫ તથા વદ ૧ એમ બે દીવસ રહ્યા. અત્રે સુદ ૧૫ ના રોજ અમદાવાદવાળા **શા મધાભાઈ જેઠાભાઇનો** સંઘ જમ્યો હતો. અત્રે વદ ૨ ની સવારે વરસાદ થયો હતો, અમો અત્રેથી માહા વદ ૨ ના રોજ કાકંદી જવા રવાના થયા.

કાકંદી નગરી.

લછુવાડથી આ નગરી ગાડાના રસ્તે દશ ગાઉ છે. અને પગ રસ્તે ૭ ગાઉ છે. (ગાઉ પાકા છે.) લખીસરાઇ નવ ગાઉ છે. અને કાકંદીથી ૭ ગાઉ છે. રસ્તો સારો છે. અમો વદ ૨ ના બપોરના બાર વાગે લછુવાડથી ઉપડી સાંજે સાત વાગે જંમુસણ નામના એક ગામ આગળ પહોંચ્યા. ત્યાં રાત રહ્યા. રાતનો વખત ભાઇડાનો રાત્રીજગો કરી ઇશ્વર સ્તુતીમાં પસાર કર્યો, ત્યાંથી પાછા સવારના ચાર વાગે ગાડા જોડાવી વદ ૩ ના સવારે આઠ વાગે અમો કાકંદી પહોંચ્યા. ગામમાં જવાનો ગાડાનો રસ્તો નહી હોવાથી ગામ બહાર ગાડા છોડી પગ રસ્તે ખેતરમાં ચાલી દર્શન કરી આવ્યાં. અત્રે એક દેરાસર છે, ને તેને લગતી એક નાની પચાસ માણસ

ઉતરે તેવી ધર્મશાળા છે. જે બંધાય છે. દેરાસરમાં મુલ-નાયક શ્રી **પાર્શ્વનાથ** છે. અત્રે નવમા તીર્થંકર શ્રી **સુવિધિનાથના** મોક્ષ સીવાયના ચાર કલ્યાણુકો થયાં છે. ત્યાં પુજા સેવા કરી પાછા ગાડા આગળ આવ્યાં. અહીં દુધ ઘણું સરસ રૂ ૦—૨—૦ પક્કો શેર મળે છે. આ નગરી એક નાનું ગામ છે. ત્યાં કાંઈ મળતું નથી. અત્રેથી નગરીએ પુરી થાય છે. બીજી કેટલીક નગરીઓ જેવી કે **સાવથ્થી**; પુરીમતલ નગરી અને **કોસંબી** તથા **માથીલા** નગરી વીગેરે છે તે હાલ વીચ્છેદ છે. જેમાંની **સાવથ્થી**નગરી—ફૈજાબાદથી ત્રીસ કોસ પગ રસ્તે છે. ત્યાં **ત્રીજા** તીર્થંકરના મોક્ષ સીવાયના ચાર કલ્યાણુકો થયેલા છે. **પુરીમતાલ** તીર્થ—જે હાલ અલાહબાદમાં બે ગાઉ દુર કીલ્લો છે, તે સ્થળ કહેવાય છે. ત્યાં **પ્રથમજીનનું** કેવળજ્ઞાન કલ્યાણક થયેલુ છે. **કોસંબી** નગરી—અલાહબાદથી ૧૮ ગાઉ દુર પગરસ્તે **પ**-પોસા ગામ છે ત્યાં છે. ત્યાં આગળ છઠ્ઠા જીનના મોક્ષ સીવાયના પ્રથમ ચાર કલ્યાણુકો થયેલા છે. **ભદ્દીલપુર** નગરી ગયાજીથી ૧૫ ગાઉ દુર હટવરીઆ ગામ છે ત્યાં આગળ છે, ત્યાં દસમા જીનનામોક્ષ સીવાયના પ્રથમ ચાર કલ્યાણુકો થયેલા છે.

અલાહાબાદથી ગયાનું ભાડુ રૂ. ૩-૧૧-૦ છે. **મીથીલા** નગરી-લખીસરાઇથી મોકામા સ્ટેશન જઇ ગંગાજીમાં સ્ટીમરમાં દરભંગે જઇ **સી**તામડી સ્ટેશન ૧૦૨ માઇલ દુર જવું. જ્યાં આગળ ઓગણીસમા અને **એ**કવીસમા જીન ના મોક્ષ સીવાયના પ્રથમ ચાર એવા આઠ કલ્યાણકો થયા છે. આ ચારે નગરીઓના તીર્થ હાલ વીચ્છેદ છે. ત્યાં કાંઇ પણ તીર્થની એંધાણી નથી. ફક્ત ક્ષેત્ર ફરસના છે. **મી**થીલા નગરીમાંથી શ્રી મલ્લીનાથ અને **ન**મીનાથની પ્રતીમાજીઓ લાવી હાલમાં **ભા**ગલપુરમાં શ્રી મહાવીર સ્વામીના દેરામાં પધરાવી છે. અમો કાકંદી નગરીથી વદ ૩ ની બપોરે એક વાગે ગાડાં જોડાવી ત્યાંથી ચાર ગાઉ દુર **લખી**સરાઈ સાંજે ૭ વાગે પહોંચ્યા.

લખીસરાઇ.

મહા વદ ૩ ની સાંજે તા. ૧-૨-૦૭.

અમો અત્રે ધર્મશાળા નહી હોવાથી નદી ઉતરી સામે પાર કીયુલ સ્ટેશનની સામે કલકત્તાવાળા મારવાડી ની ધર્મશાળામાં ઉતર્યા. લખીસરાઈના સ્ટેશનેથી પુજા ઓ· ળંગી ધર્મશાળાએ જતાં દુર પડે છે. જમણાજીનો પુલ મો·

ટા અને લાંબો છે. બીહારથી નગરીઓ ફરી છેવટે સી·
ખરજી જવા લખીસરાઈ આવવું પડે છે. નગરીઓ ફર-
વાનું બીજા કોઈ પણ રસ્તા કરતાં બીહારથી ઘણું સુગમ
પડે છે. કેટલાંએક લોકો લખીસરાઈથી નગરીઓ ફરેછે.
લખીસરાઇથી નગરીઓ ફરવાને ગાડાઓ ઘણા નાના મળે
છે. ગાડાઓની બેઠક ખરાબ, બળદ નાના અને મુડદાલ
જેવાં, બરોબર ચાલે નહી તેવાં, તેમજ ગાડાઓ બે
ડોલ અને સામાન સાથે ત્રણ માણસો પણ ન બેસે તેવાં
હોય છે. નગરીઓ ફરતાં રસ્તામાં કોઈ કોઇ રસ્તા ઢાલ
ઢરાલવાળા ખરાબ આવવાથી આવા ગાડામાં જતાં ઘણી
મુશીબત વેઠવી પડે છે. માટે નગરીઓ બીહારથીજ ફર·
વી સારી છે. અમોને આગળથી ખબર પડવાથી અમો
કાશીથી પટણા બખતીઆપુર થઇ બારોબાર બીહાર ગયાં,
અને ત્યાંથી ગાડા કરી નગરીઓ ફરવા ગયા હતાં. બી·
હારના ગાડા મોટાં, બેઠકો સારી, બળદ પણ સારાં,
અને સામાન સાથે પાંચથી છ સ્વારી આરામથી બેસી શ·
કે તેવાં છે. અમે ગાડાઓનું ભાડું દીવસ ૧ નું રૂ.
૧—૦—૦ લેખે ઠરાવી નગરીઓ ફરવાને દીવસ ૧૭ મુ·
કરર કરી બીહારથી વીદાય થયાં પણ ગાડાવાળાઓને છુ·
ટક ઠરાવેલું હોવાથી દીવસ વધે તો પેદાસ વધે એવા

લોભથી તેઓ ગાડા હાંકવામાં લુચ્ચાઇ કરવા લાગ્યાં. બ-ળદ સારાં હોવા છતાં અમને ધાર્યા કરતાં મોડા પહોંચા-ડતા હોવાથી છેવટે ગુણીઆજીમાં અમારે ઉધડ ઠરાવવું પડ્યું. ઉધડ રૂ. ૧૬—૦—૦ ઠરાવ્યા, અને પછી ગાડા-ઓ બરોબર હાંકવાથી અમો દીન ૧૪ માં બધી નગરીઓ કરી રહ્યાં. માટે હવેથી દરેક જણે બીહારથી ગાડા કરી તેનું ભાડું ઉધડ ઠરાવવું વધારે સલાહ ભરેલું છે. અને તેમ કરતાં દરેક નગરીમા અમારી માફક રહેશે તો પણ બાર દીવસમાં પણ ધારશે તો બધી નગરીઓ ફરી રહે-શે. નગરીઓ ફરતાં સીધુ સામાન સાથે રાખવાની જરૂર છે, કારણ નગરીઓમાં જોઇએ તેવું મળતું નથી. અહીંથી સીખરજી જવું સુગમ પડે છે. અમો સીખરજી જવા સારૂં અત્રેથી મહા વદ ૪ ના રોજ રાતની ગાડા અગીઆરની ટ્રેનમાં ગીરીડી જવાં ઇસ્ટ ઇન્ડીઆ રેલ્વેમાં વીદાય થયાં.

ગીરીડી.

માહા વદ ૫ તા. ૨–૨–૦૭

લખીસરાઇથી ગીરીડીનું ભાડું રૂ ૧–૫–૩ છે. ગીરીડી જતાં રસ્તામાં મધુપુર જંકશન આવે છે. મધુપુરથી ગીરાડીની એક નાની બ્રેન્ચ નીકળેલી હોવાથી મધુપુરમાં

ગીરીડી જવા સારૂં ટ્રેન બદલવી પડે છે. અમો લખીસરાઇથી વદ ૪ની રાતે ક. ૧૧-૩૦ ની ટ્રેનમાં ઉપડી વદ ૫ની સવારે લગભગ સાડા ત્રણ વાગે મધુપુર આવ્યાં. અને ડબામાંજ પડી રહ્યાં. સવારે સાડા આઠ વાગે ત્યાંથી ઉપડી લગભગ અગીઆર વાગે અત્રે આવ્યાં. અત્રે સ્ટેશની સામે એક નાની સ્વેતાંબરી ધર્મશાળા છે. તેમાં મુકામ કર્યો. ધર્મશાળા નાની છે તેમાં ૭ સાત ઓરડીઓ આશરે છે. અહીં ધર્મશાળામાં શ્રી **સુપાર્શ્વનાથ** ભગવાનનું એક સુંદર દેહેરૂં છે તેમાં અમે પુજા સેવા કરી. ગીરીડી એક નાનું શહેર છે. સીધુ સામાન વીગેરે મળે છે. અત્રે હરડે સસ્તી મળે છે. અહીંથી સીખરજી જવાય છે. **મધુબન** અત્રેથી ૧૮ માઇલ દુર છે. રસ્તો સારો છે પણ ચઢાવમાં છે. સીખરજીનો પહાડ ગીરીડીથીજ શરૂ થાય છે. પણ મધુબન સુધી ગાડા જઇ શકે છે. અમો વદ ૫નો દીવસ રહી રાતે ગાડા કરી વદ ૬ની સવારે પાંચ વાગે ગીરીડીથી વીદાય થયા. ગાડાનું ભાડું રૂ ૨-૪-૦ અને રૂ ૦-૨-૩ ચોકીના મળી રૂ ૨-૬-૩ ઠરાવ્યું. ગાડાની સંખ્યા ૩૫ની હતી.

શ્રી શિખરગિરિના સ્તવન

ચાલો ચાલો શિખરગિરિ જઇએરે, ચાલો૦

વીસ જિણંદ મુકતે ગયા. ચાલો૦

પાલગંજમાં સફલ બોલાઈ, મધુબનમે જઇ રહીયેરે. વી. ૧
આઠ મંદીર હૈ શ્વેતાંબરકા, તીન દિગમ્બરી લહીયેરે. વી. ૨
સીતા નાળે નિર્મળ થઇને, કેશર પ્યાલા ગ્રહીયેરે. વી. ૩
વિષમ પહાડકી કુંજ ગલનમે, શીતલતા બહુ લહીયેરે. વી. ૪
પશ્ચિમ આઠ પૂર્વ દિશિબારે, વીસ ટુંક જિનપદ લહીયેરે. વી. ૫
શામલીયા પારસકો મંદીર, બિચ શિખરપર સોહીયેરે. વી. ૬
વીશ ટુંક જિન પુજન કરકે, નરભવ લાહો લહીયેરે. વી. ૭
ઓગણીસેં ઇગીયારા મહા વદિ, એકાદશી વિધુ કહીયેરે. વી. ૮
સંઘ સહિત યાત્રા ભઈ સફલી, વિનય નમત ગુણ
ગહીયેરે. વીશ૦ ૯

મધુબન. (પારસનાથ--સીખરજી)

માહા વદ ૬ તા. ૩-૨-૦૭

અમો ગીરીડીથી સવારે પાંચ વાગે ગાડામાં નીકળી સુમારે નવ વાગે રજુઆલીકા નદીએ આવ્યા. જે ગા. રીડીથી ચાર ગાઉ દુર છે. આ નદી કીનારે ચરમ તીર્થંકર શ્રી વીરપ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું. અત્રે એક નાનું દેરાસર બાંધી તેમાં ભગવાનનાં ચરણ કમળની

સ્થાપના કરેલી છે. અને તેમાં નેમનાથ ભગવાનની એક પ્રતિમા પણ છે. આ સ્થળ ઘણું પ્રભાવીક છે, અને ત્યાં અવશ્ય દર્શન કરવા લાયક છે. અમે ત્યાં દર્શન કરી ગાડામાં બેશી બપોરે લગભગ અઢી વાગે અત્રે મધુબન આવી પહોંચ્યા. રજુઆલીકા નદીથી મધુબન પાંચ ગાઉ દુર છે. ગીરીડીથી નીકળી બે ગાઉ દુર આવ્યા પછી વર્ષાદની શરૂઆત થઈ હતી તે નદી ઉપર અને પેલી બાજુ લગભગ અડધા રસ્તે અમને વર્ષાદ પુસ્કળ નડયો હતો. અત્રે બે મોટી શ્વેતાંમ્બરી ધર્મશાળા છે. જેમાંની એક રાજનગરના સુપ્રસીદ્ધ શેઠાણી હરકોર બાઇની અને બીજી અજીમગંજ નિવાસી બાબુ ધનપતીસીંગજીની છે. આ સ્થળ ઘણુંજ રમણીય અને મનહર છે. ભુમી ઘણી ઉત્તમ અને રસાળ છે. મધુબન તે મધુબનજ છે. અત્રેની બે ધર્મશાળામાં મળી લગભગ હઝાર માણુસોનો સમાવેશ થઈ શકે તેમ છે. અમારો મુકામ બાબુ ધનપતીસીંગની ધર્મશાળામાં રાખ્યો હતો. અત્રે ધર્મશાળાની નજીકમાંજ સ્વેતામ્બરી મોટાં દશ જીનાલય છે જે ઘણાં સુંદર અને રળીઆમણાં છે. દેરાસરોની વીગત નીચે પ્રમાણે.

૪ **શ્રી પાર્શ્વનાથ**ના ૨ **શ્રી સામલા પાર્શ્વનાથ**ના, ૨ **શ્રી સુપાર્શ્વનાથ**ના ૧ શ્રી **ચંદ્રપ્રભુ**નું ૧ શ્રી **શુભસ્વામી** ગણધરનું.

આ પ્રમાણે દશ દેરાસરો **શીખરબંધ** છે. મેડા ઉપર ત્રણ ઠેકાણે શ્રી **ચંદ્રપ્રભુ, સંભવનાથ**, અને **સુપાર્શ્વનાથ** ચોમુખજી વીગેરે છે. ધર્મશાળાની બાજુમાં બીજી બે દીગમ્બરી વીસાપંથી અને તેરાપંથીની ધર્મશાળા છે. આ સ્થળ **મધુબન** અથવાતો **પારસનાથ** નામથી સર્વત્ર પ્રસિદ્ધ છે. પહાડ ઉપરનો રસ્તો ધર્મશાળાના દરવાજેથીજ શરૂ થાય છે, ચઢાવ કઠણ છે. ઠેઠ સુધી માટીની સડક બાંધેલી છે. પથર ચેકવાના સુદલ આવતા નથી. એકંદર ચઢાવ અઢાર માઇલ (નવ ગાઉનો) ચોવીસ ટુંકો ફરીને આવતાં થાય છે. આ પહાડની ઉપર શેત્રુંજાની માફક ચામડાના બુટ નહી પહેરતાં કેન્ટાન શુઝ પહેરવાનો રીવાજ છે. અમો બધા વદ ૬ નારોજ આવી મધુબનમાં બધા દેહેરે દર્શન કર્યા અને રાત્રે સંઘવી તરફથી બીજે દીવસે ચોવીસ ટુંકે ફરી દર્શન કરવાનો ટેલીઓ ફરવાથી વદ ૭ ની પ્રભાતે ચાર વાગે બધા સંઘે પાર્શ્વનાથ ભગવાનની જય બોલાવતાં ઉપર ચઢવા માંડયું. દોઢ

ગાઉ ઉપર ચઢયા એટલે ગંધર્વનાળુ આવ્યું, ત્યાં આગળ વિશ્રામ સ્થાન જેવું બાંધેલું છે જેને તળાટી કહે છે. આ ઠેકાણે પહાડ ઉપર યાત્રા કરી પાછા ફરતાં યાત્રાળુઓને આઠમ ચૌદસ અને પાંચમ સીવાય બીજા દીવસે કારખાના તરફથી ભાતું આપવામાં આવે છે. અહીં જરા બેસી આગલ ચાલતાં થોડે દુર ગયા એટલે બે રસ્તાં આવ્યા, જેમાં ડાબા હાથ તરફ જતાં **સીતાનાળાનો** રસ્તો એવું બોર્ડ મારેલું છે. ત્યાંથી શ્રી **સામલાજીની** ટુંકે જવાતું હતું, અને સીધા જવાથી **પારસનાથની** મોટી ટુંકે જવાતું હતું. **પારસનાથની ટુંકેથી** બધી ટુંકે જવું સુગમ પડે છે. અમો પ્રથમ **પાર્શ્વનાથની** ટુંકે ગયા. આ ટુંકમાં શ્રી **પાર્શ્વનાથની** ચરણ પાદુકા છે, અને અહીં તેઓ મોક્ષે ગયાં છે. આ ટુંક ઉપર જતાં ચોરાસી પગથીયા ચડવા પડે છે. અત્રે દર્શન કરી પગથીઆં નીચે ઉતરી જમણી બાજુ આગળ જતાં **નેમનાથ, અજીતનાથ, વીમલનાથ, સુપાર્શ્વનાથ, માહાવીરસ્વામી, શાંતીનાથ, સુમતીનાથ, ધર્મનાથ, ચોવીસ** તીર્થંકર અને પાર્શ્વનાથના દશ **ગણધરના** પગલાં, **કુંથુનાથ, નમીનાથ, અરનાથ, મલ્લીનાથ, શ્રેયાંસનાથ, સુવિધિનાથ, પદમપ્રભુ, મુનીસુવ્રતસ્વા**

મી, **ચંદ્રપ્રભુ**, **આદીશ્વર**, **શીતલનાથ**, **અનંતનાથ**, **સંભ**-
વનાથ, વાસુપુજ્યસ્વામી, અને **અભીનંદન** સ્વામી વીગેરે
ભગવાનની જુદી જુદી ટુંકો ફરતી થોડે થોડે છેટે આવે-
લી છે. આ બધી ટુંકોમાં ભગવાનની ચરણ પાદુકાઓ છે.
આમાં **પદ્મપ્રભુ**, મુનીસુવ્રતસ્વામી, **ચંદ્રપ્રભુ**, **આદીશ્વર**,
શીતલનાથ, એ પાંચ ટુંકો જુદી જુદી ડુંગરીઓ ઉપર
અલગ આવેલી છે. જેમાં સૌથી ઉંચી અલગ ડુંગરી શ્રી
ચંદ્રપ્રભુની છે, જેનો ચઢાવ પણ કઠણ છે. આ બધી ટું-
કોની વચમાં તરણ તારણ, ભવ દુઃખવારણ, અષ્ટ કર્મને
ચકચુર કરનાર અને રાગદ્વેષ રહીત એવા **શ્રી સામલી-
આ પાર્શ્વનાથની** મોટી ટુંક છે. આ ટુંકમાં આવવાનો
રસ્તો સીતાનાળાએથી આવતાં કુંથુનાથની ટુંક આગળથી
નીકળે છે. અને બીજો રસ્તો બધી ટુંકે ફરતાં સંભવના-
થની ટુંક આગળથી નીકળે છે. દેરાસરમાં મુળનાયક શ્રી
સ્યામલા પાર્શ્વનાથની શાંત અને મનહર પ્રાચીન મુર્તી
બિરાજમાન છે. પ્રતીમાજી અલૌકીક છે. પ્રભુના ગભારામાં
અભીનંદન, **શીતલનાથ**, **સહસ્ત્રફણા પાર્શ્વનાથ**, વીગેરે
અન્ય પ્રતીમાજીઓ પણ બીરાજમાન છે. અમો ચોવીસે
ટુંકો ફરી અત્રે આવ્યા. અત્રે નાહાવાની સગવડ છે પણ

દીલગીર થવા જેવું એ જે છે કે નાહાવાનું પાણી મહારાજની પાછળ ભીંત છે તેની પછીતે થાય છે. અને ત્યાં બધા નહાય છે. તેથી ઘણી આશાતના થાય છે. આ સંબંધમાં અમે અત્રેના વહીવટ કરનાર બાબુ લખમીચંદજી જે ગીરીડીમાં રહે છે તેમને સુચના કરી છે. અમો રાજનગરથી નીકળી લગભગ સવા બે મહીને ઘણાં ગામ નગર નદીનાળાં પરવતો વીગેરે ઓળંગી બહુ પરીશ્રમે ભગવાનના દરબારે આવી પહોંચ્યા અને ભગવાનનો દેદાર નીરખી અમારો જનમ સફળ કર્યો. પુર્વ દીશામાં આવેલા મોક્ષના દ્વારરૂપ આ ઉત્તમ તીર્થની ફરસના કરી અમારી દેહ પાવન કરી. કળીકાળે આ ઉત્તમ તીર્થ ભવીજીવને તારવાને એક સાધન રૂપ છે. નંદીશ્વર દ્વીપની જાત્રા કરવાથી જેટલું પુન્ય થાય છે. તેનાથી એક હજાર ગણું પુન્ય આ તીર્થની યાત્રા કરવાથી થાય છે, એવું શાસ્ત્રકારો કહે છે. આ પહાડ ઉપર પુર્વે શ્રી આદીશ્વર, વાસુપુજ્ય. નેમનાથ અને મહાવીરસ્વામી સીવાય બાકીના વીસ તીર્થંકરો ૨૭૩૪૯ મુનીઓ સાથે સિધ્ધીપદને પામ્યા છે. આદીશ્વર, વાસુપુજ્ય, નેમનાથ, અને મહાવીરસ્વામીની પણ નવી ટુંકો બાંધી તેમાં તેમની ચરણપાદુકાઓ સ્થાપેલી છે. વળી સગર ચક્ર-

વૃતી છ ખંડની રાજરિદ્ધિ છોડી સંખ્યાબંધ પરિવાર સાથે આજ સ્થળે મોક્ષે ગયા છે. તેમ શ્રી શાંતીનાથ ભગવાનના પુત્ર **રાજરીષીશ્વર પણ** અનેક મુનીઓ સાથે આ તીર્થ ઉપર નીર્વાણ પામ્યા છે. એવા ઉતમ તીર્થને ભેટવાથી તેજ વખતનો આબેહુબ ચીતાર નજર આગળ ખડો થાય છે. કર્મરૂપી મેળને ધોવા અને આત્મશુદ્ધિને ખાતર આવા પવિત્ર સ્થળને ભેટવાની ખાસ જરૂર છે. જે પુરા ભાગ્યશાળી હશે તેજ આ તીર્થની ફરસના કરશે. અમે અમારા મોટા પુન્ય ઉદયે આ તીર્થને ભેટવાને ભાગ્યવાન થયા. અત્રે નાહી, પુજા કરી ચૈત્યવંદન સ્તવનો વીગેરે કહી નીચે ઉતર્યા.

શ્રી સમેતસીખર ગીરી ભેટવાનું સ્તવન.

આજ સુખનો દીન ઉગીયો હો શ્રી ગીરીરાજ નરખીયા.

એ દેશી. ॥

આજ સફળ દીન ઉગ્યો હો શ્રી સમેતશીખર ગીરી ભેટીઆ ॥ કાંઇ જાગ્યા પુન્ય અંકુર ॥ ભુલ અનાદીની ભાગી હો અબ જાગી સમકીતી વાસના ॥ કાંઇ પ્રગટયો આનંદપુર ॥ આજ૦ ॥૧॥ વીષમ પહાડની ઝાડી હો નદી આડી ઓળંગી ઘણી ॥ કાંઇ ઓળંગ્યા બહુ દેશ ॥ શ્રી ગેરીરાજને

નરખી હો મન હરખી દુખડા વીસર્યા ॥ મુજ પ્રગટયો ભાવ વીશેષ ॥ આજ૦ ॥૨॥ વીશે ટુંકે ભગતેહો ભલી જુગતે વીશ જીનપતી ॥ મેં ભેટયા ધરી બહુ ભાવ ॥ શામલા પાસજી પુજ્યા હો તવ ધુજ્યા મોહાદિક રીપુ ॥ એ તીરથ ભવજલનાવ ॥ આજ૦ ॥૩॥ તીરથ સેવા મેવા હો મુજ હેવા લેવાને ઘણું ॥ તે પામ્યો પુરણ આજ ॥ તીન ભુવન ઠકુરાઇ હો મુજ આઈ સઘળી હાથમે ॥ મુજ સીધ્યાં સઘળાં કાજ ॥ આજ૦ ॥૪॥ પાસ આશ મુજ પુરે હો દુઃખ ચુરે સામળીયો સદા ॥ એ તેવીસમો મહારાજ ॥ એ પ્રભુના પદ પદમે હો સુખ સદમે મુજ મન મોહ્યું ॥ કવી રૂપવીજય કહે આજ ॥ આજ૦ ॥૫॥

સ્તવન ૨ જું.

તુંહી નમો નમો સમેતશિખર ગિરિ. આદીશ્વર અષ્ટાપદ સિદ્ધા;
વાસુપુજ્ય ચંપાપુરી. તુંહી૦
નેમ ગયા ગિરનારે મુકતે, વિર પાવન પાવાપુરી. તું૦
વીશ ટુંકે વીશ જીનેશ્વર. સિદ્ધા અણસણ આદરી. તું૦
જ્યોતિસ્વરૂપે હુઆ જગદીશ્વર, અષ્ટ કર્મનો ક્ષય કરી. તું૦
પશ્ચિમ દિશી શેત્રુંજો તીરથ, પુરવ સમેતશિખરગિરિ. તું૦

મોક્ષ નગરના દોય દરવાજા, ભવિક જીવ રહ્યા સંચરી. તું૦
જગવ્યાપક જે અક્ષર સાહેબ, પાપસંતાપ કાટન ગિરિ. તું૦
મોટું તીરથ મોટો મહિમા, ગુણ ગાવત સુરાસુરી. તું૦
વિષમ પહાડ ઉજાડ ચિહું દિશિ. ચોર ચરડ રહ્યાં સંચરી. તું૦
ભયંકર ડુંગર ભૂમિ ડરાવણ, દેખત ડુંગર થરથરી. તું૦
સંવત સત્તરસે સુમાલે, ચૈત શુદી ચોથે ધરી. તું૦
કહે જિન હર્ષ વીશે ટુંકે, ભાવશું ચૈત્યવંદન કરી. તું૦

સ્તવન ત્રીજું.

સમેતસીખર જીન વંદીએ ॥ મોટું તિરથ એહરે ॥ પાર પમાડે ભવતણો ॥ તીરથ કહીએ તેહરે ॥ સ૦ ॥ ૧ ॥ અજીતથી સુમતી જીણંદ લગે ॥ સહસ મુની પરીવારરે ॥ પદમપ્રભુ શીવ સુખ વરયા ॥ ત્રણસે આડ અણગારરે॥ સ૦॥ ૨ ॥ પાંચસે મુની પરીવારશું ॥ શ્રી સુપાસ જીણંદરે ॥ ચંદ્રપ્રભુથી શ્રેયાંસ લગે ॥ સાથે સહસ મુણંદરે ॥ સ૦ ॥ ૩ ॥ છ હજાર મુનીરાજશું ॥ વિમલ જીનેશ્વર સિદ્ધારે ॥ સાત સહસશું ચૌદમાં ॥ નિજ કારજ વર કીધારે ॥ સ૦ ॥૪॥ એકસો આઠશું ધર્મજી ॥ નવસેશું શાંતીનાથરે ॥ કુંથુ અર એક સહસશું ॥ સાચો શીવપુર સાથરે ॥ સ૦ ॥૫॥ મલ્લીનાથ સત પાંચશું ॥ મુની નમી એક હજારરે. ॥ તેત્રીસ મુનીયુત પા-

સજી ॥ વરીઆ શીવપુર સારરે ॥ સ૦ ॥૬॥ સત્તાવીસ સહસ ત્રણુસો ॥ ઉપર ઓગણપંચાસરે ॥ જીન પરીકર બીજા કેઇ ॥ પામ્યા શીવસુખ વાસરે ॥ સ૦ ॥૭॥ એ વીસે જીણુ એણે ગીરી ॥ સીદ્ધા અણુસણ લેઇરે ॥ પદમવીજય કહે પ્રણુમીએ ॥ પાસ સામળનું ચેઇરે ॥ સ૦ ૮ ॥

સ્તવન ચોથું.

તુમેતો ભલે બીરાજોજી, સામલીઆ મહારાજ સીખરપર ભલે બીરાજોજી. ભલે બીરાજોજી, વીશાળી મહારાજ સીખરપર ભલે બીરાજોજી. ઉંચા નીચા પર્વત સોહીએ, તળે ભીલમકા વાસા; પેર પેર ત્યાં સીંહ ધડુકે, જીહાં લીયા તુમવાસા. ॥ તુમેતો ॥ એરે ધાટા ચોકી લાગે, શ્રાવક જાવન પાવે; હુકમ હુવો શ્રી પાસ જીણુંદકો, બોંય પકડ લેઇ આવે. ॥તુમેતો ॥ ટુંક ટુંક તીહાં ધજા ચડાવી, ઝાલરને ઝમકારે, ઝાલરને ઝમકારે શોતી, અવીચળ વાજાંવાગે ॥ તુમેતો ॥ દેશ દેશના યાત્રી આવે, પુજા આંગી રચાવે, અષ્ટ દ્રવ્ય પુજામાં લાવે, મન વાંછીત ફળ પાવે. ॥તુમેતો ॥ સુરીનર મુનીવર વંદન આવે, મહા પરમ સુખ પાવે; ચરણુ કુશળ ચરણુકો સેવક, હરખ નરખગુણુ ગાવે. ॥ તુમેતો ॥

સ્તવન પાંચમું.

કોયલ ટહુક રહીજ મધુવનમાં, રહીજ મધુ વનમાં. ॥
પાર્શ્વ પ્રભુ વસીઆ મેરા દીલમાં ॥
બાલપણે પ્રભુ અદ્દભુત જ્ઞાની ॥
સુરપતી નાગ કીયો એક છીનમાં. ॥ કો૦ ૧
નાગ નાગની છત્ર બીરાજે ॥
તાપસનું માન ગયું એક છીનમાં ॥ કો૦ ૨
લેઇ દીક્ષા પ્રભુ વીચરણ ગયાતા ॥
નીત્ય રહ્યા પ્રભુ સંજમ રંગમાં ॥ કો૦ ૩
તાપશે માનનો કોપ કીયો છે ॥
પ્રભુજને ઉપસર્ગ આપ દીયો છે. ॥ કો૦ ૪
ધરણેંદ્ર પદમાવતી આવ્યાં. ॥
પ્રભુજીની સાજ કરી એક છીનમાં. ॥ કો૦ ૫
સમેતસીખર પ્રભુ મોક્ષ સધાયા. ॥
પ્રભુજીના દરિશન ત્રણ ભુવનમાં ॥ કો૦ ૬
ભુખણ સેવકની આવીરે અરજ છે ॥
મન અટકયું પ્રભુ ચરણ કમળશું ॥ કો૦ ૭
દીલ અટકયું પ્રભુ ચરણ કમળ શું ॥

આ પહાડ ઘણોજ ઉંચો અને વીશાળ છે. તેમાં આવેલી સુંદર ઝાડીઓની ઘટાથી મનને ઘણી રમુજ આપે છે. વળી તેમાં આવેલી અનેક પ્રકારની ઔષધીઓથી સાક્ષાત કનકમય આ પહાડ ગણાય છે. પહાડ ઉપર ડોળીઓ જાય છે. તેનો ચારજ રૂ ૨-૮-૦ ઠરાવેલો છે. અહી રૂપીઆમાં બધી ટુંકોએ દર્શન કરાવી ધર્મશાળામાં પાછા સુધી જાય છે. અત્રેનું પાણી ઘણું સરસ છે. હવા પણ સારી છે. ફાગણ શુદ ૧૫ પછી આ દેશ ગરમ હોવાથી અત્રે ભીલામાં ફુટી નીકળે છે ને તેથી અત્રેનું પાણી બગડે છે. ત્યાર પછી અત્રે કોઇ રહેતું નથી. પાછું કારતક સુદ ૧૫ પછી આ પાણી સુધરે છે. આ કારણથી યાત્રાળુ લોકો ફા. સુદ ૧૫ પહેલાં જાત્રા કરી અહીંથી નીકળી જાય છે. યાત્રાળુ આવે છે તે વખતે અત્રે સીધુ સામાન મળે છે. અત્રે એક મોદીની દુકાન છે. અહીં વર્સાદનું જોર વધારે છે અને તે બારે માશ રહે છે. વર્સાદ હોય છે ત્યારે પહાડ ઉપર ચઢતાં ઉતરતાં ઘણી મુશીબત પડે છે. અત્રેના લોકો કહે છે કે કોઇપણ સંઘ આવે છે. ત્યારે ખાસ કરી વર્સાદ આવે છે.

ધર્મશાળાની બાજુમાં આવેલી દીગમ્બરી ધર્મશાળા

ઓમાં દીગમ્બરીના સુંદર દેરાસરો છે તે જોવા લાયક છે. ઉજલામણુ સારી છે. અત્રે મધુબનમાં પહેલાં ચરબીનું કારખાનું તથા સ્લોટર હાઉસ (કસાઇ ખાતું) નીકળ્યાં હતાં. તેના માટે કલકતાના બાબુ રાય બદ્રીદાસ બહાદુરે સરકાર લઢી તે કહાડી નંખાવ્યાં હતાં. પહાડ ઉપર રાતે રહેવાતું નથી તથા તળાટીથી ઉપરના ભાગમાં પેસાબ કરવાની, ઝાડે જવાની અને ખાવાની મનાઇ છે. પહાડ ઉપર કોઇ પણ જાતનો જાનવરનો ભય નથી. યાત્રાળુ વર્ગ રાતના અઢીવાગેથી ચઢવા માંડે છે. ઉપર ચડતાં ઉતરતાં બેથી અઢી કલાક લાગે છે. પહાડ ઉપર સીતાનાળાને રસ્તે જતાં પથરના લગભગ પાંચશો પગથીઆં છે, એવાં બધા પગથીઆ થવાની ખાસ જરૂર છે. માટીની સડક વર્ષાદના વખતમાં ઘણી લપસણી થઈ જાય છે, તેથી ચડતાં ઉતરતાં ગમે તેવો ચાલાક માણસ વારંવાર બેસતાં શીખે છે. વળી વીશેષમાં લખવાની જરૂર જણાય છે જે આ પહાડ ઘણો ઉંચો અને ચઢાવમાં સખત હોવાથી ચડનાર માણસને ઠેકાણે ઠેકાણે વીસામો લેવાની જરૂર પડે છે. વર્ષાદના વખતમાં આવા વીસામાની ખામીથી યાત્રાળુ વર્ગને ઘણું વેઠવું પડે છે. માટે આવા વીસામા રૂપે ઠેકા-

એ ઠેકાણે વીશ્રામસ્થાન બાંધવાની ખાસ જરૂર છે. આશા છે કે શ્રીમંતવર્ગ અને પહાડના વહીવટદારો આ બાબત ખાસ કરી ધ્યાનમાં લેશે. આ પહાડ ઉપરની કોઇ પણ ટુંકમાં જૈન અને ઉંચી કોમના હીંદુ સીવાય બીજાને જવાની સખત મનાઇ છે. સીતાનાળાનો રસ્તો છોડી સીધા પાર્શ્વનાથની ટુંકે જતો જ્યાં પોણુાછ માઇલનો આંક આવે છે ત્યાં આગળ એક બંગલો છે. તે છોડી આગળ જતાં રસ્તામાં જમણા હાથ તરફ એક "ટૅબ્લેટ" આવે છે, તેના ઉપર નીચે પ્રમાણે નોટીસ લખેલી છે.

NOTICE.

No one but Jains and Hindus of high caste can enter the large temple and the 25 temples of the Jain Sitambari's which are situated on Parasnath hill. If any other person than a Jain or a Hindu of high caste enters the said temple he will be prosecuted under Chapter 15th of the Indian Penal Code, according to the contents of a letter No. 719 dated February 7th, 1865

from the Lieutenant Governor of Bengal to Commissioner of Chhotanagpur.

This tablet is put up in January 1904 A. D. to replace the former one dated the 25th March 1870 A. D.

January 1st 1904 — By order of the Jain Sitambri Society
Maharaj Bahadursing
General Manager.

આવી બીજી નોટીસ મધુબનના દેરાસરો માટે નીચે દેરાસરોની બહાર લગાડેલી છે. અત્રેનો વહીવટ અજીમગંજ નિવાસી બાબુ ધનપતીસીંગજી કરે છે. અત્રેના મુનીમ બાબુ મંગલચંદજી ઘણા ભલા અને મીલનસાર સ્વભાવના છે. તેમના ઉપરી બાબુ લખમીચંદજી ગીરીડીમાં રહે છે તે પણ હુંશીઆર માણસ છે. કારખાનામાં યાત્રાળુ વર્ગ પાસેથી જુદા જુદા ખાતામાં નાણા લઇ પહોંચ આપવાનો રીવાજ નથી તે સારૂં નહીં. છાપેલી પહોંચો રાખી દરેક નાણા ભરનારને તે આપવી જોઇએ. અમો સીખરજીમાં દી. ૧૩ રહ્યા. અત્રે ફા. શુદ ૧ ના રોજ અમદા-

વાદવાળા શા. વાડીલાલ જેઠાલાલનો સંઘ અમને ભેગો થ-
યો હતો. અહીં માહા વદ ૧૦-૧૨-૧૨-૧૩ અને ફા૦
શુદ ૧ દીન ૫ સુધી સંઘવી રતનચંદ કેશરીસંઘ તરફથી
અને ફા૦ શુદ ૨ ના રોજ શા. વાડીલાલ જેઠાભાઇ ત-
રફથી એ પ્રમાણે ૭ નવકારસીઓ જમી હતી. અમો અ-
ત્રેથી ફા૦ શુદ ૩ ની પ્રભાતે ગાડા કરી ગીરીડી જવા
વીદાય થયા. ગાડાનું ભાડું રૂ ૧-૧૨-૦ ઠરાવ્યું. બપોરે
બે વાગે ગીરીડી આવ્યા. સાંજે અમદાવાદવાળી બાઇ પર-
સન તે મોદી સાંકળચંદ હરગોવનની વીધવાનો સંઘ જ-
મી શુદ ૫ ની સવારે અગીઆરની ટ્રેનમાં ભાગલપુર જ-
વા વીદાય થયા.

ભાગલપુર.

ફાગણ સુદ ૬ તા. ૧૭-૨-૦૭.

ગીરીડીથી ભાગલપુરનું રેલભાડું રૂ. ૧-૧૫-૬ છે.
ગીરીડીથી ભાગલપુર આવતાં રસ્તામાં મધુપુર અને કીયુલ
એ બે ઠેકાણે ટ્રેન બદલવી પડે છે. અમો ગીરીડીથી શુદ
૪ નો ક્ષય હોવાથી શુદ ૫ ના રોજ સવારની ક. ૧૧-૦
ની ટ્રેનમાં ઉપડી બપોરે ક. ૧૨-૩૦ મધુપુર આવી પ-
હોંચ્યા. રીઝર્વેડ કેરેજીસ આગળથી ખબર આપવામાં આ

પવા છતાં **એસનસોલથી** નહી આવી પહોંચવાથી મધુપુર અમારે ઉતરવું પડ્યું. અને પાછા બપોરે ક. ૩–૪૭ **હા**-ઉરા કાનપુર થ્રુ પેસેન્જરમાં ઉપડી સાંજે ક. ૬–૪૮ **કી**-યુલ જંકશન આવ્યા. અમે ગીરીડીથી ખબર આપેલી તે મુજબ ડબાઓ **એસનસોલથી** અત્રે આવી પહોંચ્યા તેમાં બેસી રાતે ક. ૧૦–૩૦ **મોકામાંથી હાઉરા** જતી લુપ મેલ ટ્રેનમાં ઉપડી તેજ રાતે બાર ઉપર લગભગ એક વાગે અમો અત્રે આવી પહોંચ્યા. અત્રે સ્ટેશનની પાસે ત્રણ ધર્મશાળા છે. તેમાંની બાબુ ધનપતીસીંગની ધર્મશાળામાં અમે મુકામ રાખ્યો. અહીં ધર્મશાળામાં એક સુંદર દેરાસર છે. જેમાં મુળનાયક **શ્રી વાસુપુજ્ય** સ્વામી છે. દેરાસરમાં જમણી બાજુએ **મલ્લીનાથ** અને **નમીનાથ** એ બે ભગવાનના પ્રતીમા છે, અને તેમના પગલાં છે. **મીથીલા** નગરીમાં આ બે તીર્થંકરોનાં, પહેલાના ચાર અને બીજાના ત્રણ એમ સાત કલ્યાણકો થયા છે, પણ તે તીર્થ હાલ વીચ્છેદ જવાથી પ્રતીમાજીઓ લાવીને અત્રે પધરાવી છે. દેરાસરની બહાર દીગમ્બરીની પ્રતીમાજી છે. આ ધર્મશાળા સારી છે. સોથી દોઢસો માણસો સમાઈ શકે તેમ છે. અહીંથી ચાર માઇલ છેટે **ચંપાપુરી** નગરી આવેલી છે. ઠેઠ સુધી પાકી સડક છે.

ચંપાપુરી.

અહીં નાથનગરના સ્ટેશનથી પણ જવાય છે. અત્રે આવતાં પહેલું નાથનગર અને પછી ભાગલપુર આવે છે. નાથનગર સ્ટેશનથી દોઢ માઇલ દુર આ નગરી છે. પણ સ્ટેશન નાનું હોવાથી ત્યાં ભાડાની ગાડીઓ વીગેરે મળતી નથી. તેથી સામાન વીગેરે લઇ જવાની અડચણ પડે છે. માટે ભાગલપુરથીજ આવવું ઠીક પડે છે. અત્રે એક મોટું સુંદર દેરાસર છે. મુળનાયક **શ્રી વાસુપુજ્ય** સ્વામી છે. દેરામાં બીજાપણ ઉપર નીચે ત્રણ ચાર ગભારા છે. દેહેરૂં ઘણું રળીઆમણું છે, તેને ફરતો મોટો બગીચો અને ધર્મશાળા છે. આ નગરીમાં શ્રી **વાસુપુજ્ય** સ્વામીના ચવન, જનમ, દીક્ષા, કેવળ અને મોક્ષ એવાં પાંચે કલ્યાણકો થયાં છે. પુર્વે આ નગરીનો વીસ્તાર ૪૮ જોજન જેટલો હતો પણ હાલતો ફક્ત એક નાનું ગામડું છે, અને ત્યાં સીધું વીગેરે મળે છે. ચંપાપુરીનું દેહેરૂં ધર્મશાળા અને બગીચો ઘણાં રળીઆમણાં છે. છોડીને જવાનું મન થતું નથી. અમો બધાં અહીં ચાલતાં દર્શન કરવા આવ્યાં હતાં. અહીં દર્શન કરી પાછા ભાગલપુર ગયાં.

આ શહેર સારૂં છે. અને દરેક ચીજ મળે છે. અ-

હીંનું રેશમી કાપડ વખણાય છે. બઝાર અનેક તરેહની દુકાનો મારફીટોથી રળીઆમણો દેખાય છે. અહીંની શેત્રુંજી ધાબલીઓ વીગેરે પણ વખણાય છે. અમો અત્રે એક દીવસ રહી ફાગણ સુદ ૬ નો રાત્રે અજીમગંજ જવા રવાના થયા.

અજીમગંજ (મુર્શુદાબાદ.)

ફાગણ સુદ ૭ તા. ૧૮–૨–૦૭

ભાગલપુરથી અજીમગંજનું રેલભાડું રૂ ૧–૧૨–૯ છે. ભાગલપુરથી અજીમગંજ જતાં રસ્તામાં **નલહટી** જંકશને ટ્રેન બદલવી પડે છે. અમો **ભાગલપુરથી** સુદ ૬ ની રાત્રે ક. ૭–૧૭ની **મોકામાથી હાઉરા** જતી લુપ પેસેન્જરમાં નીકળી તેજ રાત્રે બાર ઉપર ક. ૧–૪ **નલહટી** આવ્યા. અહીંથી અજીમગંજ સુધીની એક જુદી બ્રેન્ચ નીકળેલી છે અમો પાછા તુરતજ ક. ૧–૧૫ની ટ્રેનમાં નલહટીથી નીકળી રાત્રે લગભગ અઢીવાગે અત્રે અજીમગંજ આવ્યા. અમને ભાગલપુરથી તેમજ નલહટીથી ટ્રેન તદન ખાલી મળી હતી. અહીં ત્રણ ધર્મશાળા છે. રેલવેના પાટા શહેરમાંજ છે. સ્ટેશનની પાસેજ આવેલી બાબુ વીજયસીંગજી દુધેરીઆની ધર્મશાળામાં અમારો મુકામ રાખ્યો. આ-

ગળાથી ખબર આપવાથી બાબુ સાહેબ તરફથી ધર્મશાળાને સાફ રાખવામાં આવી હતી. અહીં ફક્ત જૈનનેજ ઉતરવા દે છે. અને તે તદન નવી બંધાવેલી છે. તેમાં દોઢસો માણુસોનો સમાવેશ થાય તેમ છે. અત્રે ગંગા નદી વહે છે. તેથી શહેર બે ભાગમાં વેંહેચાયેલું છે. અડધી વસ્તી આ પાર અને અડધી વસ્તી સામેપાર રહે છે. અહીં શહેરમાં નવ શીખરબંધ અને એક ધરદેરાસર એવાં દશ દેરાસર છે. જેની વીગત નીચે પ્રમાણે.

૧ **શ્રી શાંતીનાથનું** (હરખચંદજી ગુલેચ્છાનું)—આ દેહેરૂં રેલના પાટા આગળ છે. એમાં રતન માણેક પાના ગોમીદત પીરોજા તારામંડલ વીગેરે નવ રત્નની પ્રતીમાજીઓ ઘણી અદભુત અને અલૌકીક છે. મુળનાયક શ્રી **શાંતી**નાથ પીરોજાના છે. ત્યાંથી આગળ—

૨ શ્રી **સંભવનાથનું** (ધનપતીબાબુનું).—આ **દેહેરૂં** ઘણું મોટું છે. **મુ**ળનાયક શ્રી **સં**ભવનાથની, પ્રતીમા ઘ**ણી** મોટી **છે**. મહારાજની જમણી બાજું એક ગભારામાં ચાંદીની, સોનાની અને રતનની અલૌકીક પ્રતીમાજીઓ છે. ઉપર પણ મુળનાયક શ્રી **સં**ભવનાથ અને પંચતીર્થ તથા અષ્ટાપદની રચના છે. એક બાજું

રૂપાના સહસ્ત્રકુટ છે. ત્રીજે માળે ચોમુખજી છે. દેરા-માંથી બહાર નીકળતાં ચોકમાં જમણા હાથ તરફ એક ગભારો છે જેમાં મુળનાયક શ્રી આદીશ્વરજી અને બીજી પણ પ્રતીમાજીઓ છે. ડાબા હાથ તરફ પાછલ દાદાજીનો બગીચો છે જેમાં ગૌતમસ્વામીના પગલાંછે. દેરાસર ભવ્ય અને સુશોભીત છે. ઉજલામણ ઘણીજ સરસ છે. ત્યાંથી આગળ ચાલતાં ધનપતસીંગ ગુલાબસીંગનો બગીચો (રોઝવીલા) આવે છે તે જોવા લાયક છે. તેની પાછળ થોડે દુર રામબાગમાં—

૩ **શ્રી સામલીયા પાર્શ્વનાથનું** (રામબાગમાં)—અત્રે મુળનાયક શ્રી પાર્શ્વનાથ અને જોડે બીજા ગભારામાં અષ્ટાપદજી છે. પાછળ એક દહેરૂં છે, જ્યાં દાદાજીના સ્ફટીકના પગલાં છે.

૪ **શ્રીપદ્મપ્રભુનું**—અત્રે બીજા ગભારામાં મુળનાયક શ્રી પાર્શ્વનાથ છે.

૫ **શ્રી ગોડીપાર્શ્વનાથનું**—આ દેહેરૂં ગંગાજીના કીનારા ઉપર છે.

૬ **શ્રી સુમતીનાથનું** (બુધસીંગબાબુનું).—આ દેહેરૂં પણ ઘણું મોટું છે. એમાં **મહાવીરસ્વામી**, વાસુ

જ્યસ્વામી અને **શાંતીનાથની** એવાં ત્રણ રતનની પ્રતી-
મા છે. જે આશરે એક હાથ જેટલી મોટી છે. દેહેરૂં
ઘણું સુંદર છે.

૭ **શ્રી ચીંતામણ પાર્શ્વનાથનું** (બુધસીંગબાબુનું)
આ દેહેરૂં પણ ઘણું મોટું છે.

૮ **શ્રી નેમનાથનું**.—આ મોટું દેહેરૂં છે. અહીં રતનની
પ્રતીમાજી, નવપદજી અને એક પાનાની પ્રતીમા છે.
બે ગભારા છે જેમાં એકમાં શ્રી **આદીશ્વરજી** અને બી-
જામાં શ્રી **વાસુપુજ્યસ્વામી** છે.

૯ **બુધસીંગ બાબુના** મકાનમાં ઘરદેરાસર છે.

૧૦ શ્રી **શાંતીનાથનું**—ધર્મશાળાની પાછળ છે.

આ પ્રમાણે દશ દેરાસરો ઘણાં રળીઆમણાં અને ઈંદ્રપુરી જેવાં છે. દેખરેખ ઘણી સારી છે. બધાં દેહેરાઓ રેલવેના પાટેથી જતાં અનુક્રમે દર્શન કરી ગોળ ફરી શહેરમાંથી આવતાં પુરાં થાય છે. દેરાસરમાં દ્રવ્ય વાપરવાની ખામી રાખી નથી. ઠામ ઠામ રતનની પ્રતીમાજીઓ નજરે પડે છે. આ સીવાય નદી પાર બીજા દેહેરાં છે. જેની વીગત નીચે પ્રમાણે.

કીર્તીબાગ—અહીં નદી પાર ઉતરીને જવાય છે.

સામે પાર વહાણુમાં બેસીને જવાનો એક પૈસો લે છે. સામે પાર ઉતરી સીધા થોડે દુર જઇ ડાબી તરફ વળી એક માઇલ દુર જવાથી આ બગીચો આવે છે. એ બગીચામાં એક મોટું દેહેરૂં છે, જેમાં શ્રીશ્યામલીયા પાર્શ્વનાથ અને વાસુપુજય સ્વામીની એવી બે કસોટીની પ્રતીમાજીઓ મુળનાયક તરીકે બીરાજમાન છે. આ બે પ્રતીમાજીઓ જગતશેઠની બેહેને ભરાવી છે, અને તે ઘણી અલાૈકીક અને મનહર છે. દેરાની ઉપર ચોમુખજી છે. સામે એ બીજાું દેહેરૂં છે જેમાં દાદાજીના પગલાં છે. દેહરાને ફરતો મોટો વીશાળ બગીચો છે. અત્રે દર્શન કરી પાછા ફરતાં થોડે દુર જઇ જમણા હાથ તરફ વળી આગળ થોડે દુર જવાથી એક દેહેરૂં આવે છે, જેમાં દાદાજીના પગલાં છે. અને બીજી પણ આશરે ચાર દેરીઓછે જેમાં અત્રેના સુપ્રસીદ્ધ બાબુઓના પગલાં છે. ત્યાંથી પાછા નદી કીનારે આવી ડાબા હાથ તરફ સીધી સડકે એક માઇલ દુર જતાં બાલુચર આવે છે. ત્યાંથી દોઢ માઇલ દુર સડકે જવાથી કટગોળા આવે છે. અને ત્યાંથી થોઢે દુર અર્ધો પોણો માઇલ આગળ જતાં મહીમાપુર આવે છે. આ બધા ગામો મુરશીદાબાદ ડીસ્ટ્રીકમાં આવેલાછે.

વચમાં નદી વહેતી હોવાથી તે બે ભાગમાં વહેંચાઈ ગયાં છે.

બાલુચર—અહીં અજીમગંજથી વહાણમાં અવાય છે. અત્રે મોટો બઝાર છે. શાક મારકેટ પણ છે. અત્રે પાંચ દેરાસરો છે. નદી કીનારે **સંભવનાથ**નું દેરાસરછે, ત્યાં પ્રથમ દર્શન કરી બાજુમાં **અરનાથ**નું દેહેરૂં છે. ત્યાંથી આગળ **વીમલનાથ**નું દેહેરૂં આવે છે, એમાં ઉપર ચોમુખજી છે. ચોથું ધનપતી બાબુનું ઘર દેરાસર **શ્રી આદીશ્વર** ભગવાનનું તેમના મકાનમાં અને પાંચમું આગળ બજારમાં જઈ કીર્તચંદશેઠના મકાનમાં **શ્રી પાર્શ્વનાથ** ભગવાનનું છે. આ દેહેરૂં ઘણું સુંદર છે. ગભારો કાચનો છે, અને મુળનાયકની પ્રતીમા રતનની છે. અહીં બધે દર્શન કરી આવ્યા.

કટગોળા—આ લક્ષ્મીપતી બાબુનું ગામ છે. ધનપતી અને લખમીપતી એ બે ભાઈ છે. જેમાં એક બાલુચરમાં અને બીજા અત્રે રહે છે. તેમના મકાન અજીમગંજમાં પણ છે. અહીં લક્ષ્મીપતીનો મોટો બગીચો છે. અને તેમાં એક બંગલો છે. બગીચામાં એક મોટું સુંદર દેરાસર છે. જેમાં મુળનાયક **શ્રી આદીશ્વર** ભગવાન છે. ભગવાનની જમણી બાજુએ શ્રી **શાંતીનાથ** અને ડાબી

બાજુએ શ્રી **પાર્શ્વનાથ** છે. ડાબી બાજુએ પાર્શ્વનાથની અને બે બીજી રતનની પ્રતીમા તથા એક પાનાની પ્રતીમા છે. બગીચામાં બીજું એક દેહેરૂં છે જેમાં જીનદતસુરી અને જીનકુશળસુરીના પગલાં છે. અહીંથી થોડે દુર પગ રસ્તે જતાં મહીમાપુર આવે છે.

મહીમાપુર—અહીં નદી કીનારે કસોટીનું બાંધેલું એક મોટું દેરાસર હતું. પણ તે થોડા વર્ષ થયાં નદીમાં ખેંચાઇ ગયું છે. આ દેરાસરના મુળનાયક **શ્રીપાર્શ્વનાથ** ભગવાનની એક કસોટીની પ્રતીમા. એક રૂપાની ચોવીસી, અને એક કુંથુનાથ ભગવાનની રતનની પ્રતીમા, એટલી જગતશેઠના હાલના નવા બાંધેલા મકાનમાં છે. અને બાકીની શ્રી **આદીશ્વર** ભગવાનની, બેસ્યામ પ્રતીમા અને બીજી ધાતુની પ્રતીમાજીઓ નદી કીનારે અસલ સ્થાને એક ભાગેલા જેવાં મંડીઅરમાં છે. આ શેઠના વંશમાં એક ગુલાબચંદ બાબુ છે. તેમની દશમી પેઢીએ જગતશેઠ થઇ ગયા છે. એ શેઠ પાસે અનર્ગલ દોલત હતી. પુર્વ પુન્યના ઉદયે મળેલી એ દોલતમાંથી આખી દુનીયામાં જેનો જોડો ન મળે એવું વીશાળ અને સુંદર કસોટીનું એક જીનાલય નદી કીનારે બાંધ્યું હતું. પણ કાળક્ષયે કમનશીબે થોડાં

વર્ષો થયાં તે નદીમાં ખેંચાઇ ગયું છે. દેરાસરના થાંભલા તથા બીજો સામાન કસોટીનો નીશાની દાખલ હાલપણ નદી કીનારે વૈશ્નવના દેરા આગળ પડેલો છે, શેઠના કુટુંબમાં રહેલા હાલના બાબુ ગુલાબચંદજી, સાંભળવા મુજબ જૈન ધર્મ છોડી અન્ય દર્શની થયા છે. કર્મની ગતી વીચીત્ર છે.

ઉપરને બધે દેહેરે અમો બધા વહાણુમાં ગયા હતા. ત્રીસ માણસના [illegible] રૂપીઓ ઠરાવ્યો હતો. પ્રથમ કટગોળા અને મહીમાપુર થઇ બાલુચર આવા પછી કીર્તીબાગ ગયા હતા. આ શીવાય અહીંથી સાત ગાઉ દુર કાસીમબઝાર છે ત્યાં વહાણુમાં જવાય છે. તેમજ નદીપાર ઉતરી એક માઇલ દુર જીયાગંજનું સ્ટેશન છે ત્યાંથી પણ જવાય છે. રેલ્વે ભાડું ૩ ૦–૨–૦ છે. અને પંદર મીનીટમાં ત્યાં પહોંચાય છે. કાસીમ બઝારના સ્ટેશનથી એક માઇલ દુર એક દેહેરૂં આવેલું છે. ત્યાં કાંઈ પણ વસ્તી નથી.ત્યાં જવાને ટ્રેન જીયાગંજથી સવારે ક. ૧૦–૩૦ ઉપડે છે અને પાછા આવવાને બપોરે ક. ૨–૧૪ અને બીજી સાંજે ક. ૫–૫૭ મળે છે. પુજા સેવા કરવાનો ટાઈમ રહે છે.

કાસીમબઝાર—અજીમગંજથી અમો ફાગણ શુદ ૧૧ ની પ્રભાતે ત્રણ વાગે વહાણમાં બેસી સવારે નવ વાગે

અત્રે આવ્યા. વહાણુમાં બાર માણુશોના અઢી રૂપીઆ ડ-રાવ્યા હતા. કીનારેથી એક માઈલ દુર દેહેરૂં છે. જેમાં મુળનાયક **શ્રી નેમનાથ** ભગવાનની કસોટીની નાની પ્ર-તીમા છે. દેરાસરમાં બે બીજી પ્રતીમા તથા અન્ય ધાતુની અને એક રતનની પ્રતીમા છે. અહીં દેરામાં આશાતના ઘણી થાય છે. ગોઠી બીન પરવાવાળો છે. અહીં પુજા સેવા કરી અત્રેથી એક કોસ દુર ખગરાનો બઝાર આવેલો છે ત્યાં ગયાં. આ બઝારમાં શનીઆ અંતરાસન ધોતીઆ જેવી કીનારના સારાં મળે છે. કાસીમબઝાર તથા ખગરામાં ધ-ર્મશાળા નથી. દેહેરાથી થોડેજ દુર નદી છે. અમો ખગ-રેથા વહાણુમાં બેસી પાછા અજીમગંજ સાંજે આવ્યા.

અજીમગંજના દેહેરાં ઘણાં સુંદર છે. સીખરજીની યાત્રા કરનારે આ શહેરની અવશ્ય ભેટ લેવી જોઇયે છે. અત્રે-ના ભવ્ય દેરાંઓ, તેમાંની અલૌકીક પ્રતીમાજીઓ અને શોભા વીગેરેના દર્શન જેણે નથી કર્યા તેની જીદગી વ્યર્થ છે. અહા ! શું પૈસા વાપર્યા છે. ધન્ય છે એવા ધનવાનો કે જેમની લક્ષ્મી આવા સનમાર્ગે વપરાય છે. દેરાસરોના દેખાવો જૈનશાસન દીનપ્રતીદીન તાજું અને જયવંતુ થતું

હોય તેવો આભાસ આપે છે. સ્વામીભાઈની ભક્તી કર-
નારા અને ધર્મના નામે લાખોના ખર્ચમાં ઉતરી પડનારાં
શ્રધ્ધાવંત જૈન બાબુઓ, રાય બુધસીંગજી બહાદુર, સીતા-
પચંદજી નહાર, વીજયસીંગજી દુધોરીઆ, અને ધનપતી
સીંગજીના પુત્રો વીગેરે અત્રે વસે છે. જેઓ કોઇ પણ જૈન
સંઘ આવે છે ત્યારે તેમના પ્રત્યેનો તેમનો આદરસત્કાર,
ભક્તી, અને તેમની મધુભાષા વીગેરે જોઇ હરેક જન તાજુ
બ થશે. આ શહેર એક તીર્થ જેવું છે. અત્રે સાધુ મહા-
રાજનું આવાગમન ઘણું ઓછું છે. આચાર્ય મહારાજ શ્રી
કમલવીજયજી ગયું ચોમાસું અત્રે રહ્યા હતા. તેમના પ્રતી
બોધથી અને સદસમાગમથી અત્રેના લોકો ધાર્મીક બાબ-
તોમાં ઘણા સુધરતા ગયા છે. અત્રે હોલીનો મહીમા વી-
શેષ ગણાય છે, તે ફક્ત સાધુનું આવાગમન નહી હોવાને
લીધેજ છે. આપણા સાધુ મહારાજે ફક્ત ગુજરાતમાંજ
ન વીચરતાં આ તરફ પણ વીચરતાં રહેતો અહીં તેમનો
આદરસત્કાર વીશેષ થાય અને ઘણા લોકો પ્રતીબોધ પામે
ને ધર્મનો ઉધ્યોત થાય.

અહીંથી કલકતે બે રસ્તેથી જવાય છે. ઇસ્ટ ઇ·

ન્ડીઆ રેલવેમાં **નલહટી થઈ હાઉરા** જવું પડે છે. અને રેલ ભાડું રૂ. ૨-૦-૯ છે. ત્યારે ઈસ્ટર્ન એંગોલ સ્ટેટ રેલ્વેમાં જીયાગંજથી જતાં રાનાઘાટ થઇ **સીયાલડા** જવું પડે છે. રસ્તામાં ટ્રેન બદલવી પડતી નથી અને રેલ ભાડું રૂ. ૧—૧૦—૬ છે. અત્રે જોવા લાયક ચાર ગાઉ દુર હઝારીબાગ (મુર્શીદાબાદ) છે, જ્યાં સુરાજોદૌલાનો મહેલ અને બગીચો છે. અને વહાણમાં તેમજ જીયાગંજથી રેલમાં જવાય છે. અમે બધા અત્રે નવ દીવસ રહ્યા. હોલી નજીક આવવાથી અમને અત્રેથી નીકળવા નહી દીધા. તેથી વધારે રોકાવું પડ્યું. તે દરમીઆન અત્રે રાયબહાદુર **માઈસીંગજી મેઘરાજ કોઠારી** શુદ ૭-૮, બાબુ **વીજયસીંઘજી** દુધોરીઆ શુદ ૯, બાબુ **ગણપતસીંગ નરપતસીંગ** શુદ ૧૦ **જૈન મહાજન** તરફથી કીર્તીબાગમાં શુદ ૧૧, ઝવેરી **પ્રેમચંદ કેરમચંદ પાછીઆ** અમદાવાદવાળા શુદ ૧૨, **જૈન મહાજન** તરફથી રામબાગમાં શુદ ૧૩, અને **ગાંધી લલુભાઈ વખતચંદ** અમદાવાદવાળા શુદ ૧૫, એ પ્રમાણે સંઘ જમી ફાગણ સુદ ૧૫ની રાત્રે ક. ૮-૩૪ની ટ્રેનમાં કલકતે જવા રવાના થયા.

કલકતા.

તા. ૨૭-૨-૦૭ ફાગણ વદ ૧.

જીયાગંજથી કલકતાનું ભાડું રૂ. ૧-૧૦-૬ છે. અમો જીયાગંજથી સુદ ૧૫ નીરાત્રે ઇસ્ટર્ન બેંગાલ સ્ટેટ રેલવેમાં ઉપડી વદ ૧ ની સવારે ક. ૫-૩૦ અત્રે **સીયાલડા** સ્ટેશને આવ્યા. કલકતામાં સીયાલડા અને હાવરા એવાં બે સ્ટેશનો છે. સ્ટેશનથી બે માઇલ દુર રાય બહાદુર બદ્રીદાસજીના બગીચામાં અમે ઉતર્યા. આ શહેર ઘણું મોટું છે. અત્રે અગીઆર લાખ માણુસોની વસ્તી છે. ઇન્ડીઆની રાજધાની છે અને નામદાર **વાઇસરોય** અત્રે રહેછે. અહીંના રસ્તા બહોળા છે. અત્રે દેરાસરોની વીગત નીચે પ્રમાણે—

૧ **શ્રી શીતલનાથ**—બાબુ બદ્રીદાસના બગીચામાં છે. આ દેહેરૂં ઘણું મોટું છે અને તદન કાચનું બનાવેલુંછે. તે કાનપુરના જેવું અને તેના કરતાં ઘણું મોટું તથા કામ કારીગરીમાં ચઢે તેવું છે. આ દેરાનો જોડો આખા હીંદુસ્તાનમાં ભાગ્યેજ બીજો હશે. એને "બીયુટી ઓફ બેંગાલ" યાને બેંગાલનું ભુષણ કહે છે. મુળનાયકની પ્રતીમા ઘણી અલૌકીક છે. પ્રતીષ્ઠા કોઇ એ·

વા શુભ ચોઘડીઆમાં થઇ છે કે જેથી દીન પ્રતીદીન તેની વૃદ્ધી થતી જોવામાં આવે છે. આ દેહેરામાં અખંડ દીવો બળે છે અને તેની મેંસ લાલ થાય છે. દેહેરામાં દ્રવ્ય પુસ્કળ વાપર્યું છે. દેરાને ફરતો મોટો વીશાળ અને સુંદર બગીચો છે. દેહેરૂં જોવાને માટે ઘણા લોકો યુરોપીઅન વીગેરે આવે છે. બગીચામાં બાબુસાહેબનો એક બંગલો છે જેમાં અમને ઉતારો મળ્યો હતો.

૨ **શ્રી ચંદ્રપ્રભુનું**—બગીચાની બહાર મુનાલાલ હીરાલાલ મુકીમનું છે. આ દેહેરૂં પણ મોટું છે.

૩ **શ્રી મહાવીરસ્વામી**–બગીચાની સામે દાદાજીના બગીચામાં આ દેહેરૂં છે. વળી આ બગીચામાં એક બીજું દેહેરૂં છે જેમાં **શ્રી** દાદાજીના પગલાં છે.

આ શીવાય શહેરમાં બીજા દેરાંઓ બારાબઝાર તથા બીજે ઠેકાણે છે. બગીચાથી અડધો માઇલ દુર જતાં ટ્રામ મળે છે. દેરાની વીગત—

૪ **શ્રી સંભવનાથ**–ઘર દેરાસર બારાબઝારમાં બાબુ બદ્રીદાસજીના મકાનમાં છે. જેમાં મુળનાયક સંભવનાથની સોનાની પ્રતીમા અને મુગટ પાનાનો છે. બે બાજુએ

શ્રી પાર્શ્વનાથ અને સંભવનાથની રતનની પ્રતીમા છે. અને શ્રી મંધરસ્વામીની એક પાનાની પ્રતીમા છે. શ્રી આદીશ્વર ભગવાનના પોખરાજના પગલાં છે. દેરૂં ઘણું સુંદર અને દર્શન કરવા લાયક મકાનમાં ચોથે માળેછે.

૫ **શ્રી શાંતીનાથનું**—(બારાબઝારમાં) ઘરદેરાસર બાબુ જીવણદાસ પ્રતાપચંદ ઝવેરીનું છે. પ્રતીમા ધાતુની છે. અને ત્રીજે માળે છે. જોડે ગલીમાં—

૬ **શ્રી શાંતીનાથનું**—(તોલાપટી કટનીસ્ટ્રીટમાં) આ પંચાતી સીખરબંધી દેરાસર છે. મુળનાયક શ્રી શાંતીનાથ, ઉપર ચોમુખજી, અષ્ટાપદજી, એક બીજા ગભારામાં શ્રી રૂષભદેવજી વીગેરે અન્ય ઘણી પ્રતીમાજીઓ છે. દેરૂં ઘણું રળીઆમણું છે.

૭ **શ્રી કેશરીઆજીનું**—(બરતોલાસ્ટ્રીટમાં) ઘરદેરાસર ઝવેરી હીરાલાલ મુનાલાલના મકાનમાં છે. પ્રતીમા ધાતુની છે. એની જોડે બે મકાન મુકીને—

૮ **શ્રી સંભવનાથનું**—માધવલાલ બાબુના મકાનમાં ઘરદેરાસર છે. પ્રતીમા ધાતુની છે.

૯ **શ્રી પાર્શ્વનાથનું**—(શીખદરપાડામાં) ઘરદેરાસર હીરાલાલ મુકીમના મકાનમાં છે. ધાતુની પ્રતીમાજી છે.

૧૦ **શ્રી સંભવનાથ**—(મોરધીહટામાં ટાવર સામે) ઘર દેરાસર માધવલાલ બાબુના મકાનમાં છે. બારાબઝારમાંથી જવાય છે. ધાતુના પ્રતીમાજી છે.

આ પ્રમાણે ચાર સીખરબંધી અને ૭ ઘરદેરાસર મળી કુલ દસ દેરાસરો છે. તેનાં દર્શન કરી ખુશ થયા. દેરાની ઉજલામણુ સારી છે. અહીં વીજલીની ટ્રામ ચાલે છે. જેમાં ફરસ્ટ કલાસના રૂ. ૦-૧-૬ અને સેકન્ડના રૂ. ૦—૧—૩ લે છે. અહીં ધરમતોલા સ્ટ્રીટમાં મોટી ઓફીસો છે અને ત્યાંનો દેખાવ મુંબાઈના પાલવાને કોટની ઓફીસો જેવો છે. બારાબઝારમાં કાપડ ધોતીઆ ખમીસ વીગેરે મળે છે.

અત્રે જોવા લાયક ચીજો—મ્યુઝીયમ (સંગ્રહસ્થાન) જેની બરોબર આખા હીંદુસ્તાનમાં કોઇ ઠેકાણે નથી. તેમાં ઘણી ચીજોનો સમાવેશ કરેલો છે, અને મદ્રાસ, જેપુર અને વડોદરાના કરતાં ચઢીયાતું છે. જીયોલૉજીકલ ગારડન અથવાતો અલીપુરા ચીડીઆખાના જેમાં જીવતાં જાનવર છે. આ શીવાય ઇડન્સ ગારડન જ્યાં તમામ વીજલીના દીવા છે. સાંજે બૅન્ડ વાગે છે અને હાઇકોરટની ટ્રામમાં

જવાય છે. વળી બૉટાનીકળ ગારડન જ્યાં હોડીમાં બેસી જવાય છે તે વીગેરે જોવા લાયક છે. સૌથી શ્રેષ્ટ **બદ્રીદાસ ટેમ્પલ** છે.

આ શહેરમાં અમો સાત રોજ રહ્યા હતા, તે દરમીઆન સીખરજીની યાત્રાએ ગયેલા અમદાવાદવાળા શા. વાડીલાલ જેઠાના અને શા કરમચંદ ફુલચંદના એવા બે સંઘ અત્રે ભેગા થયા હતા. ધર્મવીજય મહારાજ આ વખતે અત્રે હતા જેમનું છટાદાર ભાષણ હઝારો માણસ સમક્ષ બગીચામાં અમે સાંભળ્યું હતું. અત્રે અમદાવાદવાળા **શા મનસુખરામ દેવચંદ** માસ્તર, **શેઠ ભોગીલાલ લલુભાઇ**, કાપડીઆ **ડાહ્યાભાઇ કેવળદાસ**, **ચુનીલાલ મેસરી, શા. જેશંગભાઇ કાળીદાસ** વીગેરે ગ્રહસ્થોના સંઘ જુદે જુદે દીવસ જમ્યા હતા, અમો અત્રેથી ફાગણ વદ ૮ ની બપોરની ટ્રેનમાં **નાગપુર** જવા વીદાય થયા.

નાગપુર.

ફાગણ વદ ૯ તા. ૬-૩-૦૭

કલકતાથી નાગપુરનું ભાડું રૂ. ૭-૮-૦ છે. અમો

વદ ૮ ની બપોરે ક. ૨–૧૧ ની **બેંગોલ નાગપુર** રેલ-વેમાં નાગપુર મેલમાં નીકળી આજરોજ બપોરે ક. ૧–૪૧ **અત્રે** આવ્યા. સ્ટેશન ઉપર ધર્મશાળા નહી હોવાથી એક સરાઇમાં ઉતર્યા. શહેરમાં એક નાની ધર્મશાળા છે. **અહીં** શહેરમાં બે દેરાસરો છે.

૧ **શ્રી શ્રેયાંસનાથ**નું:—આ દેહેરૂં મોટું છે. દેરામાં એક શ્રી **મહાવીરસ્વામી**ની રતનની પ્રતીમા છે.

૨ **શ્રી આદીશ્વરજી**નું:—આ દેહેરૂં જતીના દેહેરાં તરીકે ઓળખાય છે મુળનાયકશ્રીની શામ પ્રતીમા છે. ગભારાની બહાર આરસમાં રૂપીઆ જડયા છે.

અહીંથી થોડે દુર **કામટી** શહેર છે. ત્યાં રેલમાં જવાય છે ટીકેટ ચાર્જ રૂ. ૦–૨–૩ છે, ત્યાં શ્રી **આદીશ્વર** ભગવાનનું એક દેહેરૂં છે. આ શહેરમાં નાગપુરી ધોતીજોડા, ખેસજોટા, મગીઆ, નારંગી સંતરા વીગેરે સારાં મળે છે. અમને અત્રેથી તાપ સખત પડવા લાગ્યો. અત્રેથી વદ ૧૦ ના રોજ અમદાવાદ વાળા **શા ઘેલાભાઇ વર્ધમાનનો** સંઘ જમી રાતની ટ્રેનમાં **આકોલા** જવા વીદાય થયા.

આકોલાથી અંતરીક્ષજી.

ફાગણ વદ ૧૧ તા. ૮-૩-૦૭.

નાગપુરથી આકોલાનું ભાડું રૂ. ૧-૧૦-૦ છે. નાગપુરથી વદ ૧૦ ની રાત્રે ક. ૧૦-૧૦ ની નાગપુર-ભુસાવળ પેસેન્જરમાં નીકળી આજ રોજ સવારે ક. ૫-૫૦ અમો અત્રે આવ્યા. અહીં સ્ટેશનથી શહેર એક માઈલ દુર છે. ઘોડા ગાડીઓ તથા બેલ ગાડીઓ મળે છે. શહેરમાં બઝાર વચ્ચે એક દેહેરૂં છે, તેની નીચે નાની ધર્મશાળા છે. તેમાં અમે મુકામ રાખ્યો. અહીં મનસુખભાઈનું જીન છે, અત્રે દેરામાં મુળનાયક શ્રી **શાંતીનાથ** છે. નવો ગભારો તૈયાર થયો છે ત્યાં પ્રભુને પધરાવવાના છે. દેરામાં ત્રણ પ્રતીમા તથા બીજી ધાતુની પ્રતીમા છે. અહીંથી **અંતરીક્ષજી (સીરપુર)** જવાય છે. જે ચાલીસ માઈલ દુર છે. ગાડાઓ રાતેજ ચાલે છે. અને રસ્તામાં એક મુકામ કરવો પડે છે. અમો અત્રે બે દીવસ રહી વદ ૧૨ ની રાત્રે બાર વાગે ગાડા જોડાવી **સીરપુર** જવા વીદાય થયા. ગાડાનું ભાડું રૂ. ૬-૮-૦ તથા રોજના રૂ. ૦-૩-૦ ભાતાના ઠરાવ્યા હતા.

• અંતરીક્ષજી

આકોલાથી વદ. ૧૨ નીકળી વદ ૧૩ની સવારે પાતુ-ર આવ્યા. ત્યાં આખો દીવસ રહી સંઘ જમી સાંજે છ વાગે ગાડા જોડાવી વદ ૧૪ ની સવારે અત્રે આવ્યા. અ-હીં એક મોટી ધર્મશાળા છે જેમાં અમે ઉતારો રાખ્યો. ધર્મશાળામાં બધી છુટી પડાળીઓ છે. પાતુરમાં પણ એક નાની છુટી પડાળી વાળી ધર્મશાળા છે. અહીં દીગમ્બરી-નું જોર વધારે છે. આ એક મોટું તીર્થ છે. અત્રે દેરા-માં શ્રી **અંતરીક્ષ પાર્શ્વનાથ**ની ઘણીજ પ્રાચીન અને અલૌકીક પ્રતીમા નીચે ભોંયરામાં એક ગોખમાં બીરાજ માન છે. આ પ્રતીમા લંકાધિપતિ રાવણે ભરાવેલી છે. એક વખતે રાવણ રાજા માલી સુમાલી વીધાધરો સાથે વૈમાનમાં બેસી ફરવા ગયો. વૈમાન ઘણે દુર ચાલી નીક-ળ્યું અને બપોરનો વખત થઇ ગયો. હવે રાવણને જિન પ્રતીમાનું પુજન કર્યા સીવાય જમવાનો નીયમ હોવાથી અને પ્રતીમા ઘેર ભુલી ગયેલા હોવાથી ત્યાં આગળ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથની વેલુમય પ્રતીમા ભરાવી તેનું પુજન કરી પછી તેને ભોજન કર્યું. પ્રતીમાજીને પાછળથી એક સરોવરમાં પધરાવી પોતે ઘેર ગયો. અધિષ્ટાયકના

જોરથી આ પ્રતીમા જોવીને તેવી અખંડ રહી. કેટલોક વખત વીત્યા બાદ એક દીવસ બીંગલપુરનો શ્રીપાલ નામનો એક કુષ્ટ રોગી રાજા ત્યાં આવ્યો, અને સરોવરમાં હાથ પગ મો વીગેરે ધોઇ પોતાને ઘેર ગયો. પ્રતીમાજીના પ્રભાવથી તે રાજાનો રોગ દીન પ્રતી દીન ઓછો થવા લાગ્યો. એ રીતે બીજી વખત પણ તે સરોવરમાં નાહાવાથી તેનો રોગ તદન મટી જઈ તેની કાયા કંચન વર્ણની થઇ. આથી પ્રતીમા ઉપર તેની પ્રીતી વધતી ગઇ, અને તેને સ્વપનામાં થયેલી આજ્ઞા મુજબ પ્રતીમાને સરોવરની બહાર કઢાવી કાચા તાંતણે ગાડું બાંધી તેમાં પધરાવી જરા પણ પાછું જોયા વગર ગાડાને સીધાં પોતાના નગર તરફ હાંકવા માંડ્યું. રસ્તામાં પ્રતીમા ઉપરની પ્રીતીથી અધીરો થઈ પાછું વળી જોતાં પ્રતીમા ત્યાં સ્થીર રહી ગઇ. આથી તે રાજા વધારે ખીન્ન થયો પણ તે ખરો રાગી હોવાથી ત્યાં આગળ સીરપુર નામનું એક નગર વસાવી તેમાં એક દેહેરૂં બંધાવી પ્રતીમાજીને પધરાવી. અને પ્રતિદીન ત્રીકાળ પુજન કરી પોતાનો ભવ સફળ કરવા લાગ્યો. તે વખતે પ્રતીમાજી એક પાણીઆરી માથે બેડું લઇને જાય તેટલી અધર હતી, પણ હાલ તો આ

દુઃખમ કાળમાં નીચેથી એક અંગ લુહુણ જાય તેટલાંજ અધર છે.

શ્રી અંતરીક પાર્શ્વનાથનું સ્તવન.

અંતરીક્ષ પ્રભુ અંતરજામી, સ્વામી સાહેબ સાચોરે.
ખરદુખણ રાજાને કારજ, પુજક પ્રતીમા કીધીરે;
અગીઆર લાખ વરસ રહી જળમાં, પ્રતીમા રહી પ્રસિદ્ધિરે. અં૦
એલીચપુર રાજાને ઉપર, કરૂણા મોટી કીધીરે;
કોડ કલંકીત કાયા ક્ષણમાં, કંચનવરણી કીધીરે. અં૦
કુંડવેરૂલા સ્વઆકાશા, એલીચપુર પ્રભુ જાતાંરે;
વાટ બીચમે સીરપુર નગરી, વીરમણ ઈહાં વડધાયારે. અં૦
દક્ષિણ દેશ શુભ દેશ વરાડે, સીરપુર નગરી શોભેરે;
વામાનંદન પાર્શ્વજીનેશ્વર, ભવિ જનના મન મોહેરે અં૦
ત્યાં પ્રાસાદ કરાવ્યો ઉન્નત, દેવભૂવન સમ દીઠોરે;
સમક્રણાકર સુંદર સાહીબ, દેખત મનકુ હરખ્યોરે. અં૦
ઘણા દીવસનો મનરમાયો, જાત્રા કરવા રહીતોરે;
હુંપર પ્રભુની મહેર પ્રસાવી, શરણે આવી પહોંતોરે. અં૦
સુકૃતવેળાં સમ દરીશન દીઠા, નયણે લાગ્યાં મીઠાંરે;
પાપ પડળ જે હોતાં પાછલાં, તે પણ નાઠાં દીઠાંરે. અં૦
એ પ્રભુના ગુણ ગાતાં અનોપમ, ગુણીજન સઘળાં ગાયોરે

ગામ નગર સીધપુર પાટણથી, સંઘ યાત્રા કરવા આવ્યોરે. અં૦
સંવત અઢાર પંચાવન ફાગણ, વદ બારસ રવીવારીરે;
શ્રી જીનચંદ્ર સુરીશ્વર સાહીબ, જાત્રા થઈ જયકારીરે.અં૦

આ પ્રતીમાના આવા અત્યુત્તમ મહીમાથી આ તીર્થની યાત્રા કરવા ઘણા લોકો આવે છે. અહીં ભગવાનની પખાલ કરવાને સ્વેતામ્બરીઓ તથા દીગમ્બરીઓમાં વારા બાંધેલા છે. એક દીવસ સ્વેતાંમ્બરી અને એક દીવસ દીગમ્બરીઓ કરે છે. દીવસનો બાકીનો વખત ત્રણ ત્રણ કલાક વારા ફરતી સ્વેતામ્બરી તથા દીગમ્બરીઓને અપાય છે. સ્વેતામ્બરીનો વખત પુરો થતાં દીગમ્બરી લોકો ભગવાનને ચઢાવેલી ચક્ષુઓ ઉતારી નાંખે છે. અમે અત્રે બે દીવસ રહ્યાં તે દરમીઆન ભગવાનને નવી નવી આંગીઓ રચી બપોરે વીવીધ પ્રકારની પુજા ભણાવી હતી. પુજાઓ વીગેરેમાં ઘીની ઉપજ સારી થઇ હતી. દેરામાં જેટલું ઘી બોલાય છે તેની ઉપજ ગોઠી લઈ જાય છે. આ તીર્થનો વહીવટ ગેવલાવાળા શા. કલ્યાણદાસ લાલદાસ કરે છે. દેરાસરમાં મુળનાયકશ્રીની પ્રતીમા ઉપરનો લેપ ઘણો વખત થવાથી જતો રહ્યો છે, માટે તેને ફરીથી લેપ કરાવવાની ખાસ જરૂર છે દેરાસર જોઈએ તેવું સ્વચ્છ રહેતું

નથી. સંભાળની ખામી જણાય છે. વહીવટ કરનારે આ બાબત ધ્યાનમાં લેઈ બનતો સુધારો કરવાની જરૂર છે. મુનીમ ઘણો સારો માણસ છે. આ વખતે અત્રે પ્લેગ પુશ્કળ હોવાથી આખું ગામ ખાલી થયું હતું. અંતરીક્ષજીમાં કાંઇ પણ મળતું નથી. અઠવાડીઆમાં એક દીવસ બઝાર ભરાય છે ત્યારે સાક ભાજી વીગેરે આવે છે. અહીં દહીં દુધ ઘણાંજ સારાં મળે છે. અત્રે અમો દી. ૨ રહી વદ ૦))ની રાત્રે ગાડા જોડાવી ચૈત્ર શુદ ૧ ની સવારે પાતુર આવ્યાં. ત્યાં આખો દીવસ રહી સાંજે સંઘ જમી રાત્રે ગાડા જોડાવી શુદ ૨ ની સવારે આકોલે આવ્યાં. આકોલામાં દર રવીવારે બઝાર ભરાય છે. આકોલા રૂના વેપારનું મથક છે. આકોલા અને અંતરીક્ષજી થઇ સાત દીવસ અમને થયાં તે દરમીઆન, ઝવેરી પાનાચંદ હુકમચંદ, શેઠ સુબાચંદ રાયચંદ, લાલભાઇ મગનલાલ, વાડીલાલ સાંકળચંદ, મોહોલાલ ગોકળ અને મનસુખ લલુભાઇ એ ચાર ભાગ ખાતે, ધોતી જોડાવાળા શા હરગોવનદાસ દીપચંદ, સંઘવી રતનચંદ કેશરીસંઘ, શા લલુભાઇ નથુભાઇ અને શા લલુભાઈ દીપચંદ વીગેરે ગ્રહસ્થોના મળી કુલે સાત સંઘો જમ્યા હતાં. જેમાં ત્રણ આકોલામાં બે

પાતુરમાં અને બે અંતરીક્ષજીમાં જમ્યા હતા. અહીંથી અમો ચૈતર શુદ ૩ ના રોજ બુરાણપુર જવા રવાના થયા.

બુરાણપુર.

ચૈતર શુદ ૩ તા. ૧૫-૩-૦૭

આકોલાથી બુરાણપુરનું ભાડું રૂ ૧-૪-૦ છે. બુરાણપુર જતાં ભુસાવળમાં ટ્રેન બદલવી પડે છે. અમો શુદ ૩ ના સવારે ક. ૫-૫૫ આકોલાથી નીકળી રાતે આઠ વાગતાં અત્રે આવ્યાં. ભુસાવળમાં ટ્રેન નહી મળવાથી આઠ કલાક રોકાવું પડયું હતું. અહીં સ્ટેશનથી શહેર ત્રણ માઇલ દુર છે. સ્ટેશન ઉપર અમને લેવાને અત્રેના શેઠ માણેકચંદ કસ્તુરચંદ તથા બાઇ શીવકોરબાઇ વીગેરે આવ્યાં હતાં તેમને કરેલી સગવડ મુજબ અમે શેઠ રૂપચંદ જેચંદના મકાનમાં મુકામ કર્યો. અત્રે એક ધર્મશાળા છે પણ તે જુની ખંડીએર જેવી છે. આ શહેરની જાહોજલાલી પુર્વે સારી હતી પણ હાલતો પડી ભાગ્યા જેવું છે. વસ્તી પણ ઘણી ઓછી થઇ ગઇ છે. અહીં પ્રથમ અઢાર દેરાસર હતાં પણ કેટલાંક બળી જવાથી તેમજ શ્રાવકોની પડતીથી અને સાર સંભાળની ખામીથી હાલ તેની સંખ્યા નવ ઉપર આવી રહી છે. તેની વીગત.—**શ્રી ચીંતામણ**

પાર્શ્વનાથ અને **શ્રી ગોડી પાર્શ્વનાથ** એ બે (શી-
તુશાહના મોહોલ્લામાં), **શ્રી ધર્મનાથ** અને **શાંતીના-
થ** એ ભેગાં (લાખેરવાડીમાં છોટાવાલાજીની ગલીમાં)
છે, તેમાં એક રતન તથા એક પાનાની પાર્શ્વનાથની પ્ર-
તીમા છે. ૪ **શ્રી મંધરસ્વામીનું** (લાખેરવાડીમાં), ૫
શ્રી વાસુપુજ્ય અને ચંદ્રપ્રભુનું મુળનાયક તરીકે, ૬
શ્રી શાંતીનાથનું, ૭ **શ્રી આદીશ્વર** ભગવાનનું, ૮
શ્રી નેમનાથનું, બીજા ગભારામાં મક્ષીજી પાર્શ્વનાથ છે.
૯ **શ્રી શાંતીનાથનું** (મોટા રસ્તે), ઉપર શ્રી શ્રેયાં-
સનાથ છે. આ પ્રમાણે નવ દેરાસરો ઘણાં રળીઆમણાં
અને મનને આનંદ આપે તેવા છે. અત્રે શ્રાવકની વસ્તી
જુજ છે, તેમાં શેઠ માણેકચંદ અને બાઇ શીવકોર બાઇ
એ ઘણા માયાળુ સ્વભાવના અને ધર્મચુસ્ત છે. આ બાઇ
કોઈ પણ સંઘ આવે છે ત્યારે તેની ખાતર બરદાસ બહુ
રાખે છે અને અમારી પણ ઘણી રાખી હતી. અહીં કોઈ
જોવા લાયક નથી. અહીંની છીંદરીઓ વખણાય છે. અત્રે
બે દીવસ અમે રહ્યાં તે દરમીઆન શા ઠાકોરદાસ મગ-
નશા હા. બાઇ સીવકોર તથા છગનબેન અને શેઠ રૂપ-
ચંદ જેચંદ તરફથી તથા શા ઠાકોરદાસ ફતેચંદ તરફથી

બે દીવસ સંઘ જમ્યા હતા. પહેલે દીવસે સંઘવીને પાઘડી-નો સરપાવ અને સંઘને શ્રીફળ આપવામાં આવ્યા હતાં અમે અહીંથી પુના જવા રવાના થયા.

પુના.

ચૈતર શુદ ૬ તા. ૧૮-૩-૦૭

બુરાનપુરથી પુનાનું ભાડું રૂ. ૩-૧૩-૦ છે. જતાં મનમાર અને ઘોન્ડ બે ઠેકાણે ટ્રેન બદલવી પડે છે. તેમજ કલ્યાણથી પણ ટ્રેન બદલીને જવાય છે. પહેલા રસ્તે ભાડું ઓછું છે. બુરાણપુરથી શુદ ૫ ની સાંજે ક ૭-૫ નીકળી શુદ ૬ ની સવારે ક.૧૦-૭ કલ્યાણ આવ્યા, ત્યાંથી ક. ૧૨-૪૦ ની ટ્રેનમાં ઉપડી સાંજે ક. ૫-૪૦ અત્રે આવ્યા. રસ્તામાં કસારા અને ખંડાળાનો ઘાટ આવે છે તે જોવા લાયક છે. અહીં સ્ટેશનથી શહેર દોઢ માઈલ દુર છે. અત્રે ઝવેરી મોતીચંદ ભગવાનદાસ સંઘને લેવાને સ્ટેશન ઉપર સામા આવ્યા હતા. અમો શહેરમાં શુકરવાર પેંઠમાં તેમના બંગલામાં ઉતર્યા. અહીં બે ત્રણ ધર્મશાળા છે, અને નાનાં મોટાં મળી એકંદર દસ દેરાસરો છે. જેની વીગત (૧) શ્રી ગોડીજીપાર્શ્વનાથનું,

(૨) શ્રી **આદીશ્વરજી**નું મોટું દેહેરૂં. (૩-૪) શ્રી **આદીશ્વરજી**ના આ ચાર દેરાં (વેતાળપેંઠમાં) છે. પહેલામાં ઉપર શ્રી જગવલ્લવ પાર્શ્વનાથ, નીચે સંખેશ્વરા પાર્શ્વનાથ અને ભોયરામાં ચીંતામણી પાર્શ્વનાથ છે. બીજા અને ત્રીજા દેહેરામાં નહાવાની સગવડ છે. (૫) **શેઠ વજેચંદ કીકાચંદ**ના મકાનમાં (શનીવાર પેંઠમાં) (૬) **શેઠ બહેચરદાસ માનચંદ**ના મકાનમાં પોસ્ટ ઓફીસ ઉપર (રવીવારપેંઠ). તેની સામે ગલીમાં થઇ મોટે રસ્તે (૭) **દીપચંદ કંકુચંદ**ના મકાનમાં. શહેરથી દોઢ માઇલ છેટે (૮) **શ્રી આદીશ્વરજી**નું (સોલાપુર બજારમાં) (૯) **શ્રી શાંતીનાથ**નું (લશ્કર બજારમાં) (૧૦) **શ્રીવાસુપુજ્ય**નું (વાનવાડીમાં). આ પ્રમાણે સાત શીખરબંધ અને ત્રણ ઘર દેરાસર મળી દસ દેરાં છે. જે ઘણાં રળીઆમણાં અને ઉજ્જલામણમાં સારાં છે. અત્રે અમો દી. ૪ રહ્યાં તે દરમીઆન શુદ ૮ ના રોજ **શ્રી આદીશ્વરજી**ના મોટા દેહેરે સંઘવી તરફથી બપોરે નવાણું પ્રકારની પુજા ભણાવી રાતે ફુલ લાઇટ સાથે લાખેણી આંગી રચાઈ હતી. અને પુરૂષોનો રાતી જગો કરી શહેરના બધા જૈનોને નોતરી શ્રીફળની લાહાણી કરવામાં આવી હતી. તે પ્રમાણે બીજા દીવસે પણ

પુજા ભણાવી આંગી વીગેરે સંઘાળુ તરફથી રચાવવામાં આવી હતી. આ શહેર પ્રાચીન છે. અસલ પેશ્વાની રાજધાની હતી. હવામાં સારૂં હોવાથી મુંબાઇનો ગવરનર ચોમાસામાં અત્રે રહે છે. રસ્તા બહોળા અને સ્વચ્છ છે. અત્રે ઝવેરી **મોતીચંદ ભગવાનદાસ**, ગોટીવાળા મારવાડી **રાઇસીંગજી પનાજી**, મારવાડી **વાલાજી ભગવાનજી, શા. પ્રેમચંદ તલકચંદ** અમદાવાદવાળા, અને **શા. ધનજીભાઇ પ્રેમચંદ** વીગેરે ગ્રહસ્થો તરફથી જુદે જુદે દીવસે સંઘ જમાડવામાં આવ્યા હતા. શેઠ મોતીચંદભાઇએ અમારી સાર સંભાળ ઘણી રાખી હતી. અને મુંબાઇ જવા રીઝર્વ ડબાની ગોઠવણ પણ તેમનેજ કરાવી આપી હતી. માટે તેમનો આભાર માની અમો શુદ ૧૦ ની રાત્રે મુંબાઈ જવા રવાના થયા.

મુંબાઇ.

ચૈતર શુદ ૧૧ તા. ૨૩-૩-૦૭

પુનાથી મુંબાઇનું ભાડું રૂ. ૧-૪-૦ છે. અમો પુનાથી શુદ ૧૦ ની રાત્રે ક. ૧૧-૩૦ નીકળી આજ રોજ સવારે ૭ વાગતે અત્રે બોરીબંદર સ્ટેશને આવ્યા. અહીં

સ્ટેશન ઉપર સંઘવીને કેટલાક ગ્રહસ્થો તરફથી હાર તોરા પહેરાવી અને સંઘને પુષ્પથી વધાવી લેવામાં આવ્યો હતો. આગળથી ખબર આપવાથી ઝવેરી મણીલાલ સવચંદે કરેલી સગવડ મુજબ લાલબાગમાં સંઘને ઉતારો મળ્યો. અહીં એકંદર દેરાસરો છે તેની વીગત.—(૧) **શ્રી ગોડી પાર્શ્વનાથ**, (૨) શ્રી **માહાવીર સ્વામી**, (૩) શ્રી **આદીશ્વરજી**, એ ત્રણ (પાય ધોની ઉપર) છે. (૪) **શ્રી ચીંતામણ પાર્શ્વનાથ** (ગુલાલવાડી). (૫) શ્રી **શાંતીનાથ**, (૬) શ્રી **નમીનાથ**, એ બે (ભીંડીબઝાર). (૭) શ્રી **આદીશ્વરનું** (મારવાડી બઝાર). (૮) લાલબાગમાં. (૯) ભોંયખળામાં. (૧૦) કોટમાં. (૧૧) કોલાબામાં. ૧૨-૧૩ બંદર ઉપર અને (૧૪-૧૫-૧૬) શ્રી **સુપાર્શ્વનાથ**, શ્રી **આદીશ્વર**, શ્રી **ગોડીપાર્શ્વનાથ** તેમાં રતનની બે પ્રતીમાં, એમ ત્રણ (વાલકેશ્વરમાં) છે. આ પ્રમાણે સોળ દેરાં સુશોભીત છે. આ શીવાય **દાદર, થાણા, માહીમ, ઘાટકુપર**, અને **અગાસી** વીગેરે ઠેકાણે દેરાં છે. જ્યાં રેલમાં જવાય છે.

મુંબાઇ એ હિંદુસ્તાનમાં પહેલે નંબરે ગણાતું એક સુપ્રસિદ્ધ શહેર છે. તે પુર્વ તરફના વિસ્તીર્ણ વેપારનું મ-

ચક છે. પ્રતિ પખવાડીએ વિજાતીય પ્રજાથી ઘસડાઇ જતી અથાગ લક્ષ્મીનું પુનઃ પ્રસવસ્થાન, દેશી કારીગરીનું પ્રદર્શન, અનેક ધંધા વગરના ગરીબોનું નિર્વાહસ્થાન, લક્ષ્મીવાનોનું વૈભવસ્થાન, અખીલ દુનીઆની પંચરંગી પાઘડીનું સંગ્રહસ્થાન, તેમજ ચારે તરફના અગાધ જળથી વીંટાયેલ અનુપમ આર્યાવ્રતનો આ " મોહમહીપટ્ટન " (મુંબાઇ) એક સુંદર બેટ છે. જેના ઉપર હીંદની આબાદાનીનો વીજય વાવટો ફરકી રહ્યો છે. વળી ઇંગ્લંડ, ચીન, જાપાન અને અમેરીકા સાથેના વધતા જતા સંબંધને લઇને ચોસઠ કળાએ પરીપુર્ણ, આ એક અનુપમ "યુવતી" છે. જેના આશ્રયે માત પીતાથી નજીવા કારણથી રીસાયેલા, રૂઢીદેવીની પ્રબળ સત્તાથી દબાયેલા, દેશમાં વધતી જતી દરિદ્રતાથી કંટાળેલા, કુટુંબ કલેશથી અકળાયેલા, તેમજ વ્યવહાર બંધથી સપડાયેલા અનેક યુવાનો કુટુંબ નિર્વાહને અર્થે આ નગરીમાં આવી રહેલા છે. અને નવો ઉદ્યમ ચલાવી પોતાનું ગુજરાન કરી રહેલા છે. મુંબાઇ પણ તેવા યુવાનોને સંઘરી પોતાના ખોળામાં લેઇ માતાની માફક પોષણ કરી તેમની સાથે પોતાની પણ આબાદાની વધારતું જાય છે. વળી પથરથી બંધાએલી

ગોદીમાં હજારો કોસ દુરથી આવતી સ્ટીમરો મંદગતીથી ચાલતી અને પગ બુડ પાણીમાં હાથીણીની માફક ડોલતી આવતી હોય તેવો આભાસ આપી રહી છે. આ અલબેલી નગરીમાંથી બી. બી. સી. આઇ. અને જી. આઈ. પી, એવી બે રેલ્વે લાઇનોના ફાંટા નીકળેલા છે. અખીલ દુનીઆની આંગળીના ટેરવા ઉપર ગણાતું તેમજ હીંદની અર્વાચીન કારીગરીના નમુના રૂપે ગણાતું એક અનુપમ વીકટોરીઆ ટરમીનસનું સ્ટેશન શહેરના મધ્ય ભાગમાં કોટના નાકે આવી રહ્યું છે. તેમજ ટંકશાળ, ટાટાહોટેલ, ટાટાપૅલેસ, રાજાબાઈ ટાવર, લાઇટ હાઉસ, વીકટોરીઆ ગારડન, ક્રાફર્ડ મારકીટ, હુન્નર ઉદ્યોગ શીખવનારાં અનેક કારખાનાઓ, શાળાઓ, કૉલેજો, નાટકશાળાઓ, કોટના વીશાળ મકાનો, વાલકેશ્વરના સુધરેલી પ્લેનથી બંધાયેલા બંગલાઓ, અને વેપાર રોજગારના શ્રમથી કંટાળેલા મનુષ્યોને સાંજે હવા ખાવાનાં સ્થાનો, પાલવા, એન્ડરટેન્ડ, ચોપાટી, અને બીજા અનેક જોવા લાયક સ્થળોથી શણગારાયેલી આ મુંબાપુરી નગરી પોતાની અનુપમ શોભા બતાવી રહી છે. આ શહેર કોટ અને બહારકોટ એ ભાગમાં વહેંચાયેલું છે. અહીં જૈનની વસ્તી ઘણી છે.

અહીં આઠ દીવસ રોકાયા. તે દરમીઆન, ઝવેરી કેશવલાલ છોટાલાલ, શા બલાખીદાસ ચકુભાઈ, શા મનસુખ બહાદુર, શેર બઝારના અમદાવાદી દલાલો, ઝવેરી સવચંદ કેશરીસંઘ, શેઠ દલપતભાઈ ભગુભાઇ, શા મગનલાલ સવચંદ, અને ઝવેરી ચંદુલાલ દલસુખરામ વીગેરે તરફથી જુદા જુદા આઠ દીવસ જમણ આપવામાં આવ્યાં હતાં. કેશવલાલ છોટાલાલે સંઘવીને પાઘડી તથા સંઘવણને સાડીનો સરપાવ અને સંઘાળુને શ્રીફળ આપ્યાં હતાં. તથા બીજા ભાઇઓ તરફથી સંઘવીને હાર તોરા પહેરાવવામાં આવ્યા હતા. અમો અહીંથી ચૈતર વદ ૨ ની રાતે નીકળી સુરત રવાના થયા. રીઝર્વ્ડ કેરેજીસ માટે ઝવેરી ચંદુલાલ દલસુખરામે સારી મદદ કરી હતી.

સુરત.

ચૈતર વદ ૪ તા. ૩૧-૩-૦૭

કોલાબાથી સુરતનું ભાડું રૂ ૧-૧૫-૦ છે. અમો શુદ ૩ ની રાતે ક. ૧૦-૩૦ કોલાબેથી ઉપડી વદ ૪ની સવારે ક. ૬-૫૦ અત્રે આવ્યા. સ્ટેશનથી શહેર એક માઈલ દુર છે. સ્ટેશન ઉપર ઝવેરી છોટાલાલ લલુભાઇ તથા

બીજા ગ્રહસ્થો આવ્યા હતા. તેમને કરેલી સગવડ મુજબ ઝવેરી દેવચંદ લાલભાઇની ધર્મશાળામાં અમને ઉતારો મળ્યો. બીજી પણ બે ત્રણ ધર્મશાળા અત્રે છે. આ શહેર મોટું છે. શ્રાવકોની વસ્તી સારી છે. અત્રે દેરાસરો છે તેની વીગત:—

(૧) શ્રી મહાવીરસ્વામીનું. (૨) શ્રી અષ્ટાપદજીનું. (ખપાટી ચકલામાં) (૩) સંભવનાથનું (મગનલાલ વકીલના ખાંચામાં) ૪ શ્રી મનમોહન પાર્શ્વનાથ. (૫) ધર્મનાથ.(૬) શ્રી સંખેશ્વરા પાર્શ્વનાથ.(૭) ધર્મનાથ તેમાં ભોંયરામાં સુરજમંડનની પ્રતીમા મોટીને અદ્ભુત છે. આ ચાર દેરાં ડાહ્યાભાઇ વકીલના ખાંચામાં છે. (૮) શ્રી સંભવનાથ (નગીનભાઇ મંછુભાઇનું) (૯) શ્રી શીતલનાથનું (પ્રેમચંદ રાયચંદની ધરમશાળામાં) (૧૦) શ્રી શાંતીનાથનું (અરજીલાલનો મોહોલ્લો) (૧૧) શ્રી વાસુપુજ્યનું મોટું દેહેરૂં (મોટી પોલમાં). (૧૨) શ્રી પાર્શ્વનાથ (મોટી પોલમાં). (૧૩) અનંતનાથનું. (૧૪) શ્રી ચંદ્રપ્રભુનું. (૧૫) શ્રી મનમોહન પાર્શ્વનાથનું. (૧૬) શાંતીનાથનું. (૧૭) ઉમરવાડી પાર્શ્વનાથનું. આ પાંચ (ઓસવાળ મોહોલ્લામાં). (૧૮) શાંતીનાથનું. (૧૯–૨૦) આદીશ્વરનાં. આ ત્રણ (માળી ફળીઆમાં)

(૨૧) કુંથુનાથ (મોટે રસ્તે). (૨૨) નાનપુરામાં બગીચામાં. પછી વડા ચૌટામાં (૨૩) શ્રી મહાવીરસ્વામી (નાણાવટમાં). (૨૪) આદીશ્વરનું રતનની પ્રતીમા (નાણાવટમાં) રાયચંદ કચરાના મકાનમાં. (૨૫) અજીતનાથનું (હરમાનની પોળ) (૨૬) નમીનાથ (પાનડોલી પોળ) (૨૭) ગોડીજીનું. (નગરશેઠની પોળ). (૨૮) કલ્યાણ પાર્શ્વનાથનું (અમુતરઆના). (૨૯) અજીતનાથ (તારાવાલાની પોલ). (૩૦) મંધરસ્વામીનું. (૩૧) આદીશ્વરનું (મુતરગલીમાં. (૩૨) શાપુરમાં શ્રી ચીંતામણજીનું મોટું દેરૂં. સૈયદપુરામાં (૩૩) ચંદ્રપ્રભુનું (શ્રાવક પોળમાં). (૩૪) પાર્શ્વનાથનું (રસ્તા ઉપર.). હરીપરામાં (૩૫) શીતલનાથનું છાપરીઆ શેરીમાં (૩૬) આદીશ્વરનું (૩૭) સુપાર્શ્વનાથનું. ગોલ શેરીમાં (૩૮) ચંદ્રપ્રભુનું, (૩૯) ગોડીજીનું. નવા પરામાં કુંભારવાડામાં (૪૦) શાંતીનાથીનું. (૪૧) પાર્શ્વનાથનું (તલકચંદ માસ્તરની વાડીમાં) (૪૨) વીમલનાથનું (સોની ફલીયામાં). ૪૩ સુવીધીનાથ ૪૪ અજીતનાથ (દેસાઈની પોળમાં). ૪૫ આદીશ્વરનું (લાઈન્સમાં). (૪૬) સીધરામપુરામાં. આ પ્રમાણે છેતાલીસ દેરાસરો અત્રે છે. બીજાં પણ કેટલાંક ઘર દેરાસરો છે. જે બધાં રળીઆ-

મણું છે. આ શીવાય તાપીનો પુલ ઓળંગી જમણી તરફ અઢી માઇલ દુર **રાંદેર** ગામ છે. ત્યાં ૭ દેરાં છે. વીગત.—લાલા ઠાકોરની પોળમાં (૧) શાંતીનાથનું ઘર દેરાસર (૨) આદીશ્વરનું, (૩) નેમનાથનું, ઉતમરામની પોળમાં. (૪) આદીશ્વરનું. (૫) મનમોહન પાર્શ્વનાથનું. (૬) શાંતીનાથનું (ઘર દેરાસર). આ ૭ દેરાં ઘણાં સુંદર છે. શહેરથી બે માઇલ દુર **કતારગામ** છે. ત્યાં **આદીશ્વરનું** મોટું દેરૂં છે. સામે **પુંડરીકજી** છે. દેરાને ફરતી વીસાળ ધર્મશાળા છે. રસ્તા ઉપર ધર્મશાળામાં એક દેરાસર છે આ સ્થળ ઘણું રળીઆમણું છે. આ પ્રમાણે બધે દેરે અમો દર્શન કરી આવ્યાં. અહીં ૭ દીવસ રહ્યા. તે દરમીઆન **મેસર્સ છોટાલાલ નગીનચંદની કુંપની,** ઝવેરી **ઘેલાભાઇ રતનચંદ, ઝવેરી સાકેરચંદ રતનચંદ, શા ભાઇદાસ દુલવદાસ, કસ્તુરચંદ ઝવેરચંદ અને ઘેલાભાઇ ગુલાબચંદ** વીગેરે ગ્રહસ્થો તરફથી જુદે જુદે દીવસે સવાર સાંજ સંઘ જમાડાવામાં આવ્યા હતા. અત્રેથી વદ ૧૧ સવારની ટ્રેનમાં ઝગડીઆ જવા રવાના થયા.

ઝગડીઆ.

ચૈતર વદ ૧૧ તા. ૭—૪—૦૭

સુરતથી ઝગડીઆનું ભાડું રૂ. ૦—૧૦—૦ છે.

સુરતથી સવારની ક. ૧૧—૦ ની બલસાર લોકલમાં નીકળી ક. ૧૨—૩૦ **અંકલેશ્વર** આવ્યાં. ત્યાંથી પોણા બે વાગતાં **રાજપીપલા સ્ટેટ** રેલવેમાં ઉપડી સાંજે ચાર વાગે અત્રે આવ્યા. સ્ટેશનથી ગામ એક માઇલ છે. વડોદરાના કેટલાક ગ્રહસ્થો જાત્રા અર્થે આવેલા તેઓ ને ખબર મળવાથી સામૈયુ લેઇ સ્ટેશન ઉપર આવેલા તેમની સાથે વાજતે ગાજતે ગામમાં ગયા. અહીં **શ્રી આદીશ્વર** ભગવાનનું એક મોટું મનહર દેરૂં છે. દેરાને ફરતી મોટી વીસાળ ધર્મશાળા છે. દેરૂં તથા ધર્મશાળા ઘણાં સરસ બાંધ્યાં છે. આ સ્થળ ઘણું રમણીય છે. જેથી અહીંથી નીકળવાનુ મન થતુ નથી. સુરત વડોદરાના લોકો અહીં દર પુનમે જાત્રાએ આવે છે. મુળનાયકશ્રીના અધિષ્ટાયક ઘણાં બળીઆ હોવાથી જોત જોતાંમાં આ તીર્થ ઘણું પ્રસિદ્ધિમાં આવી ગયું છે. અને જતે દીવસે ભોઇણીની માફક હજારો લોકો આવતાં થઈ એક મોટા તીર્થનુ ધામ થઈ પડશે. આદીશ્વર ભગવાનની પ્રતીમા ઘણી અલૌકીક અને આકર્ષણીય છે. દરેક જૈન ભાઇને આ તીર્થની યાત્રા કરવા મારી ખાસ ભલામણ છે. અહીં આવવાથી ભોઇણીના જેટલોજ આનંદ થાય છે. એની રમણીયતા જોઇ અમો

અત્રે એક દીવસ વધુ રોકાયા, અને દેરામાં વીવીધ પ્રકારની પુજા ભણાવી, આંગીઓ રચાવી, પ્રભુ ભક્તીમાં વખત ગાળ્યો. અહીં દેરામાં ૧૦૮ દીવાની આરતી ઉતરે છે. અત્રે **સંઘવી રતનચંદ કેશરીસંઘ** અને વડોદરાવાળા **મોતીલાલ લાલદાસ** મોદી એ બે તરફથી બન્ને દીવસે સંઘ જમ્યા હતા. અત્રેથી વદ ૧૩ ની સવારે ઊપડી વડોદરે જવા વીદાય થયા.

વડોદરા.

ચૈતર વદ ૧૩ તા. ૯-૪-૦૭

ઝગડીઆથી વડોદરાનું ભાડું રૂ ૦-૧૪-૦ છે. સવારે ક ૧૦—૫૪ ની ટ્રેનમાં નીકળી ક. ૧૧—૫૫ અંકલેશ્વર આવ્યા. ત્યાંથી બપોરે ક. ૧૨-૪૪ ઉપડી સાંજે ક. ૩-૨૫ અત્રે આવ્યા. અહીં સ્ટેશન ઉપર અત્રેનું બધું ઝવેરી મંડળ સંઘને લેવાને સામું આવ્યું હતું. તેમને સંઘવીને હાર તોરા પહેરાવી માન આપ્યું હતું. પછી અમો તેમને કરેલી સગવડ મુજબ શહેરમાં ઘડીઆલી પોળમાં ઘંટીઆળામાં, પરભુ કાશીની વાડીમાં જઇ ઉતારો રાખ્યો. જે સ્ટેશનથી લગભગ દોઢ માઇલ દુર છે. અહીં સોલ મોટા અને ચૌદ ઘર દેરાસર છે. તેની વીગત—૧ ચીંતામણજી

(પીપલાશેરી) ૨ આદીશ્વર અને ૩ ચંદ્રપ્રભુ (જાની શેરીમાં). ૪ કુંથુનાથ (ઘડીઆળી પોળ). ૫ આદીશ્વરજી (ચોટાઓળ) ૬ ચંદ્રપ્રભુ (સુલતાનપરા). ૭ દાદાપાર્શ્વનાથનું વેલુની પ્રતીમા (નરસીંહજીની પોળ). ૮ ગોડીજીનું (બાબાજીપુરા). ૯ કલ્યાણ પાર્શ્વનાથ અને ૧૦ વીરપ્રભુ (મામાની પોળ) ૧૧ શાંતીનાથ (કોઠી પોળ) ૧૨ સંખેશ્વરા પાર્શ્વનાથ (ફતેહપુરા) ૧૩ નેમનાથ (મહેતાપોળ) ૧૪ શીતલનાથ (નવીપોળ) ૧૫ આદીશ્વર (મહમદવાડી રંગમહેલ) ૧૬ મનમોહન પાર્શ્વનાથ (પટોલીઆ પોળ). આ પ્રમાણે સોલ દેરાસરો ઘણા સુશોભીત છે. બીજાં ઘર દેરાસરોની વીગત.—૧ તારાચંદ સોમચંદ ૨ ચેલાભાઇ હીરાચંદ અને ૩ મોતીલાલ હરખચંદ એ ત્રણ (પીપલાશેરીમાં) ૪ ગુલાબચંદ પરશોતમદાસ. ૫ ગોકલભાઈ દુર્લભદાસ, ૬ દામોદર જમનાદાસ, (એ ત્રણ કોલાખાડીમાં) ૭ વીરચંદ રૂપચંદ (ઘડીઆળી પોળમાં), ૮ હીરાભાઇ દલપતભાઇ, ૯ ત્રીભોવન ભીખાભાઇ, ૧૦, અમીચંદ માણેકચંદ, ૧૧ કરસનદાસ અમથા, ૧૨ ચુનીલાલ હરીભાઇ, ૧૩ નારાયણદાસ કોઠારી, ૧૪ ભાઇચંદ વર્ધમાન, વીગેરેના નરસીંજીની પોળમાં છે. આ શીવાય ત્રણ ગાઉ દુર છાણી ગામ છે ત્યાં શાંતીનાથ

અને કુંથુનાથના બે સુંદર દેરાં છે. બે ગાઉ દુર **તરસાલી** છે. ત્યાં આદીશ્વરનું એક દેહેરૂં છે. ત્રણ ગાઉ દુર **મકરપુરામાં** પણ એક દેહેરૂં છે.

અહીં જોવા લાયક મકરપુરા, કામાટીબાગ, તેમાં આવેલું સંગ્રહસ્થાન અને રાજમહેલ વીગેરે છે અહીં અમારા સંઘવી રતનચંદ **કેશરીસંગ** તરફથી સંઘમાં તથા નાતમાં જરમનના ટાટનું **લાહાણું** કરવા આવ્યું હતું. અત્રે પાંચ દીવસ રોકાયા તે દરમીઆન ઝવેરી હીરાચંદ ઈશ્વરદાસ, જગજીવન વજેલાલ અને જેશંગભાઇ કંકુચંદ જણ **ત્રણ** તરફથી, **હીરાચંદ ઇશ્વરદાસ, નગીનભાઇ મંછુભાઇ, જેશંગભાઇ કંકુચંદ, છોટાલાલ લાલચંદ, જગજીવનદાસ વજેલાલ**, મોદી **મગનલાલ મહોકમદાસ** અને શા. **મગનલાલ તારાચંદ** વીગેરે તરફથી જુદાં જુદાં સવાર સાંજ સંઘ જમ્યા હતા. અહીં અમારી મુસાફરી પુરી થતી હોવાથી અને અમદાવાદ જવાનું મહુરત બી. ચૈ. શુદ ૩ નું હોવાથી તેજ દીવસની સવારની ટ્રેનમાં અમદાવાદ જવા અમો વીદાય થયા.

રાજનગર

આજે બી. ચૈ. શુદ ૩ ની રળીઆમણી પ્રભાતના સુમારે સાડા છ વાગવાની તૈયારી હતી. સવિતા નારાયણ ગગન મંડળને અલંકૃત કરવા ઉદયાચળ ઉપર આવી રહ્યા હતાં. એવે વખતે રાજનગરના સ્ટેશનના પ્લેટફૉર્મ ઉપર અનેક પુરૂષોની ઠઠ જામી રહી હતી. તેમાં કેટલાંક પોતાના સગાવહાલાં, ભાઈભાંડુ, અને બેન માતુશ્રીની દેશાવરથી આવતા જોવાની રાહ જોઈ રહ્યા હતાં. એવામાં પ્રભાતના ક. ૪-૨૩ ની વડોદરેથી ઉપડેલી અમારી ટ્રેન સુસવાટ કરતી આવી પહોંચી. સાડાચાર માસથી છુટા પડેલા અમારા સગા વહાલાને તથા માતૃભૂમીને ભેટવા આતુર થયેલાં અમો ટ્રેનમાંથી ઉતર્યાં. અરસ પરસ સુખશાંતીની ખબરો પુછાઇ. અને પછી બહાર આવી અમો બધા પાંચકુવાને દરવાજે આવ્યાં. શહેરમાં દાખલ થવાનું મહુરત નવ વાગતાનું હોવાથી દરવાજા બહાર મુકામ કરી બેઠા. અહીં શહેરના શ્રીમંતો અને જૈનભાઇઓ એકં પછે એક આવવા લાગ્યાં. સંઘવીને હારા તોરા પહેરાવી માન આપવામાં આવ્યું. પછી વખત થયે વાજતે ગાજતે શહેરમાં દાખલ થયાં. ધણા માણસના સાજનથી શોભી રહેલો

વરઘોડો ચોટુ ફરી ઝવેરીવાડે થઈ કોઠારીપોળમાં વાઘણ પોળમાં **સંઘવી રતનચંદ કેશરીસંઘ**ના પોતાના મકાને ઉતર્યો. અહીં ચીંતામણજીના દર્શન કરી સંઘાળુ વર્ગ પોતપોતાને મકાને જવા છુટા પડયો, વેરાયો.

વહાલા વાંચકવૃંદ? આજે અમારી સાડા ચાર માસની મુસાફરી પુરી થઈ. સાડાચાર માસ સુધી એકજ કુટુંબની માફક વર્તતો સંઘાળુ વર્ગ આજે વિખરાઇ ગયો. આ તિર્થાટન કરવા નીકળતી વખતે આ મુસાફરી કઇ વખતે પુર્ણ થશે તેનો કાંઇપણ નિર્ણય હતોજ નહીં. તેવી રીતે હે ચેતન? આ મનુષ્ય ભવરૂપી ત્હારી મુસાફરી ક્યા-રે પુર્ણ થશે તેનો કાંઇ પણ નિર્ણય નથીજ. આનંદ આ-પતા આ સંઘાળુ વર્ગથી જેવી રીતે આજે છુટા પડી એકલાજ ઘેર આવવું પડયું છે, તેવીજ રીતે તારૂં આયુ-ષ્ય પુર્ણ થયે તારૂં તન ધન અને પરિવાર બધું મુકી તારે પણ એકલાજ જવું પડશે. ફક્ત પુણ્ય પાપ શિવાય કાંઇ પણ ત્હારી સાથે આવશે નહીં. ચોરાસી લાખ જી-વાયોનીમાં ફરતા ફરતા અને અનેક સંકટો સહન કરતા કોઇ મહાન પુન્યના ઉદયે આ મનુષ્યભવ તને મળ્યો છે.

જો તું મુક્તતા (મોક્ષ) ઈચ્છતો હોય તો તે મુક્તતા (મોક્ષ) તને આ જ મનુષ્ય ભવમાંથી થવાની છે. માટે જો આ મનુષ્ય ભવમાં તું પ્રમાદ વશ થયો તો જન્મ મરણાદી અનેક દુઃખો ભોગવતો આ ભવાટવીમાં પાછો ભટકતોજ રહીશ. તેથી તુ પ્રમાદ વશ ન થતાં ત્હારૂં સર્વ પ્રાક્રમ સ્ફુરાવી સર્વ ઇંદ્રિઓ ઉપર વિજય મેળવવા પ્રયત્ન કરજે. મહાન કષ્ટ વેઠીને પણ સ્વાર્થિપણું તજી પરોપકારી થજે. પ્રાતઃકાળમાં ઉઠી આત્મ સ્વરૂપનું ચિંતવન કરી સતત ઈચ્છજે કે તારૂં અને આ જગતના સર્વ જીવોનું પરમકલ્યાણ થાય, અને ચતુર્ગતીમાંથી મુક્ત થઇ બધા પરમ સાશ્વત સુખને પામે. પરમ પુજ્ય પરમાત્માની મુદ્રા ત્હારા હૃદય આગળ ખડીકર, અને એ પરમશાંત સમાધી અવસ્થામાં છે એવું ચિંતવન કર. પંચ ઇંદ્રિયોના વિષયથી વિરક્ત થઇ તેમની મુદ્રા બારીકીથી બહુ માન અને પરમ પુજ્ય બુદ્ધીથી અવલોક, તેમને કરેલા કૃતવ્ય ઉપર અંતરદ્રષ્ટિ ફેરવ, અને ત્હારા કરેલા પાપોની મનવચ કાયાયે ક્ષમા ઇચ્છ, આથી તારી એકાગ્રતા વધશે, તારા મનની વિશુદ્ધી થશે, અને એથી પણ બીજા અધિક લાભો થશે.

સ્નાન કરતાં તારા બાહ્ય મળ ધોતી વખતે, તારા અં-

તરનો મેલ કેમ નાશ પામે તેવો ઉદ્યોગ કરજે. તને ત્હારા વિના બીજું કોઇ સહાયક નથી. તું પોતેજ તને શરણરૂપ છે. તારો આધાર, તારી કૃતેહ કેવળ ત્હારા પ્રયત્નનેજ આધિન છે. માટે વધારે નહીંતો દીવશમાં માત્ર બે ઘડી પણ આત્મ સ્વરૂપનું ચીંતવન કરજે. તેનાજ ચિંતવનથી તારો અભ્યાસ પરિપકવ થઇ મન સ્થિર થશે. આવા લાંબા અભ્યાસથી આખરે સંસારની ઉપાધીથી મુક્ત થઇ તું સિદ્ધ દશાને પામીશ.

આ પુસ્તક છપાવતાં મારા મીત્ર **શેઠ હરીલાલ મુળચંદે** પ્રુફ સુધારવા વીગેરેનો કેટલોક શ્રમ લીધેલો છે તેથી તેમનો આભાર માનું છું.

પ્રુફ સુધારતાં દ્રષ્ટીદોશથી કાનો માત્રા વીગેરે જે કોઇ ભુલચુક રહી ગઇ હોય તે સંબંધી વાંચકવર્ગ પ્રત્યે ક્ષમા માગુછું.

લી૰ કર્તા૰

કલ્યાણકોનું લીસ્ટ.

ભગવાનના નામ.	નગરીઓના નામ.	કયા કયા કલ્યાણકો થયા છે.					કુલ કેટલા
		ચ્યવન	જન્મ	દીક્ષા	કેવળ	મોક્ષ	
રીખવદેવ	વીનીતા	૧	૧	૧	૦	૦	૩
,,	પુરીમતાલ	૦	૦	૦	૧	૦	૧
,,	અષ્ટાપદજી	૦	૦	૦	૦	૧	૧
અજીતનાથ	વીનીતા	૧	૧	૧	૧	૦	૪
સંભવનાથ	સાવથ્થી	૧	૧	૧	૧	૦	૪
અભીનંન્દન	વીનીતા	૧	૧	૧	૧	૦	૪
સુમતીનાથ	,,	૧	૧	૧	૧	૦	૪
પદમપ્રભુ	કોશંબી	૧	૧	૧	૧	૦	૪
સુપાર્શ્વનાથ	વણારસી	૧	૧	૧	૧	૦	૪
ચંદ્રપ્રભુ	ચંદ્રપુરી	૧	૧	૧	૧	૦	૪
સુવિધીનાથ	કાકંદી	૧	૧	૧	૧	૦	૪
શીતલનાથ	ભદ્દીલપુર	૧	૧	૧	૧	૦	૪
શ્રેયાંસનાથ	સીંહપુરી	૧	૧	૧	૧	૦	૪
વાસુપુજ્ય	ચંપાપુરી	૧	૧	૧	૧	૧	૫
વીમલનાથ	કંપીલપુર	૧	૧	૧	૧	૦	૪
અનંતનાથ	વીનીતા	૧	૧	૧	૧	૦	૪

ધર્મનાથ	રતનપુરી	૧	૧	૧	૧	૦	૪
શાંતીનાથ	હસ્તીનાપુર	૧	૧	૧	૧	૦	૪
કુંથુનાથ	,,	૧	૧	૧	૧	૦	૪
અરનાથ	,,	૧	૧	૧	૧	૦	૪
મલ્લીનાથ	મીથીલા	૧	૧	૧	૧	૦	૪
મુનીસુવ્રતસ્વામી	રાજગ્રહી	૧	૧	૧	૧	૦	૪
નમીનાથ	મીથીલા	૧	૧	૧	૧	૦	૪
નેમનાથ	સૌરીપુરી	૧	૧	૦	૦	૦	૨
,,	ગીરનાર	૦	૦	૧	૧	૧	૩
પાર્શ્વનાથ	વણારસી	૧	૧	૧	૧	૦	૪
વીરપ્રભુ	ક્ષત્રીકુંડ	૧	૧	૧	૦	૦	૩
,,	રજુવાલીકાનદી	૦	૦	૦	૧	૦	૧
,,	પાવાપુરી	૦	૦	૦	૦	૧	૧
પહેલા, બારમા, બાવીસમા અને ચોવીસમા શીવાય બાકી વીશ જીનના	સીખરજી ઉપર	૦	૦	૦	૦	૨૦	૨૦
		૨૪	૨૪	૨૪	૨૪	૨૪	૧૨૦

અગાઉથી ગ્રાહક થનાર ગ્રહસ્થોના નામ.

૧૦૧ ઝવેરી હકમચંદ રતનચંદ
૫૧ ,, મોહનલાલ ગોકળદાસ
૩૧ ,, મણીલાલ ચુનીલાલ
૨૫ ,, પુરશોતમદાસ ચીમનલાલ
૧૧ ,, અમૃતલાલ મોહનલાલ
૧૧ ,, મણીલાલ મકનદાસ
૧૧ શેઠ ભોગીલાલ લલુભાઇ
૧૧ શા મોહોલાલ વર્ધમાનદાસ
૧૧ શા સોમચંદ કેવળદાસ
૧૧ મોતીલાલ અચરતલાલ મોદી
૭ ઝવેરી લલુભાઇ સવચંદ
૫ ,, સવચંદ કેશરીસંઘ
૫ ,, દલપત સવચંદ
૫ ,, ભોળાભાઇ કેશવલાલ
૫ ,, ભોગીલાલ લાલજી
૫ ,, મુળચંદ આશારામ
૫ વાદી મોહનલાલ લલુભાઇ
૫ શા. છોટાલાલ ઘેલાભાઈ

૫ શા. નાનાલાલ લલુભાઇ
૫ શા. જમનાદાસ જેચંદ
૫ શેરદલાલ ડાહ્યાભાઈ કીશોરદાસ
૫ શેઠ ગોદડદાસ મુળચંદ
૫ શેઠ માણેકલાલ ચુનીલાલ
૪ પાછીઆ મણીલાલ પ્રેમચંદ
૪ નવાબ ભોગીલાલ ત્રીકમલાલ
૩ શેઠ હરીલાલ મુળચંદ
૨ ઝવેરી માણેકલાલ બાપાલાલ
૨ ,, મોહોલાલ ગોકળદાસ
૨ ,, ભોળાભાઇ છોટાલાલ
૨ ,, ભોળાભાઈ ચુનીલાલ
૨ ,, હીરાલાલ મગનલાલ
૨ શા. વાડીલાલ સાંકળચંદ
૨ ઝવેરી કેશવલાલ હીરાચંદ

રીદરોલ.

૧૧ શા. કાળીદાસ લાલચંદ
૧૧ શા. ગટાભાઇ હીરાચંદ
૧૧ શા. કચરાભાઇ વજેચંદ